અર્પણ પત્રિકા.

પ્રિય મિત્ર જેઠાલાલ વિ. ડાહ્યાભાઈ.

હરીગીત.

બહુ સ્નેહથી સાથે વસી એક શાળામાં આપણ ભણ્યા,
ન્હાની ઉમરથી આપણે મિત્રાઈ હક સાચા ગણ્યા;
હો સત્ય નિતીમાંજ નિર્મળ ખામી તો નહીં જરી,
સન્મિત્ર ખુશી થાઊં હું આ ગ્રંથ તો અર્પણ કરી. ૧.

મિત્રાઈ હકની ટેક આપ પાસ તો વિશેષ છે,
આ મિત્રનું શ્રેયાંસ સારૂ ઈછવામાં ટેક છે;
મિત્રાઈ હકથી બોલ કડવા ખામી ઉપર કહો વળી,
સન્મિત્ર ખુશી થાઊં હું આ ગ્રંથ તો અર્પણ કરી. ૨.

મિત્ર હિત ચાહી કિર્તી મારી વધારવા ઉલટ ધરો,
મુજ દુર્ગુણના દોષ તે તો ટાળવા કોશિષ કરો;
મિત્ર સ્નેહ ધરતા દુઃખ હરતા મન ઉલટ સાચી ખરી,
સન્મિત્ર ખુશી થાઊં હું આ ગ્રંથ તો અર્પણ કરી. ૩.

મિત્ર ભરૂંસો સ્થુળ આ શરીરનો નહીં જરી,
તે સ્નેહનું સંભારણું કરવાને આ હિમત ધરી;
મુજ મન ઉમંગ અધિક મિત્ર નામ તુજ ગ્રંથે ધરી,
સન્મિત્ર ખુશી થાઊં હું આ ગ્રંથ તો અર્પણ કરી. ૪.

લી॰ તમારો,

સ્નેહી ગ્રંથ કર્ત્તા.

પ્રસ્તાવના.

અહો સ્વદેશી બંધુઓ, આ તખ્તસિંહ પ્રભાવતી નાટક મેં મારી અલ્પમતિથી રચિ બહાર પાડયું છે. તેના ગદ્યપદ્યમાં જે કાંઈ ખામી નજરે આવે તે આપ સાહેબો સુધારીને વાંચશો એટલી વિજ્ઞપ્તિ છે, અને તેની સુચના મળ્યે બીજી આવૃતિમાં તે સુધારો આપના મોટા ઉપકાર સાથે અમલમાં લાવીશ.

શ્રી ઉજ્જેનીના મહારાજાધિરાજ તખ્તસિંહ તથા તેમની પ્રિયા પ્રભાવતીનો ચિતાર નાટક રૂપે દર્શાવેલ છે, તે મહારાજા કઈ સાલમાં થયા તેનો પૂરતો પતો મળ્યો નથી. પરંતુ ભાટ ચારણની મુખ પ્રસંશા સાંભળી મેં આ નાટક રચ્યું છે.

નાટક રચવાની મતલબ તેજ કે પ્રાચિન કાળમાં સ્ત્રીઓ કેવી હિંમતવાળી તેમજ શીયલવૃત જાણવાવાળી હતી, તેનો ચિતાર બતાવવાનેજ આ ગ્રંથ બહાર પાડયો છે.

પ્રાચીન કાળના ગાદીપતિ કેવા શૂરવિર હતા, ને સુનિતી સાધન મેળવી રાજ્ય ધર્મનો કેવો સજડ પાયો નાંખતા. તેમજ રૈયતને કેવી રીતે સત્ય ન્યાયથી ખુશીમાં રાખતા, તેનો સરવે હેવાલ આ ગ્રંથમાં દર્શાવેલ છે.

સતી પ્રભાવતીનું ચરિત્ર સ્ત્રીઓને ઉપદેશ કરવાવાળું છે, મતલબ કે પોતાના સ્વામી સંકટમાં હોય તો કેવી રીતે મદદ કરવી તેમજ પોતાના પતિથી કેવી રીતે વર્તવું તેનો સરવે હેવાલ હાસ્યરસ, કાવ્યરસ, કરૂણારસથી બતાવવામાં આવ્યો છે.

પતિ સેવા કરવી તે સ્ત્રીનો મુખ્ય ધર્મ છે, તો અવશ્ય આ ગ્રંથ સ્ત્રીઓએ પણ વાંચવો અગર સાંભળવો કે જેથી કરી શીયળવ્રત સાચવવું તે કેવું ઉત્તમ છે તે તેઓ વાંચ્યાથી વાકેફ થઈ ખરાબ રસ્તો છોડી શીયળવૃતનું સુનિતી સાધન કરશે.

મનુષ્યને શિક્ષા દેવા અર્થે મેં આ નાટક પસંદ કીધું છે. જોનાર સભાસદો ઉપર નાટકનાં ખેલ થોડા વખતમાં જેટલી અસર કરી શકેછે. તેટલી અસર વારતા કે કાવ્ય કરી શકતી નથી એવો મારો વિચાર હોવાને લીધે આ ગ્રંથ નાટ્ય રૂપ ચિતારથી બાહાર પાડયો છે.

આ નાટકનો સાર તેજ છે કે, સત્ય આખરે તરી આવેછે, કપટનું કેવી રીતે ચપટ થાયછે, દુષ્ટની આખિરે કેવી ખસબી થાયછે, નિંદાપથી ઉદેશનો કેવો સારો બદલો મળેછે, પ્રિતી તે કેવી ઉત્તમ ચીજ છે, શીયળ તે સ્ત્રીનું કેવું સુંદર ભુષણ છે, ધીરજનાં ફળ કેવાં મીઠાં છે, તે સિવાય બોધરૂપી અનેક પ્રસંગો આ નાટકમાં લીધા છે.

આ નાટકમાં મેં દુષ્ટને ધિક્કારેલ છે, સત્યની સદાય જય કહેલો છે, બીજી પણ નાટચ રચનામાં હાસ્યરસનો ચિતાર બતાવવાને હાંસી, ચર્ચા દર્શાવેલી છે તે કોઇ અમુક માણસ ઉપર કહેલું નથી, તેમ છતાં આ ગ્રંથને વાંચનાર માણસ પોતાના તેવાજ દુર્ગુણ હોવાને લીધે પોતે દુઃખાશે તો તેમાં કાંઇ મારો દોષ નથી. કહ્યું છેકે, (કોઇ કવિનું કહેલું)

દુર્ગુણની નિંદા કરે, જે દુરગુણી દુઃખાય,
સમજી લે તે નિજ શિરે, તેનો નહીં ઉપાય.

તો તેનો ઉપાય મારી પાસે નથી.

આ ગ્રંથ પ્રયોજનામાં પ્રેસથી દુર રહેવાથી તેમજ ખાનગી ખાનગી વખતમાં આ ગ્રંથ ઉપર લક્ષ દેવાથી અને અનેક કાર્ય પ્રબંધમાં હોવાથી પ્રૂફ ઉપર બરોબર ખ્યાલ પોંહોંચાડી સકયો નથી, તો આપ સુજ્ઞ વાંચકો સુધારી વાંચી મને ક્ષમા કરશો એવી ઉમેદ રાખુ છું;

આ નાટકનો ચિતાર સારી કોશિષથી લખેલ છે, તેથી સહુ ભાઇઓને વાંચતાં સવળ પડશે તેથી કરી અહીં વાર્તા રૂપે સંક્ષેપમાં તારણ આપ્યું નથી.

આ ગ્રંથ પ્રયોજનમાં મને [illegible] નાનો મદદ કાર્ય પ્રયોગે , તેમનો હું ઘણો ઉપકાર માનુંછું.

કવેટા,—તા ૨૩-૧-૧૮૯૪.

ગ્રંથ કર્તા
શાહ રણછોડ ગોવિંદજી,
અને પુરૂષોતમ ડાહ્યાભાઇ,
કવેટા—બલુચિસ્તાન.

મહારાજાધિરાજ

તખ્તસિંહ પ્રભાવતી નાટક.

સપ્તાંકી.

(સર્વ પાત્રો મળી) **મંગળાચરણ.**

રાગ કલ્યાણ.

શ્રી ઓ સુરીજન હાર જગ્તના આધાર,
તુજ કૃપાથી અમે તો ઉતરીએ ભવપાર,
તુજ કૃપાવિણ કામ એક તો કદિ સિદ્ધી નવ થાય,
સહાયતા એક તારી માગુ હે જગદીશ્વર રાય. શ્રી ૧
જંગમ થાવર સર્વે જાન વળી વાયુ ને આકાશ,
સ્થુળ શરીર પણ તેં નીપજાવ્યું ધન્ય તારો પ્રકાશ. શ્રી. ૨
નેકી ટેકી તારી સાચી તું છે જગદાતાર,
રંક રાય ને પામર પ્રાણી સહુને તુજ આધાર. શ્રી. ૩
અલ્પ મતિથી નાટક રચવું પુરો ધરીને પ્રેમ,
અથઇતિ તો થાશે જ્યારે હોશે તારી રહેમ. શ્રી. ૪
તખ્તસિંહનું નાટક આજે રંગભુમિ પર ઈશ,
ભજવવાને આશ્રય તારો માગું શ્રી જગદીશ. શ્રી. ૫

ગીતી.

નાશવંત આ દેહી ક્ષણભંગુર તે કીધી જગદાતા,
મતિ પુરણ તેં અરપી ધન્ય ધન્ય અવિનાશી જગત્રાતા.
પશુ પક્ષી ને પ્રાણી સરવે શક્તી તારી છે સાચી,
તુજ કૃપાની માંહે આ દુનિઆમાં રહ્યા છે સહુ રાચી.
કોઇ સંગારે રમતા કોઇ નરોતો કરૂણાના ભોગી,

કોઈ નીરંજન નામ જપતા અહો થઈ આપ જોગી.
કોઇ પુષ્પની સેજે તારી છાંયામાં તો વિશ્રામે,
હસિત વદની ત્રિયા સાથે બેશી આનંદ તો પામે.
કોઈ શાસ્ત્રનાં શોખી કોઇ નરો ગુલતાન છે ગાયનમાં,
કોઇ કૃપણ તો એવા દયા નથી મન લાગ્યું છે ધનમાં.
કોઈ નરોતો એવા તુજ નામની મનમાં છે લેહેરી,
ભજન કરતા ભાવે શુદ્ધ વસ્ત્રો અંગેતો પહેરી.
કોઇ જોગી સન્યાશી તજી જગતની આધિ ને વ્યાધી;
જંગલ વિશ્રામ કીધો સમાધિ ચેતન તારી સાધી.
એ રીતે જગત્રાતા રચના તારી છે ભારી ભારી,
લખતાં પાર ન પામું કલમ બીચારી ગઈ હીંમત હારી.

સુત્રધાર—(પ્રવેશ કરીને સભાજનો તરફ.)

અહો આર્ય બંધુઓ અમો આપની પાસે (શ્રી ખેડુ નિવાસિ રણછોડ કૃત) તખ્તસિંહ પ્રભાવતી નામનું એક સદગુણી નાટક ભજવી બતાવનાર છીએ જેમાં ભરતભુમિનું સત્યવક્તાપણું તથા સત્યનિતી માર્ગની તમોને પણ ખાત્રી થશે તો અત્રે આપ બિરાજેલા સુજ્ઞબંધુ સભાજનો, વિગેરે એક ચિતે શ્રવણ કરશો એટલી વિનંતી છે.

રાગ કલ્યાણ.

શ્રી જગતપિતુ વિશ્વના પતી,
આ નાટયભુમિ બાળકોને આપ સન્મતિ.
ઈશ્વર તારી અકળ આ કૃતિ કહેતા નાવે પાર,
માત શારદા નમન કરૂંછું દે વાણી ચિતાર, શ્રી. ૧
ગવરી સુત આનંદ તું કરજે ગુરૂઆ ગણપત દેવ,
સહાયથા આ સુત્રધારને કરીએ તારી સેવ. શ્રી. ૨
આર્ય બંધું વળી દેશી મિત્રને અર્જ કરૂં આ વાર,

મહેર કરીને મનમાં લેશે। સતી ચરિત્ર સાર. શ્રી ૩
દોષ ગુણ આ નાટક કેરો હમણાં નહીં પરખાય,
તનમનથી મહેનત કરીએ ઈશ્વર કરશે સહાય. શ્રી. ૪.

(પડદા તરફ નજર કરીને.)

સુત્રધાર—પ્યારી આજ આટલી વાર થવાનું શું કારણ.

નટી—(પ્રવેશ કરીને) પ્રાણનાથ આપના કહેવા મુજબ પાત્રજનોને તૈયાર કરતાં વાર લાગી તે માફ કરશો.

સુત્રધાર—પ્રિયા એક એવું ગાયન કર કે જેથી અત્રે બીરાજેલા સભાજનોનાં મન રંજન થઈ જાય.

૫૫૪૭

નટી—પ્રાણનાથ કયા વિષય વિશે ગાઉં

સુત્રધાર—પ્યારી તારી મરજીમાં આવે તે ગાયન કર.

નટી—બહુ સારૂં પ્રાણનાથ. (એમ કહી ગાયછે)

રાગ ગજલ.

રામા રત્ન ખાંણ રૂપ ગુણની ભરી,
પતિવૃત સદાય આપ પાળતી ખરી.
શું વખાણ સતી તણાં હું જીભથી કરૂં,
રામા રત્ન ટેક જોઈ દિલ મારૂં ઠર્યું.
જુઓ સીતા સુલોચના વળી કુંતા સતી,
દમયંતી નળની રાણી જુઓ કેવી હતી.
પતિને પ્રભુ સમાન જાણતી સદા,
દુષ્ટ કામ પગલું તે તો ભરતી નહીં કદા.
ઈશ્વર મારી અર્જ આજ શ્રવણ તો ધરો,
ભર્તભુમિ મધ્યે સુખ સંપ પરવારો.
નર નારીનો અજબ સ્નેહ સંપથી ગુંથાઓ,
કુડ કપટ ક્રોધ તેના દિલમાંથીરે જાઓ.

સુત્રધાર—વાહ પ્યારી તારૂં ગાયન જોતાં ખરે સહુ સભા જનો અત્યંત ખુશી છે.

નટી—પ્રાણનાથ મારા ગાયનથી જેમ સભાજનોને આનંદ વૃતિ થતી ગઈ તેમ તેમ આપ તો ઘણા વિચારમાં ઊતરતા ગયા તેનું શું કારણ?

સુત્રધાર—ખરૂં છે પ્રિયા સાંભળ.

ગીતી.

ગાયન સુણતા પ્યારી મન વિચારે ચડયું અહો ધન્ય,
જેમ તખ્તસિંહ નૃપનું સતી પ્રભાવતી પર લાગ્યું મન.

(જાયછે.)

અંક ૧ લો.

(પ્રવેશ ૧લો.) **સ્થળ**—ગટાશંકર બ્રાહ્મણનું ઘર.

પાત્ર જનો.

ગટાશંકર—બ્રાહ્મણ, **લક્ષ્મી**—તેની સ્ત્રી, **વિદુશક**—મશકરો.

લક્ષ્મી—સ્વામીનાથ આપણે હવે આપણી ચંચળ બાર વરસની થઈછે તો હવે તેનું સગપણ કરી વિવાહ કરવા જોઈએ કેમકે હવે કન્યાકાળ જાયછે માટે આપનો શું વિચાર છે?

ગટાશંકર—પ્યારી તારૂં કહેવું સાચુંછે કેમકે આજ કાલ ઘણાં લોકો કન્યાઓને મોટી કરેછે તેથી કન્યા વિક્રય કામ ઘણું જાગૃત થયુંછે. તે કાંઈ થોડું પાપ કહેવાય નહીં.

લક્ષ્મી—સ્વામીનાથ કન્યા મોટી કરવાનું કારણ શું હશે?

વીદુશક—(પ્રવેશ કરીને વચમાં.) લક્ષ્મી તેનું કારણ એ છે કે કન્યા કરે મોટી તો પૈસાની ભરાય કોઠી. બુઢા નરને દે પૈસા તોળી લે તેનું કારણ તેજ છે તેમાં ગટાશંકરને શું પુછે છે.

લક્ષ્મી—સ્વામીનાથ આ વિદુશક સાચું કહેછે?

ગટાશંકર—પ્યારી તે બરોબર કહેછે, આજ કાલ આપણા આર્ય ભાઈઓમાં તે ચાલ વધી ગયોછે ને જોડું પણ તેવુંજ જોડેછે કે "બીબી વર જોગ, તો વર કબર જોગ." જોને પેલા મોતીચંદની દીકરી મણીને પરણાવી તે કેવી સુંદર કન્યા, ને તેનો પુરૂપ જુઓ તો મુખમાં એક દાંત પણ નથી તે વિશે હું તને શું વાત કરૂં.

વીદુશક— (વચમાં) તે બિચારો હજી નાનો હશે તેથી દાંત ક્યાંથી આવ્યા હોય.

ગટાશંકર—અરે ગમાર તને કાંઈ ખબર નથી મુખમાં દાંત નહીં એટલે કે તે બુઢ્ઢો થયો હવે સમજ્યો.

વીદુશક—ખરેખર હવે સમજ્યો સોલ વેદ તો શાસ્ત્ર આધારે શીખ્યો હતો ને આ સતરમો વેદ તો તમારાથીજ શીખ્યો હવે હું તો પાકો પાવરધો વેદને વટલાવું તેવો થયો. પરંતુ તમારી ચંચળનું શું થયું.

ગટાશંકર—વિદુશક હું ને મારી પ્રાણપ્રિયા તેજ વિચારમાં બેઠા હતા તેવામાં તારૂં આવવું થયું.

વીદુશક—મહારાજ મારૂં કહ્યું કરો તેમાં શું વિચારોછો જેને હોય બેટી તેને પૈસાની ભરાય પેટી. તમારે તો હવે કશી વાતની કમી રહેશે નહીં.

ગટાશંકર—અરે મૂર્ખ એવું શું બકેછે હું મારો આર્ય ધર્મ છોડીને તે કામ કદિ કરવાનો નથી મતલબ કે તેના જેવું બીજા કોઈ કામમાં પાપ નથી તે તું યાદ રાખ.

વીદુશક—મહારાજ મને એવી શીખામણ આપો નહીં કેમકે જરા વેદનો સિધાંત જાણવાથી મને નહાવું પડેછે ને વળી તે યાદ રાખીશ તો પાછી એક માળા ફેરવવાનું કામ વધશે માટે મારે ગલે એવો બોજો નાંખો નહીં તમારી વાત સાંભળવામાં કાંઈ પણ સાર નથી. (એમ કહીને જાય છે.)

લક્ષ્મી—સ્વામીનાથ આપ હવે વૃદ્ધ થયાછો કમાવાની શકિત રહી નથી તેમ આપણા ઘરમાં દોલત પણ કાંઈ નથી તો હવે ચંચળના વિવાહનું ખર્ચ કેવી રીતે કાઢવું, (ઉદાસ થઈને) હશે ભગવાન કરશે તે ખરૂં.

ગટાશંકર—કેમ પ્યારી નિરાશ થાયછે તારો શું વિચાર છે બેશક બોલ.

લક્ષ્મી—સાંભળો પ્રાણનાથ-

લાવણી.

સાંભળોને સ્વામીનાથ અર્જ આ મારી,
મુજ મનનો જે વિચાર થયોછે ભારી.

થઈછે વરવાને યોગ્ય બેટી તમારી,
હવે કરવા જોઇએ લગ્ન ચિત વિચારી.
કોય આર્ય ધર્મમાં આરે પ્રણો તો શૂરો,
ખટશાસ્ત્ર ને વેદાંત જાણુ હોય પુરો.
જો મળે જોડનો સ્વામી સુખ તો પામે,
વળી આર્ય લોકની માંહી કીરતી જામે.
વળી બેટી દે આશીસ કામ એવું કરશો,
આ અબળાની એ અર્જ દિલમાં ધરશો.

ગટાશંકર—પ્યારી સાંભળ.-

કલ્યાણ.

શુણુ પ્યારી મારી તુજ વાતમેં ચિતેં ધરી,
આર્યધર્મ એહછે તું વાત જે વિસ્તરી.
જોડું ગમતું જો મળે તો દીકરી પામે સુખ,
આનંદથી દિન વર્તે એ તો કદિ ન પામે દુઃખ. શુણુ. ૧
માબાપનો ધર્મજ એછે પુત્રિ દે આશીશ,
સ્વામી તેનો શોધીએ એવો ઉમર વર્ષજ વીશ શુણુ. ૨
ઉંચે કુળે અનેક ગુણુ હોએ વિદ્યાવંત,
આર્ય જાતમાં અતી પ્રખ્યાતિ શોધશું એવો કંથ. શુણુ. ૩

લક્ષમી—પ્રાણુનાથ આપના આવા ઉતમ વિચારથી આ અબળાનો જીવ ઘણોજ ખુશી થયોછે કેમકે માતુને દીકરાથી પણુ દીકરી વિશેષ વહાલી હોયછે પરંતુ ખર્ચને વાસ્તે આપની પાસે તો જોગવાઈ કાંઈ નથી તેનું કેમ?

ગટાશંકર—પ્રિયા તે વિચાર તો મેં આગલથીજ કીધોછે તે એ કે આપણા મહારાજા તપ્તસિંહ ક્ષત્રિ પુત્ર ગૌબ્રાહ્મણ પ્રતીપાલ છે માટે ત્યાં આપણી ઉમેદ પાર પડશે તો હવે હું ત્યાં જાઊંછું (જાયછે.)

પાછો જલદીથી આવવાથી.

લક્ષમી—સ્વામીનાથ એકદમ જલદીથી પાછા આવ્યા તેનું શું કારણુ?

ગટાશંકર—પ્યારી મારો જજમાન હજુ કુંવારો છે, તો કુંવારાને જાચવું તે મને શાસ્ત્રનુંસાર લાગતું નથી તેથીજ હું સભામાં જઇને વગર બોલ્યે એકદમ પાછો ચાલ્યો આવ્યો તો ફિકર

નહીં. હવે બીજી રીતે કામ ચલાવી લેશું.

લક્ષ્મી—બહુ સારૂં પ્રાણનાથ જેવી આપની મરજી. ચાલો રસોઈ તૈયાર છે જમી લઈએ. (સરવે જાયછે.)

અંક ૧ લો.

(પ્રવેશ ૨ જો) **સ્થળ**—રાજ સભા.

પાત્ર જનો.

તખ્તસિંહ—ઉજેણીનો રાજા.
ગટાશંકર—તેનો ગોર.
નુરખાં—સિપાઈ.
વીદુશક—મશકરો.
સુબુદ્ધી—પ્રધાન.
ચોપદાર—છડી બોલનાર.
પૃથુદશોંદી—તખ્તસિંહનો રાજવંશી જાચક.

(તખ્તસિંહ મહારાજ સભામાં પ્રવેશ કરેછે તે વખતે.)

ચોપદાર—ગૌબ્રાહ્મણ પ્રતિપાલ સૂર્યવંશી પરમાર શીરછત્ર મુગટમણી ઉજેણી પતિ મહારાજા ધિરાજ તખ્તસિંહજીકી સ્વારી આતીહૈ ખડી તાજીમ નજર રખો મહેરબાન.

(સહુ બેઠા પછી.)

અદબસેં તફાવતસેં આપ અપને મુનાસબ દસ્તુરસેં બેઠીએં.

તખ્તસિંહ—પ્રધાનજી આપણો રાજગોર આતી એકદમ પાછા ચાલ્યા ગયા તેનું શું કારણ?

સુબુદ્ધિ—મહારાજા ધિરાજ તે વાતનો આપને બોલાવી તપાસ કરવો જોઇએ.

તખ્તસિંહ—વારૂ, સિપાઇને મોકલી આપણા ગોરને જલદીથી બોલાવો.

સુબુદ્ધિ—જેવી આજ્ઞા (સિપાઈ તરફ) નુરખાં ઇધર આઓ.

નુરખાં—(પ્રવેશ કરીને) હાજર જનાબ.

સુબુદ્ધિ—જો અપના ગોર ગટાશંકર હે ઉસકું જલદીસેં બોલા લાઓ.

નુરખાં—અછા જીનાબ મેં જાતા હું. (જાયછે.)

તખ્તસિંહ— ગજલ.

અરે પ્રધાન વાત સુણો મારી આ સમે,
વર્તો નિતી ન્યાયથી જે રૈયતને ગમે.

અમલદારો આપણા કરેછે કેવા કામ,
નિતી ન્યાય ફેંસલા શુણાવો એ તમામ.
અરે રાજાએ રૈયત સાથ કેમ વર્તવું,
શુણાવો બિના તમામ પ્રવિણ મુજ થવું.
વાદી પ્રતિવાદી કેરૂં દિલ નારાજ થયું,
સાચું માનજો એ મારૂં સત્ય તો ગયું.

સુબુધિ—

મહારાજ રૈયત આપની સદાય છે સુખી,
રંક રાય કે તવંગર કોઈ નથી દુઃખી.
સત્યથી ચાલેછે સહુ આર્ય ધર્મ તમામ,
અસત્યનું આ રાજમાં નથી રહ્યુંજ નામ.
અમલદારો અદલ ન્યાય આપે હેતથી,
સત્યે રાજ ચાલે આપના પ્રતાપથી.
રાજ્યનિતી રીતી આ તે રંક શું લહે,
આવશે ગોર આપણા પુછો તો તે કહે.

તખ્તસિંહ—(યાદ આવ્યાથી) (પ્રધાન પ્રત્યે.) પ્રધાનજી સંસ્કૃત શાળામાં બાળકોનો અભ્યાસ, કન્યાશાળામાં કન્યાઓનો અભ્યાસ તથા કાવ્યશાળા મધ્યે કવિનાં સુનિતીસાર ગ્રંથોનો ફેલાવો કેવી રીતે છે અને છે તો રૈયત તેનો પુરતો લાભ લઈ શકેછે કે નહીં?

સુબુધિ—(વિચારીને.) મહારાજેંદ્ર સંસ્કૃત શાળામાં બાળકોનો અભ્યાસ, કન્યાશાળામાં કન્યાઓનો અભ્યાસ ઘણીજ કેલવણીથી ચાલેછે તેમ કવિજનો પણ એવાં બોધરૂપી કાવ્ય રચેછે કે તેનું આપના આગળ શું વર્ણન કરૂં.

ઉપજાતિવૃત.

રાજેંદ્ર આપ તણી તો કૃપાથી,
કાવ્ય કવિથી! સુનિતીની થાતી.
વિદ્યા વધારી પ્રજા હિત સારૂં,
સત્યે શોભેછે ઊજેણીનું બારૂં.

મહારાજાધિરાજ રામચંદ્રજીના રાજમાં સુનિતી સાધનનું બોધરૂપી જળ વહેતું હતું તેની માફક આપના રાજમાં અત્રે પ્રજાહિતનાં અમૃતરૂપી ઝરણાં વહેછે.

તખ્તસિંહ—પ્રધાનજી સુર્યવંશી રામચંદ્રજીના રાજ્યની સુનિતી તો એક સતાંશ દરજ્જે પણ સરખાવી શકાય નહીં તેવો પર દુઃખ ભંજન રાજા આ ભુમિ ઉપર કોઈ થયો નથી તેમ થાવો પણ નથી અહો! જેહ સત્યનિતીનો સમુદ્ર શૂર પૂર ને ક્ષત્રી નિતીનો જાણનાર, રૈયતનો પાલણહાર, દિલનો દરેમી, સત્ય ઉપર સ્નેહ ધરાવનાર, સમદ્રષ્ટી, સ્વરૂપ, ગૌબ્રાહ્મણ પ્રતિપાલ એવો રાજા ક્યાં છે!

સુબુધિ—મહારાજાધિરાજ એમ કેમ કહેછો આપ પણ માતા પિતા પુત્ર સ્ત્રી મીત્ર કે શત્રુ તવંગર કે ગરીબ સરવે પર સમદ્રષ્ટી રાખીનેજ ન્યાય કરોછો તો કેમ નહીં કહેવાય.

તખ્તસિંહ—પ્રધાનજી તે ખરૂં પરંતુ આપણે તો રામાયણ ઉપરથીજ બોધ લઈનેજ શાસ્ત્રનુંસાર ન્યાય કરીએ છીએ પરંતુ ન્યાય વિરૂધ પણ ઘણાંજ કામો બની જાયછે તો રામચંદ્રની બરાબરી કરવી તે કાંઇ સહેજ નથી.

સુબુધી—મહારાજ તે તો ખરૂં પરંતુ ભુલ થઈ એમ આપને માલમ પડેછે ત્યારે આપ કેટલો પશ્ચાતાપ કરોછો.

તખ્તસીંહ—બેશક પ્રધાનજી પશ્ચાતાપ થવાથી ચુકાદાનો કેશ ફરીને ચલાવુંછું તો પણ મારા જીવને હજારો વાતનો સંશય રહેછે કેમકે:—

ગજલ.

રૈયતનો કદિ જો ન્યાય ઊલટો કરૂં,
ન્યાયથી વિરૂધ ચોર ઈશ્વરનો ઠરૂં,
રાજ્ય માત્ર ભોગ અર્થે આપ્યું તો નથી,
ઈશનો અપરાધી બનું ઊલટા ન્યાયથી.

સુબુધી—(વાત વધારવાને) મહારાજાધિરાજ આપનું કહેવું યોગ્ય છે પરંતુ રાજાનું મુખ્ય લક્ષણ તો સંગ્રામ સુરાતનમાં હોવું જોઈએ તેમ તર્કશક્તિની ચાતુરી અમારામાં હોવી જોઇએ ને સંગ્રામ ભુમિમાં આગેવાન થઈ ચાલવું તે આપનું કામછે, ને સમાધાની વખતે ન્યાય કરવો તે અમારૂં કામ છે.

તખ્તસીંહ—પ્રધાનજી તમારી વાત કેટલેક દરજ્જે ખરી છે પરંતુ રાજાના મુખ્ય લક્ષણ પ્રજાહિત સત્ય ન્યાય તેમ વિનયવું હોવું જોઇએ

તેમાં પ્રજાહિત કહેતા જે કોઈ વિકટ સંકટમાં પ્રજા સપડાએલી હોય ત્યાં સહાય કરવી, દુકાળ હોય તો રૈયતનું પોષણ કરવું ને રાજ્ય હક પણ ખરા અનુભવથી લેવો જેમ માળી બગીચાને ઉછેરી તેનાં પુષ્પો થોડે થોડે કરી ઘણાં મેળવે છે. ને તેના બીજ માળી તેજ ભુમિમાં ફરીથી વાવેછે તેની માફક રૈયતને રાજી રાખી થોડો થોડો વ્યાજબી કર લઈ ખજનો તર કરવો, ને તે ખજનો રૈયતનાં દુઃખમાંજ ખર્ચ કરવો માટે સત્ય સાધન તો રાજાઓનું તેજછે માટે તે સાધન મેળવવા રાજનાં અમલદારો પણ તેવાજ જોઈએ.

સુબુધ્ધી—બેશક આપનું કહેવું યોગ્યછે જેમકે એક મહા જોરાવર સિંહના પંજામાં સપડાઇને બચવું જેવું મુશ્કેલ છે તેવીજ રાજનિતીની લગામ ચલાવવી મુશ્કેલ છે.

તખ્તસિંહ—ખરૂંછે પ્રધાનજી જુઠી ને સાચી ક્રુર ને વહાલ બોલનાર કાળરૂપને દયાળરૂપ ધન લેવામાં ને દેવામાં ખર્ચ કરવામાં ને પૈસો મેળવવામાં રાજ્યનિતી વેશ્યા સ્ત્રીની માફક અનેક રૂપવંતી છે. તો અમલદારો પણ સત્ય ન્યાય તોલનાર જોઇએ.

(તેવામાં દશાંદી પ્રવેશ કરેછે.)

પૃથુ દસોંદ—ભલો માલવપતી ભલો.

કવિત.

ક્ષત્રિ નર સૂરપુર જુગમાંહી હે મશુર,
પરાક્રમનાં દશાંદી અપુર્વ ગુણ ગાતહે,
મિત્ર સાથે રાખો પ્રીત શત્રુ સાથે વેર રીત,
એવી ધર્મ ધજા ધારી રણ જુત જાતહે,
પ્રસિધ તો જુધ ખેલે કપટે ન પાય મેલો,
એવી ટેક ધારી જેથી કિર્તી તો વિખ્યાત હે,
શત્રુ જો સરણ આવે નિશ્ચે તેને તો બચાવે,
કહે દશાંદી ટેકથી ઊજન તો પ્રખ્યાત હે.

તખ્તસિંહ—પ્રધાનજી દશાંદીને કડાં, પાઘડીની ચીઠી લખી આપો.

(તે મુજબ પ્રધાન ચીઠી લખી આપેછે તે લઇને દશાંદી કહેછે.)

પૃથુ દશોંદી— **કવીત.**

રૈયતનું ચાહો હિત દિલમાંહી દાખો પ્રીત,
એવું રાજ ઉજનનું સુર્યસમ પ્રખ્યાત હે.

દુકાળ સમય માંહી રૈયતની બાહ્ય સાહી,
જગમાં જાહેર નામ તખ્તસિંહ વિખ્યાત હે.
ગરીબ તારણ જહાજ તખ્તસિંહ મહારાજ,
ક્ષત્રિ શૂરપૂર થકી કિર્તી પ્રખ્યાત હે.
તપો અવિચળ ગાદી આશીશ દેવે દશાંદી,
ચંદર સુર્ય જોતમાં કિર્તી જેની વિખ્યાત હે. (જાયછે.)

તખ્તસિંહ--પ્રધાનજી, શું દશાંદીની વાણી હું તો સાંભળતાંજ એકદમ ખુશી ગઈ ગયો (તેવામાં નેપથ્યમાં ગોર મહારાજકી વગેરે બોલો સાંભળવાથી.) પ્રધાનજી આપણા ગોર આવતા હોય તેવું લાગેછે. માટે તેમને સનમાનથી આશન આપો.

(તેવામાં ગોર ગટાશંકર પ્રવેશ કરી આશિરવાદ આપેછે.)

ગટાશંકર—

ભુજંગી છંદ.

તખ્તસિંહજી છો પરાક્રમિ પૂરા,
ખરે રાજનિતીમાં છોય શૂરા.
તમારૂં સદા રાજ કીર્તીથી જામો,
સિંહાંસન બેઠા સદા સુખ પામો.
હરાવી હરામી પ્રજા સુખિ કીધી,
જીવો જુગ ઝાઝા મળે રિદ્ધિ સિદ્ધિ.
ઉજેણીજ રાજા તમો છોય શૂરા,
જન્મથીજ આર્ય સુબોધેજ પૂરા.
નએ એજ ગાદી અબાદીજ રેવે,
ખરે નીજ વિપ્રજ આશિષ દેવે.

(એટલું કહ્યા બાદ આસને બેસેછે.)

તખ્તસિંહ—પ્રધાનજી આપણા ગોર મહારાજની જબાનથી કેવાં અમૃતરૂપી વચનો નીકળે છે.

સુબુધી--મહારાજ આપણા રાજ ગોરમાં શું કહેવાનું હોય.

વીદુશક--(પ્રવેશ કરીને) મહારાજ પ્રધાનજી સત્ય કહેછે બીખારીના છોકરા જનમથીજ બીખારી હોયછે મતલબકે આ કવિત બોલ્યા છે તે ફકત ભીખ માગવાનેજ અર્થે.

તખ્તસિંહ--મહારાજ જરા રાજધર્મનો હેવાલ કૃપા કરી સંભળાવશો.

ગટાશંકર—જેવી આજ્ઞા.

રાગ કલ્યાણ.

શુણો ક્ષત્રિ વીર તમે રાજનિતી આ સમે,
રાજ્ય ધર્મ કહુંછું હું તે સાંભળો હર્ષમે;
પોષણ કરવું પ્રજાનું તે દિલમાં ધારી પ્રીત,
પુત્ર બરાબર સમજી એને રાખો રૂડી રીત. શુણો. ૧
રૈયત જનની દાદ શુણીને સત્યજ કરવો ન્યાય,
કોઈ આવીને લાંચજ આપે લલચાવું નહીં ત્યાંય. સુણો. ૨
ક્રોધ કપટ તો દુરજ કરીએ લોભ અને અભિમાન,
એવા દુર્ગુણ છોડી કરીને મેળવીએ બહુ માન. સુણો. ૩
સત્ય થકી તો પુન્યજ કરવું દીનને દેવું દાન,
કોટ ઈનસાફ સારા કરવા જેથી રેવે માન. સુણો. ૪
તેજુરી તપાસી જોવી મેળ રાખીએ નીત્ય,
રૈયત દુઃખે ખરચજ કરવું એવી રાખી રીત. સુણો. ૫
પાણીની જે જગ્યાએ તંગી ત્યાં કરવાજ નવાણ,
પરમાર્થે પૈસો વાપરવો જીવનું થાય કલ્યાણ. સુણો. ૬
વિદ્યા હુન્નર વધારવાનું કરીએ ઉત્તેજન,
તખ્તપતિને સુકીત એ છે સુણો એ રાજન. સુણો. ૭

તખ્તસિંહ—પ્રધાનજી ગોર મહારાજની વાણી સુણી હું ઘણો ખુશી થયોછું રાજ ધર્મની નિતી રાજવંશીને યોગ્ય પડતીજ દર્શાવી છે માટે ગોર મહારાજને પહેરામણી કરો.

સુબુધ્ધિ—જેવી આજ્ઞા (તેવામાં વિદુશક પ્રવેશ કરેછે.)

વીદુશક—કાકા રાજગોર થયા એટલે નમસ્કાર પણ શું કરવા કરવા જોઈએ.

ગટાશંકર—અરે બેટા ગંગારામ તું અહીં હશે તેવી મને ખબર પણ હતી નહીં નમસ્કાર બા નમસ્કાર સુખી તો છો.

વીદુશક—કાકા હોઠ હાથ હૈડું છીએ સુખી છે પરંતુ મેં તો દાન દક્ષણા ને દાપુ ત્રણે અજારે લીધેલ છે તો હાજર રહું તેમાં શું નવાઈ પણ કાકા કોઠારથી સીધું હું લઈ જાઉંછું કેમકે તમને મહેનત આપવી તે ઠીક નહીં.

ગટાશંકર—બેટા, ફિકર નહીં હુંજ લઉં આશીશ તારૂં ને મારૂં ઘર ક્યાં નોખું છે તારો બાપ કાશીરામ તથા હું રોજ તળાવને કાંઠે બેઠા થતા ને સુખદુઃખની વાતો કરતા ત્યારે તો તું નાનો હતો ભા.

વીદુશક—કાકા તમે પણ મારા પિતાની આબરૂ સારી વધારી કે તે દુઃખી હાલતમાં હતા.

ગટાશંકર—દીકરા તેમાં શરમાઇએ નહીં, હોય વેળાવેળાની છાંય છે જાડે કપડે ને દુબળે માબાપે કાંઇ લાજ મેળું નથી.

વીદુશક—કાકા જનમ આપ્યો ને શરમ શાની હું તો શરમને વેચી બેઠોછું જુઓને રાજસભામાં કેવો બરાડુંછું જાણે પટેલનું પાડું રેંક્યું ને ઘરે તો જાણે બિલાડીએ ઊંદર ઘેર્યા. પરંતુ વેદને વટલાવી જાણોછો કે નહીં.

ગટાશંકર—બેટા તારે તો વેદનીએ મશકરી.

વીદુશક—કાકા નાનપણમાં ભુલેચુકે એક વેદ ભણી બેઠો તેથી નહાવું પડેછે ત્યારે ચાર વેદ ભણ્યો હોત તો કલેડામાંની શય્યાના પણ સોગન થાત.

ગટાશંકર—ભા એતો કળીનો પ્રભાવ છે, પરંતુ મહારાજાધિરાજ તખ્તસિંહના રાજમાં હજુ કળીનો પ્રભાવ નથી સહુ પોતપોતાના ધર્મ ઉપર બરોબર કાયમ છે.

તખ્તસિંહ—વિપ્રો તમારો વિચાર છોડો (ગટાશંકરને) મહારાજ આપની શું ઇચ્છા છે જેવી ઇચ્છા હોય તેવુંજ માગીસો.

ગટાશંકર—મહારાજા આપ હજુ કુંવારા છો તો હું કુંવારાની દાન દક્ષણા લેતો નથી તેથી કરી આપ માફ રાખશો.

તખ્તસિંહ—મહારાજ આપ દાન દક્ષણા લઇ જાઓ ને કોઇ રૂપગુણમાં ભરપુર હોય તેવી કન્યા મારા વાસ્તે શોધી લાવો જેવીકેઃ—

ઠુમરી ઢબ ત્રોટક.

પ્રિયા રૂપવંતીજ હોય અતી એવી નૃપ કુંવરી મળે તો વરસું.
આર્ય ધર્મને સતીની રીતી તેવી મળશે તો વિવાહ કરસું. પ્રિયા. ૧
જુગમાં હું છઊં નૃપ ચક્રવત તેવિજ કન્યા જો મળશે,

કુળે ગુણે રૂપ અનોપમ વિધાતંતથી મારૂં દીલ હરશે. પ્રિયા. ૨
પતિવ્રતા હોય પ્રેમી પુરી ઈશ્વર ભક્તિ આચરતી,
એવી ત્રિયા જો મળશે તો વરસું નહીંતો વરવાની ઉમેદ નથી. પ્રિયા. ૩

ગટાશંકર—(ઉભો થઈને) મહારાજાધિરાજ કલ્યાણ થાઓ. તેવીજ સ્ત્રી આપને વાસ્તે શોધવા જાઉંછું. (દક્ષણા લઈને જાય છે.)

તખ્તસિંહ—પ્રધાનજી કચેરીનો વખત થઈ ગયો છે માટે કચારી બરખાસ્ત કરો.

સુબુધિ— જેવી આજ્ઞા. (કચારી બરખાસ્ત થાય છે)

પેહેલો અંક સમાપ્ત.

અંક ૨ જો.

પ્રવેશ ૧લો.

સ્થળ-કંચનપુર નગરી.

પાત્ર જનો.

ગટાશંકર-તખ્તસિંહનો ગોર.
ચાંપો-માળી.
ગુલાબ-બ્રાહ્મણ.
એલમખાં, ફતેખાં, મહમદખાં, બાંડોફાડ — અંબાદેવીનાં મંદીર આગળના ચોકીદાર શીપાઈઓ.
વિદુશક-મશ્કરો.
પ્રભાવતી-કંચનપુરના રાજાની દીકરી.
ગુલેખા-તેની દાસી
અંબાજી-હિન્દુ દેવી.

ગટાશંકર—બગીચા પાસે પ્રવેશ કરીને (સ્વગત

રાગ કાફી ગજલ.

કયાં સુધી હું ગોતું કન્યા મીલતી નહીં,
સરવે મુલક જોઈ વળ્યો પણ મીલતી નહીં. કયાં ૧.
ઘર છોડીને કન્યા માટે નિકળ્યોછું હું,

સ્વદેશ હું તો છોડી કરી આવીયો અહીં. ક્યાં ૨.
દેશોદેશ મેં તો જોયા રે ફરી ફરી,
કન્યા રૂપ ગુણે ક્યાંહી મીલતી નહીં. ક્યાં ૩.
સત્ય ધર્મવંત છેજ રાય માહયરો,
તેવીજ કન્યા જો મળે તો સુખી હોય સહી. ક્યાં ૪
(તે ગાયન ચાંપો માળી તથા તેની સ્ત્રી સાંભળવાથી)

ચાંપો— અલી હાંભળાછ કે?

ગુલાબ—છું છે હસેદીયા કેતો ખરો

ચાંપો—રાંડ તું તો મને આશફી જોઈને પરણીહું અને વળી ગાળો દેહહું?

ગુલાબ—એંહ વળી આસક માસકને ગાળનો વરતારો હોય ખરો કે?

ચાંપો—બેહક મારી માસક તારૂં કેવું હાચું છે, તારો ભભકો જોઈનેજ રીસમની પુતળી તારે વસ થયોછું. મારી બાપુડી જોતો ખરી પેલો મનો રાજગોર હોય એમ બાહેછે માટે તેની પાહે જા કંઈ મળાહે ખરૂં. (માલણ જાય છે.)

ગુલાબ—

ગજલ ભેરવી.

વિપ્ર તમે વાત કહો મને ખરેખરી,
કેમ આવ્યા આ જગે શીરપાતોરે કરી.

ગટાશંકર—(સ્વગત) આ કોઈ માલણ છે માટે રાજદરબારમાં પણ જતી આવતી હશે તો કન્યાઓની પણ માલમ હશે માટે સાચું કહું. (પ્રકાશ.)

રાગ ઉપરનો.

આવ્યોછું હું કન્યા જોવા ફરતો આણે ઠામ,
રૂપે ગુણે મળતી નથી જોઈ કન્યા તમામ.

ગુલાબ—પ્રભાવંતી નામે છે રે રાય કુંવરી,
ગુણનો ભંડાર છે એ રૂપે મનોહરી.

કન્યા બતાવ મુજને હું પુરૂં તારી હામ.

એન મને તે કન્યા બતાવ હું તારી સઘળી ઉમેદ પાર પાડીશ.

ગુલાબ--તે કામ મારાથી બનશે નહીં. કારણ કે કુંવારા વ્રત પાળે છે. કોઈ પુરૂષનું મુખ જોતી નથી. તો તે કામ મારાથી કદી બનશે નહીં. માટે તમારામાં હીંમત હોય તો તપાસ કરો. (એમ કહી જાય છે.)

ગટાશંકર--(સ્વગત.) હવે કોઈ પણ હીકમતથી તે કન્યાને તો જોવી કે જેથી મારા જીવને પણ ખાત્રી થાય. (એમ વિચાર કરેછે તેવામાં)

વિદુશક--(પ્રવેશ કરીને) કાકા આમ લમણે હાથ દઈને તમણે વિચારે ઉતરા છો તેનું શું કારણ વખતે મારી કાકી યાદ આવ્યાં હશે?

ગટાશંકર--ભાઈ તારો હજી સુધી મશ્કરીનો રીવાજ ગયોજ નહીં મારા બુઢાની પણ મશ્કરી લાજ શરમ નથી આવતી શું?

વિદુશક--કાકા તે ખરૂં પણ શું કરૂં મને ટેવ પડી છે તો રીસ કરવી નહીં મારા બાલકડાના બોલ્યા સામું જોવું નહીં. લો હવે હોઠે કાંટા દઊંછું પરંતુ ઊંડા વિચારમાં ઉતરવાનું કારણ શું?

ગટાશંકર--બા તેતો તને માલમ પણ છે કે આપણા મહારાજાના હુકમ મુજબ રત્નકન્યાની ખોળે નીકળ્યોછું.

વિદુશક--કાકા હવે સમજ્યો પેલા રતનીયા લુહારની વહુ ભાગી ગઈ છે તો રાજાના હુકમ મુજબ તેની ખોળે આવ્યા હશો?

ગટાશંકર--અરે મુરખ તને હજી સુધી કાંઈ અકલ આવીજ નહીં. રતનીયાની વહુ તે કાંઈ રત્ન કન્યા કહેવાય નહીં.

વિદુશક--કાકા ત્યારે રતન કન્યા કેને કહેવાય?

ગટાશંકર--સાંભળ બેટા રત્નકન્યા તેને કહીએ, જેના ઉદરથી રામચંદ્ર, રોહીદાસ, કૃષ્ણજી ને ગોપીચંદ વિગેરે જે જે રત્નો ઉત્પન્ન થયા છે તેવી વીરમાતાઓના જેવી હોય તેનેજ રત્નકન્યા કહેવાય.

વીદુશક--કાકા હવે સમજ્યો લો હવે જાઊંછું કેમકે મારી અલીને મારા વગર ચેન નહીં પડતું હોય (જાય છે.)

ગટાશંકર—(સ્વગત) હવે તો એક ઉપાય છે જે આજે રવિવાર છે તો તે પણ અંબાજીના દેવળમાં પુજન કરવા જશે તો હું પણ કાંઈ પ્રયોગ કરી પુજા કરવા જાઉં પછી તો વર્તમાન બને તે ખરૂં. (એમ કહી જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ પ્રભાવતીનો રંગ મોહોલ.

પ્રભાવતી—દાસી, આજે રવિવાર છે તો અંબાદેવીની પુજન કરવા જવું છે માટે આપણી ગાડી તૈયાર કરાવ.

સુલેખા—બાઈ સાહેબ મેં આગળથીજ વિચાર કરી ગાડી તૈયાર કરાવી રાખી છે માટે આપ ચાલો તેટલીજ વાર છે.

પ્રભાવતી—જા તું પુજનની સામગ્રી તૈયાર કર તેટલામાં હું અસ્નાન કરીને આવુંછું. (બંને જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ અંબાદેવીનુ મંદીર તથા બગીચો.

ગટાશંકર—મહારાજ મને અંબાજીનાં દરશન કરવાં છે માટે દરવાજો ખોલો.

એલમખાં—અબન હીશ બખ્ત અંબાદેવીકા દરશન નહીં હોગા.

ગટાશંકર—મહારાજ હજુ તો સવારના દશ વાગ્યા છે રાત તો પડી નથી ને કેમ જવા દેતા નથી.

ફતેખાં—દેખો એલમખાં એગી એક અંજાન આદમી હે ઈસકું કુચ માલુમ નહીં હે.

ગટાશંકર—માહારાજ મને શું માલમ નથી?

મહમદખાં—અરે બમન ઈસ બખ્ત રાજાકી લડકી, દેવીકા દરશન કરનેકું આયગી.

ગટાશંકર—તેમાં શું હરકત છે હું તો ગુણ આણગુણું મહારાજ.

હુંડીફોડ—દેખો! સાલા કેસી બાત કરતા હે તેરેસે તો મેં ખુદા ખુદાકું કયું કે મેરેકું તો પુરા સો બરસ હો ગયે હે તોભી સબકી બારીક નજબ રાજાકી લડકી દરશનકું આતીહે તબ મેંભી ડેરેમેં છુપ જાતાહું.

ગટાશંકર—કેમ માહારાજ તમને તેની બીક લાગેછે શું.

હુંડીફોડ—(ગુસાથી) હેવાન તુંકુ હમ તેરેકું કુચ માલુમ નહીં હે વો કીસી આદમીકા મુહ દેખતી નહીં હે અગર વો કીસીકા મુખ દેખ લેવે તો ઉસી બખત સીરભી કટા જાવે. હમભી બડે બાપસે નોકરી કરતે હય.

ગટાશંકર—મહારાજ તે દરશન કરવા ક્યારે આવશે?

એસમખાં—જબ બારા બજનેકી તોપ પડેગી તબ આયગી.

ગટાશંકર—(સરવેને મીઠાઈ આપીને) હાય ધણી હજી તો દશ વાગ્યા છે માટે મને મેકુરખાની કરી જવાદો હું જલદીથી પાછો આવીસ.

હુંડીફોડ—(મીઠાઈ ખાતાખાતા સમજાથી) જાનેદોજી (ગટાશંકરને) જાઓ, જલદીસે દરશન કરકે વાપસ આના નહીં તો શીરભી કટા જાયગા.

ગટાશંકર—ભલા માહારાજ ઈશ્વર ખોદા તમારૂં ભલું કરે હું જલદીથી આવીશ. (જાય છે.)

એસમખાં—(તોપ પડવાથી તથા ગાડીનો અવાજ સાંભળવાથી) અરે જાફરખાં ઈધર આ ઈધર. તોપભી ગીરી અરે બાઈકી ગાડીભી આતીહે વો સાલા બમન અબતક આયા નહીં યા ખુદા અબ ક્યા ગજબ હોગા.

હુંડીફોડ—અરે ડરતે હો કાયકું સબ આપો ડેરેમેં ઘુસ જાઓ બમન સાલા આય. નહીંતો મારા જાયગા. ઈસમે આપતે કયા. (એમ કહીને સહુ પોતપોતાના મકાનમાં છુપી જાય છે.)

પ્રવેશ ૪થો.

સ્થળ—બગીચો.

ગુણાશંકર—(બગીચાને જોઈને ખુશીની સાથે ગાયન કરે છે.)

ત્રોટક.

શું સુંદર બાગની શોભા અતી,
જોઈ લીન થઈ અહીં મારી મતી.
જાઈ જુઈ ને શોભે ચંબેલી,
કેવી શોભે છે નાગરવેલી.
આ મોગરો માલતી મનગમતી,
ગુલાબ કળી તો શોભે અતી.
જેવો યોવન બાગ આ ખીલ્યો અતી,
તેવી રૂપે રંભા હમેજ સતી.

(તેવામાં ગાડીનો અવાજ સાંભળીને) અરે આતો આવી પહોંચી માટે હવે છુપી જવું જોઈએ નહીં તો મારી ખરાબી થશે.

(એમ વિચારીને એક ચંપાના છોડ નીચે સંતાઈને બેસે છે.)

(પ્રભાવતી તથા સુલેખા પ્રવેશ કરે છે.)

પ્રભાવતી—દાસી, મને આ બગીચાની અંદર કોઈ પુરૂષ હોય તેવું લાગે છે.

સુલેખા—બાઈ આપનું શરીર હવે યોવનમાં પ્રફુલિત થવાથી આપને એમ લાગે છે માટે મારા કહેવા મુજબ આપ કોઈ લાયક પુરૂષથી આ યોવનમા પ્રફુલિત થએલા બાગરૂપી અંગને શાન્તી આપો.

પ્રભાવતી—અરે દાસી મારા આગળ આવી જે વ્રતને લજ્જા ઉત્પન્ન કરનાર વાત તારે કદી કરવી નહીં! ચાલ હવે આપણે અંબા દેવીનું પુજન કરીએ.

સુલેખા— ચાલો બાઈ (એમ કરીને દેવળમાં જાય છે)

પ્રભાવતી }
સુલેખા } રાગ ઝીંઝોટી ઠુમરી.

(વિનતી ધરજો ધ્યાન સજન-જનો વિનતી ધરજો ધ્યાન.)

છો તમે પરમ કૃપાળ અંબે માતુ છો તમે પરમ કૃપાળ:
નારદ સારદ શંકર મુનીવર નમન કરે ત્રીકાળ. અંબે ૧
અમૃત દ્રષ્ટી અમપર કરશો છુટે જગત જંજાળ. અંબે ૨
પાપ પ્રલે થાય તમ દરશનથી, નામ જપે તતકાળ. અંબે ૩
સેવન તારૂં સદા હું માગું, સ્વર્ગ મ્રત્યુક પાતાળ. અંબે ૪
જે જન આવી તુજને આરાધે, તેની કરો પ્રતિપાળ. અંબે ૫
જેમ લોહાનું સોનું બનેછે, પારસ સ્પર્સ તતકાળ. અંબે ૬
તેની માફક તુમ દરશનથી, છુટે જગત જંજાળ. અંબે ૭
(જાય છે.)

ગદાશંકર—(સ્વગત.) અરે આતે શું મૃત્યુલોકની સ્ત્રી નહીં નહી? તેમ હોયજ નહીં ખરેખર ઈંદ્રની અપસરા આવી રૂપવંતી નારી કોઇ જગે જોઈ નથી. આ મૃગનયની કામવિલાસી ચંદ્રપ્રભા માહારાજાને શી રીતે મળે પરંતુ હવે દેશમાં જઈને ખબર આપું તેની હીમત હશે તો વરશે. (જાયછે.)

બીજો અંક સમાપ્ત.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—કનોજની રાજસભા.

તખ્તસિંહ—(આસને બેઠા પછી આપદાર નકી પુકારા બાદ) પ્રધાનજી આપણા ગોરને ગયાં ત્રણ વર્ષ થયાં પરંતુ હજી સુધી આવ્યા નહી તેનું શું કારણ હશે?

સુબુધિ—મહારાજાધિરાજ આપણા ગોર ઘણા ચતુર છે તો તે અનુપમ કન્યા શોધ્યા સિવાય કદિ આવશે નહીં.

(તેવામાં નેપથ્યમાં ચોપદાર ગોર માહારાજકી સલામ પે નિગાહ રખો મહેરબાન.)

તખ્તસિંહ—(સાંભળવાથી) પ્રધાનજી આપણા ગોર આવતા હોય તેમ લાગેછે.

(તેવામાં ગદાશંકર પ્રવેશ કરીને આશિરવાદ આપે છે.)

ગટાશંકર—

ત્રોટક.

નૃપ ક્ષત્રિ વીર તમે ભુપતિ,
જુગમાં જશ આપનો જામો અતી;
સદા ઉજ્જન ગાદી આબાદી રહે,
દ્વીજ આલીને આશિસ એવીજ દે,

(ત્યારબાદ આસને બેસેછે.)

તખ્તસિંહ—માહારાજ કયા કયા મુલક જોયા તે વાત પ્રથમ કરો.

ગટાશંકર—કૃપાસિંધુ દયાસાગર મેં ઘણા મુલકો જોયા ઈંદોરનું રાજ્ય, ભોપાલનું રાજ્ય, બ્રહ્માના મુલકમાં રંગુન, પેગુન, ખુરાસાનમાં કાબુલ, કંદહાર, ગીજની, હેરાત, દક્ષિણમાં મુંબઇ, હૈદ્રાબાદ, પુના, સતારા, સોલાપુર, પંજાબમાં લાહોર, અમ્રતસર, સીંધમાં ખૈરપુર, શીકારપુર, હૈદ્રાબાદ, કરાચી, ગુજરાતમાં સુરત, ભરૂચ, અમદાવાદ, વડોદરા વિગેરે વિગેરે મુલક જોતો જોતો ત્રણ વર્ષની મુદતમાં એક મોટા દયાવાન મુલકમાં ચડી ગયો ત્યાં મેં આપને લાયક એક કન્યા જોઈછે તેનાં રૂપ ગુણ તેમજ ચાતુરીની હું શું ઉપમા આપું સાંભળો જરા સારાંશ કહુંછું.

લાવણી.

(હવું શું જન્મ વૃથા મારો.) એ રાગ.

રામાનું રૂપ અતિ ભારી, એવાર.
મન મારૂં તો મોહજ પામ્યું દીઠી જબ નારી.
સિંદુરની આડ શોભા કરતી, (૨)
હંસથી આવી નામ અંબેનું મુખે આચરતી. રામા ૧
કંઠ સુણી કોયલ થઈ કાળી, (૨)
ચતુરા ચાલ હંસ સરીખી નજરે મેં ભાળી.
નથી એવી નારી ભુતળમાં, (૨)
પુરણ પુનમ ચંદ મુખડું બીજો ચંદરમાં. રામા ૨
રસનાએ કરૂં શું હું ચિતાર, (૨)

નારી નથી એવી મૃત્યુલોકમાં ઇંદ્રાણી અવતાર.
રામાનાં નેણ અણીઆળાં શોભે, (૨)
જાંગ કદલી સ્થંભ જોઇને આશક મન લોભે. રામા ૩
નીજ દંત દાડમની કલીયાં, (૨)
દીદા હોઠ પરવાળા લાલ તો અંગુળી ગુગફળીયાં.
કહું શું વૃત વિધી તેની, (૨)
રીઝે આંબે નામ રટણથી આસ્તા છે એની. રામા ૪
પ્રથમ પુત્ર અંબાની કરતી, (૨)
ભાઈ બાપ વિણ મુખ બીજાનું નજરે નહીં ધરતી.
વનીતા રૂપ ગુણ ભારી, (૨)
તીન લોકની અંદર એવી નહીં બીજી નારી. રામા ૫

ગીતી.

યોવનમાં રંગીલી ઇંદ્ર અપ્સરા માફીક તે સારી,
કોટી યજ્ઞો કીધા તેને વરસે તે સુંદર નારી.
ગામ ઠામ ને નામ કવિતામાં મેં આપ્યું છે આંહી,
ચતુરાઈથી સમજો ખુલ્લું છે તે ભેદ કાંઈ નાંહીં.

મહારાજ તે દેવકન્યાના રૂપનું હું શું વર્ણન કરૂં, એથી અધિક રૂપવંતી પ્રેમદા આ ભારતભુમિપર બીજી કોઈ નથી.

તખ્તસિંહ—* મહારાજ તમારા મુખરસના બ્યાનથી હું એકદમ કામાતુર થઈ ગયોછું જેવી તમે ચાલ ચતુરાઈ વર્ણવી તેવીજ તે કન્યા રૂપવંતી હશેજ તેમાં કાંઈ શક નહી. તો એ કન્યાથી હું જ્યાં સુધી પાણી ગ્રહણ નહીં કરૂં ત્યાં સુધી મારા છાતરને પણ ધિક્કાર છે. આ સંસારમાં જે રત્નરૂપ સ્ત્રી પાત્ર જગદીશ્વરે ઉત્પન્ન કીધાં છે તે પુરૂષોનેજ વાસ્તે માટે તે મનોહર બાગનાં પુષ્પોની સુવાસ ભમરરૂપી ભોગી સિવાય બીજા કોણ જાણશે. (વિદુષક સાંભળવાથી)

વીદુશક—(પ્રવેશ કરીને) મહારાજ બધી વાત સમજ્યો પરંતુ મનોહર

બાગ તે શું ને ભોગી ભમરો તે શું તેતો કાંઈ સમજાવો.

તખ્તસિંહ—હેવાન તને કાંઈ માલમ નથી. સાંભળ સ્ત્રી ચાર પ્રકારની છે પદમણી, હસ્તની, ચિત્રની ને સંખણી. તેમાં સહુથી ઉત્તમ જે સાચી ટેકથી સ્વામીની સેવા કરે ને સ્વામી ને સુખેસુખી દુઃખેદુઃખી રેહે તેને પદમણી સમજવી.

વીદુશક—વાહવાહ પરણ્યા પેહેલાં તો પાવરધા બની ગયા પણ તેની કેમ માલુમ પડે કે આ પદમણી છે ને તેની કાંઈ પિછાણ હશે ખરી.

તખ્તસિંહ—હા સાંભળ,-

ગીતી.

પાનનો જાણું હું તો પદમણીને ઘણો રહે પ્યાર
હસ્તની નારીને તો સદા પ્યારો લાગે છે હાર
ચંતની તેને જાણું જે ચતુરાની ચંચળ ચાલ
સંખણી ત્રીયા તે તો જેને ટંટા ઉપર વહાલ

વિદુશક—હાં હાં મહારાજ હવે બંધ કરો આપની વાતથી મારે હૈએ આવ્યું છે.

તખ્તસિંહ—શું તારે હૈએ પથરો આવ્યો છે.

વિદુશક—નહીં નહીં તમારાજ કાગનું જે પદમણી વાસ્તે તમે આટલી મેહેનત કરી ધારોછો તે છોડો. કેમકે આપણા શેહેરમાં પદમણીઓ ઘણી છે.

તખ્તસિંહ—તેં આપણા શેહેરમાં ક્યાં પદમણી જોઈ?

વિદુશક—ક્યાં ક્યાં શું કરોછો વલી મોતીબાગની ગલીમાં.

તખ્તસિંહ—દેવાન ત્યાંતો વેશ્યા જેને કંજરી પણ કહેછે તે રહેછે.

વિદુશક—હા હા તેજ તમને પણ માલમ તો છે.

તખ્તસિંહ—વિદુષક તે કાંઈ પદમણી કહેવાય નહીં કેમકે તે કાંઈ પોતાનાં દિલની રૂચીથી પાન ખાતી નથી. પરંતુ લુચ્ચા લફંગા ને ફસાવી મોહજાળમાં નાંખી પૈસો હરવાને વાસ્તેજ તેનો મતલબ છે માટે તેવી રીતે પાન ખાય તે કાંઈ પદમણી ન કહેવાય.

વિદુશક—મહારાજ હવે સમજ્યો ખરો વેદાંતમાં તો પુરેપુરું કેમકે કથાઓમાં તો ઘણુંજ દિવસ હોટો કાઢેલી છે ને હવે આપની સોબતથી સ્ત્રી વિષયમાં પણ પ્રવિણ થઈશ માટે બીજું કાંઇ લક્ષણું હોય તો કહો.

તખ્તસિંહ—સાંભળ

ગજલ.

પદમણીને વામ કેશ ખુબ શોભતા
તેથી અડધા હસ્તનીને શીર ઓપતા
પા વામ કેશ ચિત્રણીને શીર સોહીએ.
સંખણીને ભુત કેમ ફરતા જોઈએ.

વિદુશક—વાહવાહ હું તો ઘણો ભાગ્યશાળી કેમકે જેવી છેલી કહી તેવી તો મારે ઘેર છે. ને ચાલ પણ ચતુરાની શું વરણવું જ્યારે ચાલે છે ત્યારે એટલી તો ધુળ ઉડેછે કે જાણે હોળીનો ગલાલ.

તખ્તસિંહ—અરે મુર્ખ તે તો સંખણી સમજવી.

વિદુશક—ત્યારે વળી કાંઈ બીજું હશે.

તખ્તસિંહ—હા સાંભળ.

ગજલ.

પાશેર આહાર પદમની અધશેર હસ્તની
પોણો શેરે જમતી સુણી મેં તો ચિત્રની
કોઈ વાતમાં તૃપત નહીં કુલટા કામની
સવા ગળાગળ જમતી સુણી સંખણી ભાગની

વિદુશક—ખરેખર આપનું કહેવું યોગ્ય છે. મારે ઘેર પણ થોડું જમવાવાળી સ્ત્રી છે.

તખ્તસિંહ—તે કેવી રીતે

વિદુશક—સાંભળો (ગાયછે.)

પાવશેરના પાંચ બનાવે પાંચ શેરનો એક,
એક આરોગે આપે બેઠી સાત કોળીએ છેક,
શું કહું નારીનો વિવેક બોલતાં લજ્જા આવે છેક.

તખ્તસિંહ—વિદુશક તેતો તારા કહેવા મુજબ સાત કોળીએ એક રોટલો ખાય પરંતુ પાસેરના પાંચનું કેમ?

વિદુશક—તેતો હું તથા મારા બે છોકરા જે અભલો અને નભલો ત્રણે જણ મળીને ખાઈએ તે. પરંતુ રાંડ તો કહેછે કે અઘોરી ધરાતાજ નથી.

તખ્તસિંહ—ત્યારે તો તારો અવતાર એળેજ ગયો કેમકે એવી સ્ત્રી તને મળી.

વિદુશક—મહારાજ થોડો બળ્યો ને મોટો દર્યો પણ ખરે મારૂં ઘર પણ તેનાથીજ શોભે છે. પરંતુ ભેંસ ભાગોળે ને છાશ છાગોળે તેની માફક હજુ પરણ્યા તો નથી, ને ખાલી સ્ત્રીમાં લુબ્ધ થયાછો તેમાં શું વળ્યું

(તેવામાં ચોપદાર નેપથ્યમાં પૃથુ દશોંદીકી રલામપે નીગાહ રખો મેહેરબાન.)

પૃથુ દશોંદી—(પ્રવેશ કરીને) ભલો માલવપતી મહારાજ ભલો પૃથ્વીમાં પરમારથ તખ્ત સદાએ કાયમ રહો.

***કવિત.**

ઉજન નગરી ભુપ અધીક છે કિર્તી તારી,
સુર્ય પ્રયોદય તખ્ત ધર્મની ધજા તેં ધારી.
ક્ષત્રિ વંશમાં શુર તુજ જેવો નહીં બીજો,
સંપદામાં કુબેર દાને તો કર્ણજ દુજો.
કર્ણ દુજો દાને હુઓ તખ્તસિંહ ગાદી પતી,
દીર્ઘ આયુષ્ય માન પામો ઉજેની છત્ર પતી.

વિદુશક—વાહ વાહ, દશોંદીની જીભ્યાએ તો સાડસતી ફડફડતીજ બેઠીછે.

ગટાશંકર—મુરખ એમ કહે કે સરસ્વતી વસી છે જુઠું ભાપણુ નહીં કર.

વિદુશક—મહારાજ વિચારી જુઓ જુઠું ભાપણ નથી કરતો સાડસતી એદા સિવાય કોઈ માગે પણુ માહારાજ તમે ગમે તેવા મોટા તો શું થયું આખરતો માગણુ ખરા કેની તેથી મારૂં બોલવું

* આ કવિત મેં ચારણુ જયદેવ પાસે તખ્તસિંહની વાતમાં સાંભળ્યું હતું તે દાખલ કીધું છે.

તમે પણ સાચું માનશો નહી.

તખ્તસિંહ—વિદુષક તારૂં ભાપણુ બંધકર (પ્રધાન પ્રત્યે) પ્રધાનજી આપણા ગોર મહારાજ તથા દશોંદીને શીરપાવ આપી ખુશી કરો.

(સુબુધિ પ્રધાન ચીઠી લખી આપે છે તે લઇને ગોર તથા દશોંદી આશિરવાદ આપેછે)

ગટાશંકર } **પુથુ દશોંદી** } ભલો માલવપતિ ભલો, દયાનો દાતાર પ્રજાનો હિતકાર હમેશાં સલામત રહો.

તખ્તસિંહ—(પ્રધાન પ્રત્યે) હવે રાજનો બંદોબસ્ત તમને સોપુંછું તો રાજકાજ સારી રીતે ચલાવજો. અને રૈયત સાથે સંપ સલાહથી નિતી સાથે વર્તવું કોઇ વાતથી રૈયતને દુઃખી કરવી નહીં જેવી રીતે નિતી ન્યાયથી આ રાજની આબાદી ચાલી રહી છે તેથી સવાઇ કરશો હું હવે કાલે અહીંથી કુચ કરીશ.

સુબુધિ—મહારાજ આપ નિશ્ચિંત રહો, તે શુભ કામની જય મેળવી જલદી દરશન દેસો.

તખ્તસિંહ—(પ્રતાપસિંહ સેનાધિપતીને) સેનાધિપતી તમારે લશ્કરનો બંદોબસ્ત સારી રીતે રાખવો જેને જે આ કલંક રહિત ગાદીને કોઈ વાતનું કલંક ન લાગે માટે તે વાતથી તમારે તન મન ને ધનથી સાવચેત રહેવું.

પ્રતાપસિંહ—મહારાજ આપનું ક્ષત્રિવટપણું તથા સત્ય, નેકીટેકી નાં પરિબળ આગળ કોની હિમત ચાલે કે એક કદમ પણ ચાલી શકે માટે તે વાતથી નિશ્ચિંત રહેવું ને શુભ કામ કરી આપ જલદીથી આવશો. (સરવે જાયછે.)

બીજો અંક સમાપ્ત.

અંક ૪થો.

પ્રવેશ ૧લો.

સ્થળ—કંચનપુર શેહેર.

પાત્ર જનો.

રામસિંહ-કંચનપુરનો રાજા.
વિજયતી-તેની સ્ત્રી.
પ્રભાવતી-તેની દીકરી
સુલેખા-તેની દાસી.
ચોપદાર-છડી બોલનાર.
તખ્તસિંહ-ઉજ્જેણીનો રાજા.
મીયાં હુસેન-જનાનાનો દરવાન.
ચાંપો-માળી.
ગુલાબ-તેની સ્ત્રી.
અંબાજી-હિન્દુ દેવી.

એલમખાં
દુતેખાં
મહમદખાં
હાફીજ
} અંબાદેવીના મંદીરના ચોકીદાર સીપાઈઓ.

વિદુશક-મશ્કરો.

તખ્તસિંહ—(શેહેરનો દેખાવ જોઇને સ્વગત) અહીં તો હું આવી પહોંચ્યો, ઘોડો પણ થાકી ગયોછે મને પણ શ્રમ ઘણો પડયો છે. માટે હવે આ બાગની અંદર જઈને જરા આરામ કરૂં.

(તેમ વિચારી બાગમાં જાયછે, ત્યારે માલણ પુછેછે.)

ગુલાબ-કેમ ભાઈ આપ કયાં રહોછો ને આપનું નામ શું?

તખ્તસિંહ-હું નાતી ક્ષત્રિ છું મારા નામથી તારે શું મતલબ છે.

ગુલાબ-મારી મતલબ એજ છે કે એક બ્રાહ્મણ અહીં આવ્યો હતો તેના કહેલાં શરીરનાં ચિન્હ ઉપરથી મને માલમ પડેછે કે તે તમેજ છો.

તખ્તસિંહ—(વિચારીને)

ઇંદરસભામાં ગવાતી ગજલનો રાગ.

ઉજ્જન તખ્ત માહરૂં વળી તખ્તસિંહ મુજ નામ,
*બ્રાહ્મણ વચન બાણથી હું આવ્યો આણે ઠામ.
*કામ પીડેછે મુજને સુણી પ્રભાવતી પ્રિય નામ,
મેળાવા વિણ મુજને જરા નહીં આરામ.

*બ્રાહ્મણના કહેવાથી. *જ્યારે પુરૂષને કામ ઉત્પન્ન થાય છે ત્યારે કોઈ વાતની સુજ પડતી નથી.

તારા દેખાવ ઉપરથી માલમ પડે છે કે તું માલણ છો તો ગમે તેમ કરી મને મેળાપ કરાવી આપ જેથી મારૂં દિલ જરા શાન્તી પામે.

ગુલાબ—ભાઈ એતો એક ઈંદ્રની અપ્સરા કુંવારા વૃત પાળવાવાળી તેનું મુખ જોવું તે પણ ઘણું મુસ્કેલ છે તો મેળાપ તે ક્યાંથી મતલબ કે તે પરણ્યાની ઉમેદ બીલકુલ રાખતીજ નથી.

તખ્તસિંહ—અહો દીનદયાલ તેં મોટી ભુલથીજ તે રત્નરૂપ ત્રિયા ઉત્પન કીધી. જ્યારે તેને પુરૂષની ઈચ્છા નથી, ત્યારે તેનું આ દુનિયામાં શું કામ હતું, ખરેખર ઈશ્વર તારી ભુલ છે. (મનને ઉપદેશ) મન તું હવે તેની મોહજાળ છોડ કેમકે તું ખાલી સોચ કરીશ તેજ વળશે. બાકી મેળાપ તો ક્યાં પણ મુખ જોવું તે પણ મુસ્કેલ છે. (વિચાર કરેછે.)

ગુલાબ—ભાઈ એક ઉપાય છે કે તમો બ્રાહ્મણના વેસથી તે બગીચામાં અંબાજીનાં દરશનને બહાને જાઓ તો મેળાપ તો નહીં પણ મુખ તો જુઓ ખરા, પરંતુ સાવચેતીથી રહેજો. અગર જો તમો તેની નજરે પડ્યા તો આ માથું તથા ધડ જુદાં સમજજો માટે કામ હોય તો કામ કરજો. (જાય છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—રસ્તો.

તખ્તસિંહ—(સ્વગત) અહો ઈશ્વર મારી ઉમેદ પુરી પાડ. નહીં તો આ સંસારમાંથી તારી પાસે જલદી બોલાવી લે. તે રસિકા વિના મુને ચેન પડતું નથી. (વિચારીને) અરે હું ડર કેમ રાખું છું ડર રાખવાથી કાંઈ કામ બનતુંજ નથી માટે હિમત પકડવી. (મનને ઉપદેશ) હિમતથી રામચંદ્ર ધનુષ્ય ઉઠાવી સીતાજીને વર્યા, હિમતથી રાવણ સીતાને હરી ગયો, હિમતથીજ કૃષ્ણજીએ ગોપીઓને વશ કીધી. માટે હિમતથીજ સરવે સિધ્ધ થાય છે તો આ શરીર જાય તો પણ શું થયું. (યાદ આવ્યાથી) વળી એક કવિએ કહ્યુંછે કે,—

ગીતી.

શુરાતન આવેથી ક્ષત્રિ હશે તે રણમાં નહીં ડરશે,
*ભોગી ભોગને અર્થે મુરતક વાહાલું કદી નહીં કરશે.

(તેવામાં વીદુષક પ્રવેશ કરીને)

વિદુશક—માહારાજ લમણે હાથ દઈને તમણે વિચારે કેમ ચડ્યાછો જેવું હોય તેવું કેજો.

તખ્તસિંહ—વિદુશક મને તે ક્ષત્રિયાનો મેળાપ શી રીતે થાય જેનું રૂપ અલોકીક છે. વિશેષે તે મનહરણી ત્રિયાં મને ઈશ્વર ક્યારે મેળાવશે કેમકે મને સરવે ઉતમ ચીજથી પણ વધારે પ્રીય છે. સાંભળ,

ગીતી.

સરવેમાં છે ઉત્તમ મ્રગનેણીનું શશી સમ મુખ,
વાતો સુણી વિનોદી જેથી મનરંજન થાય સુખ.
જાઈજુઈનાં ફુલ સુગંધ ઉત્તગ આપેછે સારી,
તેથી ઉત્તમ કહીએ શ્વાસ મ્રગનેણી મુખનો ભારી.
સાંભળવામાં ઉત્તમ પરમપ્રિય પ્રભુ ભક્તિ જાણો,
તેથી ઉતમ કહીએ મ્રગનેણીનાં વચન શુભ બાણો.
સ્વાદીષ્ટ જે કહીએ આ કાયાને અન અને પાણી,
તેથી ઉતમતાતો મ્રગનેણીનાં સંજોગે જાણી.
શશી સુકોમળતા તો જગકર્તાએ સરજી છે સારી,
તેથી સુકોમાલતા મ્રગનેણીના અંગ તણી ન્યારી.
આ જગત આકૃતિ રચ્યા ઈશ્વરે સુર્ય ચંદ્ર તારા,
તેથી ઉજવળતાએ હું તો જાણું મ્રગનયની દારા.

વિદુશક મ્રગનેણીનું હસવું જાણે મોગરા માલતીનાં પુષ્પો ખીલ્યાં છે. તે વાતનો વિનોદ જાણે જીભ્યા એ સરસ્વતી. મારી જીભ્યાથી હું શું વર્ણવું જેટલી ઉપમા આપું તેટલી મધુમુખી ત્રિયાને થોડીજ છે.

*માણસો જેવા કામનો પ્રસંગ ધારેછે તેવાજ વિચારો તેને ઉત્પન થાય છે.

વિદુશક—મહારાજ આવા કામના પ્રવેશમાં અંધા તમનેજ દેખું છું કેમકે હજુ પરણ્યા તો નથી ને કન્યા પણ જોઇ નથી તો મરતની વાતમાંજ આટલા અંધા કોણે કર્યા.

તખ્તસિંહ—વિદુશક મધુમુખી સ્ત્રીની વાત વિનોદ તથા રૂપરંગનું ભાષણ સુણી કોણ મોહીત નથી થયું, તેમ ચંચલ ચતુરા કોને વશ નથી કરતી. સાંભળ,-

ગીતી.

કોને વશ નથી કરતી મૃગનેણી જે છે તે મનહરતી;
શંકર તપસા હારી, કૃષ્ણ રિઝાયા રાધિકા રૂપ થકી.
ઇંદ્ર અહલ્યા દેખી, મગન થયો જે સંગે મહાલું;
સીતા સ્વરૂપ દેખી, રામચંદ્રજીએ ધનુષ્ય હાથ ઝાલ્યું.
જોગી સંત સન્યાસી, તપસા કરતા દીઠા બહુ ભારી;
મૃગનેણીને દેખી, જપતપ કરવો વિસર્યા તે હારી.

વિદુશક મને તો આ સંસારમાં સ્ત્રી વિણ અંધકાર માલમ પડે છે. માટે જેને મૃગનેણી, કમલનયની, ચંદ્રમુખી, એવી અધિક રૂપવંતી તેમજ હેતવાળી સ્ત્રી હોય, તેને તો કદી અળગું પણ થવું ન જોઈએ.

વિદુશક—ત્યારે તમારા કહેવા મુજબ હું પણ મારી સ્ત્રી સાથે વર્તીસ, પરંતુ તમને વગર જોએ આટલો મોહ લાગ્યો છે તેનું શું કારણ હશે?

તખ્તસિંહ--સાંભળ,-

ગજલ.

(જા સખી તું વેગે વેલી એ રાગ.)

નથી નિર્ખી ત્યાં સુધી જોવા ઉમેદ ધરૂં,
દિલ શાન્તી નિરખાથી થાશે મારૂં.
રામબાણનો પ્રકાશ નિરખાથી થશે,
આલિંગનની આશ ત્યારે મનમાં આવશે.

વિદુશક ઈશ્વરે પુરૂષને અર્થે કેવી કેવી સ્વરૂપ ગુણ, ભંડાર

ભામનિઓ પેદા કીધી છે. માટે જે નરને તેવી સ્ત્રી નહીં તેનું જીવતર પણ મીથ્યાજ સમજવું.

વિદુશક—અરે એમ કેમ મારે તો ચંદ્ર સુરજને લજાવે તેવી સ્ત્રી છે, ને વળી તેને મારા જેવો સ્ત્રો પરમેશ્વરે કેવું જોડું ગુંથ્યું છે?

તખ્તસિંહ—ત્યારે તું પણ પુરો ભાગ્યવાન ગણાય.

વિદુશક—કેમ નહીં સાંભળો, (ગ.ચ.રે.)

હાંરે મારે નારી છે મારે નારી છે તોલમાં દસ મણ ભારી છે.
ઊંટ સરખી ચાલ ચાલતી મરતી બારે કરતી,
પગ ઝાલીને મને પછાડે નહીં મારાથી ડરતી. મારે. ૧
પાટુનો પ્રહાર મુજપર થુંક નાખતી ચાલે,
એ ઘડી જો બહાર રહું તો બીજાનું ઘર ઘાલે. મારે. ૨
રાંડ મુને તમાચો મારે ડર કશો નવ ખાતી,
હું પછે રોવાને બેસું તે કુટે છે છાતી. મારે. ૩

તખ્તસિંહ—બસબસ તારો બકવાદ છોડ એવી ત્રિયા હોય તો સારો ભવ હાર્યો સમજવું.

વિદુશક—મહારાજ બીજું પણ મોટું સુખ છે. તે તો કોઇને કહેવા જેવું નથી.

તખતસિંહ—તે વળી શું છે કે આટલો મોહ થાય છે.

વિદુશક—મહારાજ કોઇ દિવસ નાચ કે નાટક જોવાનું દિલ તો થતુંજ નથી. કેમકે તે સુખ પણ હું મારી પીયારીથીજ લઊછું. સાંભળો,

રાગ ઉપરનો.

જોઇ નારી હું જોઇ નારી હું નાચનું સુખ ઘર બેઠા લઊં.
સવાલાખની સાડી ઓઢે છુટા મેલે કેશ,
દહાડા વિણ હાથે જાણે રાંડી બાળે વેશ. જોઇ નારી. ૧.
સીસમ પુતળી વનિતા મારી રૂપ એનું છે ન્યારૂં,
આંખનો લચકારો હું તો જીવતી ડાકણ ધારૂં જોઇ નારી. ૨.

દુઆશ્વાનું કામ ન મારે તે સુખ તેથી લઉં,
વહેતા ઝરણા દુધ તણા એ પીઊ હું તો બહુ. જોઈ નારી. ૩.

(સઉ સભા હસે છે.)

તખ્તસિંહ—અલ્યા વળી તુંએ પી ખરો કે?

વિદુશક—(ગાલે તમાચા મારીને) નહીં નહીં એ તો બોલતાં ભશ્યો સાંભળો,
(પીઆ છોકરા બહુ) એમ છે. (ગાયછે.)

રાગ ઉપરનો.

સીંદુરથી શોભાવે સેંથો પુરી છુટા કેશ,
રૂપ અનોપમ નજરે જોતાં જાણું કાલી વેશ. જોઈ નારી. ૪.
રોયા કરીને રાંડ મુને તો ગાળો દે ભમરાળી,
મરણ ક્રિયાની સેજ બાળીને આઇ સુએ ઘરવાળી. જોઈ નારી. ૫.

(સઉ હસે છે.)

તખ્તસિંહ—અલ્યા ઘરવાળીને આઈ કહેતાં જો મા પણ કહે ખરો કે?

વિદુશક—અલ્યા ભુલ્યો મારી જીભ તો ગમે તેમ લવે છે. સાંભળો. સાચું કહું છું તેમ નથી. (મરણ ક્રિયાની સેજ બીછાવી માંહી સુવે ઘરવાળી) એમ છે. (ગાયછે.)

બોલચાલમાં માંહોમાંહી ટંટો થાએ ઝટ,
તે ઉઠાવે સાંએલું તો હું ઉઠાવું લઠ. જોઈ ૬.

તખ્તસિંહ—વિદુશક તારી ત્રિયાનો સંવાદ છોડ. કોઈ સાંભળી જશે તો સંસાર પણ છોડીને વેરાગી થશે તે કાંઈ સ્ત્રી કહેવાય નહીં.

વિદુશક—મહારાજ ગમે તેમ કહો પણ તમે તો મફતની બડાઈ મારો તેટલુંજ બાકી ભુંડી ભલી પણ ઘરવાળી તો કહેવા થાય છે.

તખ્તસિંહ—બસબસ જંગલી તારો બકવાદ છોડ, એ તો એક જીવતી ડાકણ સમજવી. (સ્વગત) અરે વિશ્વંભરા મારી ઉમેદ ક્યારે પાર પાડશે?

વિદુશક—મહારાજા ધિરાજ હીમત રાખો મારા જેવો બળીઓ કોણ છે. તે નારી તો શું પણ કહોતો ઇંદ્રની અપ્સરા હાજર કરૂં.

તખતસિંહ—એવું તારામાં શું પરાક્રમ છે?
વિદુશક—સાંભળો, (ગાયછે.)

ગજલ.

કહો તો રામસિંહનું શેહેર તોડી ચાલ્યો જાઊં,
પ્રભાવતી તુમને પ્યારી કહો તો લાવી દઊં.
બાર મહીનાનાં બાળક સાથે ઝુઝ લડું હું,
ચાંચડ ભલે ચડી આવે તો કદી ડરૂં નહીં હું.
એવું ભારે કામ તો મને કહો કરૂં,
પણ આ વખતે મરવા તુમ સાથે નહીં રહું.

(એમ કહી ભાગી જાય છે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ-અંબાદેવીનું મંદીર તથા બગીચો.

તખ્તસિંહ— (બ્રાહ્મણના વેશથી) મહારાજ દરવાજો ખોલો મને અંબા દેવીનાં દરશન કરવા છે.

એલમખાં—અરે ઈસ બખ્ત કોન હે? અભી દરશન નહીં ખુલેગા.

તખ્તસિંહ—મહારાજ માનતા કરવી છે મને જવાદો.

ફતેખાં—બમન તુમ સમજતા નહીં હે આજ આતવાર હે ઈસ લીયે સબકું મનાઈ હે. ક્યુંકે રાજાકી લડકી દરશનકું આયગી.

તખ્તસિંહ—હું પાછો જલદીથી આવુંછું મને જવાદો.

(સરવેને સોના મોહોર આપેછે.)

હુંડીફોડ—(સ્વગત) સાલી દો માસકીબી તનખા ઈતની નહીં મીલતી હે. ઈસમેં તો અપના કામ હો જાયગા. (પ્રકાશ) જાનેદોજી બમન બોહોત ગરીબ હે. (બ્રાહ્મણને) જાઓ જલદીસેં વાપસ આના.

તખ્તસિંહ—હાં જલદીથી આવીશ. (જાય છે.) બગીચામાં પ્રવેશ કરીને (સ્વગત) અહો આતો સ્વર્ગપુરી કે ઇંદ્રપુરી કેવો મનોહર બાગ ખીલી રહયોછે. કદળી, કેળ, ગુલાબ, મોગરો, માલતી, કેતકી,

શું એહેકી રહ્યા છે આ બાગને શું ઉપમા આપું જેટલી ઉપમા આપુ તેટલી થોડીજ છે.

લાવણી.

બાગ સુંદર આ અજબ બન્યો છે રચના રચી છે બહુ સારી,
જાતજાતનાં વૃક્ષો સુંદર જોતાં મન જાએ હારી.
કેતકી જાઈ ને જુઈ ચંબેલી શીતલતા સુગંધદારી,
પારિજ, ગુલાબ, મોગર રહ્યાછે ગુલદાવળી ખીલી બારી,
દીપી રહ્યાછે ચંપો આંબો કેલ દ્રાખ છે મન હરતા,
બાગને જોતાં દુઃખ સહુ ખોતા આનંદ મન અંદર ધરતા.
બાગ વિષે એક મંદીર મોટું સ્વર્ગપુરી સમ જયકારી,
અંદર માતુ અંબે બિરાજે જગત જનુની હીતકારી.

વાહવાહ! શું ઈશ્વરની કૃતી છે. કેવીકેવી જાતના વિધવિધ સુગંધીદાર પુષ્પો પેદા કીધાં છે (સ્વગત) ચાલ હવે આ વાવમાં અસ્નાન કરી અંબાજીની પુજા કરૂં. (જાયછે.)

(અંબાજીના દેવળમાં)

તખ્તસિંહ—(બે હાથ જોડી અંબાજીની પ્રાથના કરેછે.)

કાફી હોરી.

નમન કરૂં હું કૃપાળી અંબે માતુ નમન કરૂં હું કૃપાળી.
દુઃખ હરતા છો દયાળી અંબે માતુ નમન કરૂં કૃપાળી. ૧.
સેવકને શરણાંગત આપો અંબે માતુ ઉપકારી,
રંક સેવક અરજ કરેછે વારે ચડો નિજ મારી. અંબે ૨.
રેવા ભગતની ભકિત માજી ઉર વીશે આપે ધારી,
જલમાં ડુબતું જહાજ બચાવ્યું અજબ કૃતિ એ તારી. અંબે ૩.
દ્વિ કર જોડી નમન કરૂં મા નમુછું વાર હજારી,
કાંતો આ પ્રાણુ હરી લો મારાં કાં મેળાવો મને પ્યારી. અંબે ૪.

અહો! તે સુંદર પ્રિયાથી મને ક્યારે મેળાપ થશે, ચંદ્રમુખી મુજ મન ક્યારે શાન્તી આપશે. અંબે માતુ તાહારી મેહેર હશે તો સરવે વાત સીધ્ધ થશે. (મ્હોહેલ સામી નજર કરીને) અહો મહોલ પણ કેવો શોભી રહ્યો છે. (તને તો લેઉં) એમ કેહતો

કહેતો મોહોલમાં જઈને ખાટ ઉપર આરામ કરી સુતો સુતો ગાય છે.

ગજલ.

શું સુંદર મકાન છે આ કેવું શોભતું,
દેખી દિલ માહરૂં અતી ખુશી થતું.
ઈંદ્રિપુરીથી અધિક રચના છે અહીં,
પણ પ્રિયા વિણ મુજને આરામ નહીં.

(એમ ગાયન કરતાં કરતાં નિદ્રા આવવાથી સુઈ જાયછે.)

પ્રવેશ ૪થો.

સ્થળ-અંબાદેવીનું મંદીર તથા બગીચો.

(પ્રભાવતી તથા દાસી સુલેખા બંને પ્રવેશ કરેછે.)

પ્રભાવતી—દાસી મને આ બગીચાની અંદર કોઈ પુરૂષ હોય તેમ લાગેછે, જો તો ખરી આ પગલાં પણ પુરૂષનાંજ છે.

સુલેખા—બાઈ આપનું તરૂણ યોવન ખિલી પ્રફુલિત થયું છે, તેથી આપનો મનોવિકાર પણ તેવોજ થઈ ગયો છે.

(એમ બોલતાં બોલતાં અંબાજીના દેવળમાં જાયછે.)

પ્રભાવતી, સુલેખા— (અંબાજીની આરતી કરેછે.)

રાગ કલ્યાણ.

જે મા અંબિકા નમું મા ચંડીકા,
આરાસુરી અકળી સ્વરૂપ માતુ અંબિકા.
મહીસાસુર રાક્ષસ જે મોટો દળનો જે સીરદાર,
ઇંદ્રરાજની સામે આવ્યો લડવાને થઇ તૈયાર. જે મા. ૧.
ઇંદ્રરાજની વારે ચડી મા માર્યો દૈત તે ઠામ,
ધન્ય ધન્ય માતુ અંબિકા નવખંડ તારૂં નામ. જે મા. ૨.
શક્રાદિકસુર ગણ મળીને મા તારા ગુણ ગાય,
જગત જનુની માતા મારી ભયભંજન તું માય. જે મા. ૩.

સોળે શણગાર શોભતા મા જાણું કંચન કુંભ,
સામર્થ્ય શું વરણવું માર્યા સુંભ નીસુંભ. જે મા. ૪.
અંબે તારૂં અતી પરાક્રમ દૈતનો કીધો નાશ,
ચરણની શરણે આવી છે મંમા તારી દાસ. જે મા. ૫.
અંબે તારૂં શરણ સાચું છે મુજને તો આ વાર,
રક્ષણ મારૂં છે તુજ હાથે નોધારાની આધાર. જે મા. ૬.
જે જે અંબે માહેશ્વરી મા જેજે જગદાધારે,
પાપ અમાપ મારા તો કાપો સુણી મુજ પોકાર. જે મા. ૭.

પ્રભાવતી--દાસી મને તૃષા ઘણીજ લાગીછે. માટે જલદીથી પાણી લાવ.

સુલેખા—(પાણી લાવીને) લો બાઈ.

પ્રભાવતી—દાસી આ પાણીમાં આટલી ખુશબો બેહકે છે તેનું શું કારણ?

સુલેખા—બાઈ આપની મનોવૃતી હવે કાંઈ બીજાજ પ્રકારની થઈ ગઈ છે. મતલબ કે આપ હરકોઈ વાતમાં ઘણોજ સંદેહ કરોછો.

પ્રભાવતી—દાસી હું સાચુંજ કહુંછું ચાલ આપણે વાવ જોઈએ.
(વાવનું પાણી સુંઘવા બાદ ગાય છે.)

ગીતી.

સુણ દાસી તું પ્યારી કોઈ પુરૂષે સ્નાન કીધું,
વ્રત ભંગ થયું માહરૂં મતલબ પાણી એહીજ મેં પીધું.

સુલેખા—બાઈ આપના વિચારો દિનદિન પ્રત્યે તદન જુદાજ પ્રકારના માલમ પડેછે.

પ્રભાવતી—દાસી તું બગીચામાં જઈને થોડાં પુષ્પોનો સંગ્રહ કર તેટલામાં હું હવા મોહોલમાં જઈને આવુંછું. (જાય છે.)
(ખાટ ઉપર તખ્તસિંહને સુતેલો જોઈને)

ક્ષત્રિ કલંક રાગ.

અરે કોણું આવી સુતો આ ઠાર, જીવતો કદી નહીં છોડું રે.
ઉદ્દત મુર્ખ મનમાં વિચાર, જીવતો.

મુજ વ્રત કીધું છે તેં ભંગ, જીવતો.
હવે જોજે તું મારો રંગ, જીવતો.
ઉદ્ધત તુંને ચેતાવું આ વાર, જીવતો.
તુજ શીર લેશે મુજ તરવાર, જીવતો.
તું તો હેવાન છે કોઈ જન, જીવતો.
કેમ આવ્યો સતીને ભુવન, જીવતો.
તેં તો કરી મારા વ્રતમાં હાણ, જીવતો.
તે માટે લઈશ તારો પ્રાણ, જીવતો.
તને દેખી ચડેછે મને કાળ, જીવતો.
હમણા કરૂંશું તારો નિકાલ, જીવતો.
ઝટ સમરી લે તું કિરતાર, જીવતો.
હવે મરવાને નથી તુંને વાર, જીવતો.

(ક્રોધના આવેશમાં તરવાર લઈને મારવાને જાય છે તેવામાં એક કાગલ ભીંત ઉપર દેખાવાથી વાંચેછે)

પ્રભાવતી--

ગીતી.

સાહસ કામ કર્યાથી કદી સિધી તો થાય નહીં શાણી,
અવિચારે કામો કરતાં વિચાર મનમાં પ્રથમ તો આણી.
પાછળ બુદ્ધિ પસ્તાવો આગળ બુદ્ધિ ઉત્તમ તો હોય,
સાહસ કામ કર્યાથી દુરીજન તો હસે સહુ કોય.
પછી ખેદ તો કરવો સાહસ કામ કર્યાજ તણો ભારી,
તે માટે સહુ સજનો કાર્ય કરો તે ચિત્તમાં વિચારી.

(સ્વગત) આ કવિતનો બોધ ખરોજ છે. માટે તેને મારવા પહેલાં તે વિષે વિચાર કરવો જોઈએ. મતલબ કે સાહસ કૃત્ય કર્યાથી પછવાડે વિચારમાં ગીરફતાર થઇ, મહા મોટી ખેદ ભરેલી વાતમાં ઉતરવું પડે. (વિચાર કરીને) આતો કોઈ શુરવીર પુરૂષ છે. બાકી બીજનની તાકાત નથી કે અહીંયાં આવી શકે. પરંતુ મારૂં વ્રત તો ભંગ થયું, માટે હવે એનું મોહોડું તો જોઉં. (તખ્તસિંહના મુખ ઉપરથી કપડું દૂર કરી જોયા બાદ) આહાહા! શું સુંદર ચેહેરો છે! તો આની સાથેજ પાણી ગ્રહણ કરૂં. ઈશ્વરે આ સંસારમાં સ્ત્રી પુરૂષને પેદા કીધાં છે. તે રંગમોજથી દિન

હુલાસમાં ગુજારવા વાસ્તેજ. માટે હું મારો અવતાર કેમ એળે ગુમાવુંછું. પણ આંતો નિદ્રાવશ થએલ છે. માટે નિદ્રામાંથી ઉઠાડું નહીં. વળી કાલે ભેગા થશું. પણ કાંઈ નિશાની કરતી જાઊ.

(એમ કહી ભીંત ઉપર કાગલ લખેછે.)

(તખ્તસિંહ નિદ્રામાંથી જાગ્રત થઈને આંઠેલું સીડું ચીર લેઈને)

તખતસિંહ—

લાવણી.

(દિખ લીયા મુલક સારા મુસાફરી કરી. એ રાગ.)
હું સુઈ ગયો આરામમાં આ વાત શું થઈ,
દેખુંછું ચીર આ સમે મુજ સાલ કયાં ગઈ. **હું સુઈ.**
સુતો થઇ હું બેશુદ્ધ ખબર કાંઈ નવ રહી,
હું જાણું મનમાં એમ પ્યારી આવી તો ગઈ. **હું સુઈ.**

અહો મારી પ્રાણપ્રિયા આવી ગઈ એવું આ નિશાનીથી માલમ પડેછે પરંતુ નિદ્રાએ મને બેહાલ રાખ્યો તેથી કરી મને ખબર રહી નહીં. અહો નિદ્રા જેવી બીજી કોઈ ચીજ વેરણ નથી.

(તેવામાં હાથની વીંટી બદલાએલી જોઈને)

રાગ ઉપરનો.

અરે એ સાચી વાત નિદ્રા વેરણ તો થઈ,
દઈ અપની અંગુઠી મારી તો નીકાલ ગઈ. **અરે એ.**
અપસોસ દિલ અપસોસ હવે શું કરૂં અહીં,
નિશાની અપની દે કે પ્યારી ચાલી તો ગઈ. **અરે એ.**

(એમ કહી ઉઠેછે તેવામાં ભીંત ઉપર લખેલ કાગલ જોઇને તે વાંચેછે..)

લાવણી.

(મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી)
હું આવી હતી આ ઠાર પ્રાણનાથ પ્યારા,
તમે ઉઠી જાન જો નાથ નિશાનો મારા.
તુમ સુતા દેખી નાથ નિશાની કીધી,
અંગોઠી તમારે હાથ તેહ મેં લીધી.

મુજ નામ નિશાનની સાથ અંગોઠી મારી,
તે અરપેછે તુમ હાથ તુમારી પ્યારી.
મુજ અંગતણું જે ચીર આપને દઊંછું,
આપે ઓઢેલું જેહ તેહ હું લઊંછું.
તમે સુતા હતા ઓ નાથ નિદ્રાની માંહી,
ધરવા અંબેનું ધ્યાન આવી હું આંહી.
હું આવી મેહલની માંય અરે ઓ પ્યારા,
મુજ વ્રત ભંગથી કોપ ચડ્યો તે વારા.
મેં કર્યો હતો વિચાર મારૂં આ ઝટકે,
પણ દેખી તમારો પત્ર ચિત મુજ અટકે.
પછી નીરખ્યું જ્યારે મુખ હર્ષ તો પામી,
વરવાને થઈ વ્યાકુળ અરે ઓ સ્વામી.
મને વરવા છે ઉમેદ તુમારે સાથ,
હું આવીશ કાલે અહીં મળશો નાથ.

લાવણી.

(દેખ લીયા મુલક સારા મુસાફરી કરી.-એ રાગ.)
લખેલ આપ પત્ર પ્યારા વાંચ્યો મેં અહીં,
સાહસ કૃત્ય બોધ સુણી ગાંઠ્યો મેં નહીં.
પછે જોઈ રંગ રૂપ ને મોહીત હું થઈ,
સંસાર સુખ માંહી વૃતિ મારી તો ગઈ. લખેલ. ૧
પ્રાણધાર પ્રાણનાથ છો તમે સહી,
અવર પુરૂષને હુંતો કદિ વરૂં નહીં. લખેલ. ૨

વાહવાહ શું પ્યારીએ કાગલ લખ્યો છે તે પુરેપુરા હર્ષમાંજ લખેલો છે.

રાગ ઉપરનો.

(હાથમાં કાગલ લઇને જોતાં જોતાં.)
અરે ઓ પ્યારી, મારી પત્રિકા લખી ગઈ,
ઉમેદ દિલની માતુ અંબે પુરશે સહી. અરે ઓ. ૧

શું રીતમ કેરી વાત મુજ શીરપરે થઈ,
બચાવે અંબે માત તેને ડર કશો નહીં. અરે ઓ. ૨

અહો મને મારવાને સજ થએલી પરંતુ તેને સાહસ ઉપદેશનો બોધપત્ર મલવાથી મને જીવતો છોડયો, અહો દિનદયાળ તારી અજબ કૃતીની કોઇને માલમ નથી.

ગીતી.

અહો પ્રિયા મુજ પ્યારી પત્રિકા તો લખી ગઈ સારી,
કામબાણ કટાક્ષ મુજ હૈડે તો પ્રિયા ગઈ મારી.
સાહસ કૃત્ય બોધપત્ર લખવામાં હું જાણું નહીં કાંઈ,
પ્રત્યક્ષ પારખું તારૂં ધન્ય ધન્ય જુગત અંબે માઈ.

સાહસ કૃત્યની બોધપત્રિકા લખવા વિષે હું કાંઈ જાણતો નથી. પરંતુ પ્રત્યક્ષ પારખું સાક્ષાત માતુ અંબાજીએજ દીધું. અહો ઈશ્વર તારી કૃપા હશે તો કાલે ભેગા થશું. (જાયછે.)

પ્રવેશ ૫ મો.

વીદુશક—મારા મહારાજા તખ્તસિંહ પોતા માટે પક્ષિ શોધવા ગયા છે. પણ હજુ આવ્યા નહીં માટે ક્યાં ગયા હશે, તેની હું તલાશ કરવા જાઊંછું. (જાયછે.)

પ્રવેશ ૬ ઠો.

(બીજે દિવસ તખ્તસિંહ આવી ખાટ ઉપર બેશીને ગાયછે.)

તખ્તસિંહ—

સીતાજીના મહીનાનો રાગ.

અહો મારૂં કષ્ટ અમાપ અંબે માતુ કાપશો,
ક્યારે મહેર કરી અંબે માત શંકટમાં સહાયે થશો.

હાંરે મારા મનની ઉમેદ અપાર ક્યારે પુરી થશે,
મૃગનેણી તણો મેળાપ થએ દુઃખ તો જશે.

મારી પ્રાણવલ્લભા હજુ સુધી નહીં આવી અરે મારી મનહર પ્રેમદા તારા વિના મને એક ઘડી પણ જવી મુસ્કેલ છે.

(તેમ શોચ કરતો કરતો કામબાણથી બેભાન થઈ જંગલમાં ચાલ્યો જાયછે.)

(પ્રભાવતી તથા સુલેખા પ્રવેશ કરેછે.)

પ્રભાવતી—દાસી જોતો ખરી મારા પ્રાણનાથ ક્યાં ગયા? સંતાઈ રહ્યા છે કે શું. (નહીં મળવાથી.) પ્રાણનાથ આમ મશ્કરી નહીં કરવી જોઇએ. જલદીથી આ રંક દાસીની સંભાળ કરો, તમારી પત્નીને તમારા વિના ચેન પડતું નથી. (દાસીને) અરે દાસી આ શું થયું? મારા પ્રાણપતિ ક્યાં ગયા?

જફાવો સીતમકો સજા વારહું—એ રાગ.

અરે પ્યારા સ્વામી ચાલી ક્યાં ગયા,
રંક દારાપર કેમ નાવી દયા.

આમ રીબાવો ન મુજનેરે નાથ,
વિયોગે ઝુરેછે આ અબળા અનાથ.

શું રે રોશ છે આ અબળા પરે,
દયા દિલમાં કેમ નાવી અરે.

શું રે આવ્યા સ્વામી ચાલી શું ગયા,
મુજ મનના વિચારો તો મનમાં રહ્યા.

અરે પ્રાણનાથ વિના શું કરૂં,
આવી દર્શન દો નહીંતો નિશ્ચે મરૂં. (મુરછીત થાયછે)

સુલેખા—બાઈ સાવધ થાઓ, સાવધ થાઓ, આમ શું એકદમ ભયભિત બની જાઓછો.

પ્રભાવતી—(સુદ્ધિમાં આવીને) અરે દાસી મારા પ્રાણપતિ ક્યાં ગયા? સ્વામીનાથ વિના મારી ઘડી પણ જવી મુશ્કેલ છે. અહો ઈશ્વર પતિ વિના પત્ની તે પત્ની નહીં પણ પશુ સમજવી.

સુલેખા—

રાગ ઉપરનો.

અરે બાઈ આપ સુણો મારી વાત,
રટો નામ રૂદયે જે જગકર્તા તાત.
સરવે વ્યાપક છેરે ઈશ્વર અરે,
સાચી ટેક રાખો કષ્ટ તે હરે.
અરે બાઈ શાને કરોછો વિલાપ,
કૃપાનાથ કાપશે કષ્ટ અમાપ. (જાયછે.)

પ્રવેશ ૭મો.

ચંદ્રકળા—રામસિંહની સ્ત્રી. **વિરમતી**—ચંદ્રકળાની દાસી.
ચોપદાર વગેરે.

ચંદ્રકળા—(સ્વગત) મારી પ્યારી પ્રભાવતી હવે વરવા લાયક થઈછે. તો જરૂર તેનું સગપણ કરી પરણાવવી જોઈએ. પરંતુ પ્રાણનાથ આવે તો વાત કરૂં

(તેવામાં નેપથ્યમાં આસ્તે કદમ વગેરે બોલો સાંભળવાથી)

વીરમતી—બાઈ મહારાજ પધારે છે.

ચંદ્રકળા—ત્યારે જા તું તેમને વાસ્તે થાળની (જમવાની) તૈયારી કર.

વીરમતી—બહુ સારૂં. (જાયછે.)

રામસિંહ—(પ્રવેશ કરીને) પ્યારી આજ દિલગીર કેમ જણાય છે?

ચંદ્રકળા—પ્રાણનાથ આપણી પ્રભાવતી બાબત મારા જીવને વિચાર થયા કરેછે.

રામસિંહ—પ્રભાવતી વિષે શું છે?

ચંદ્રકળા—સ્વામીનાથ આપ જાણોછો કે પ્રભાવતી હવે યૌવનવસ્થાએ પહોંચ્યાથી વરવા યોગ્ય થઈ છે. તો તેને પરણાવવા વિચાર કરવો જોઈએ.

રામસિંહ—પ્યારી તે તો કુંવારા વ્રત પાળેછે, તો તે પરણવા બાબત

કેવી રીતે હા કહેશે.

ચંદ્રકળા—સ્વામિનાથ વિચાર કરો કે, વનમાં વસી સુખ દુઃખ સહન કરી વનના વનફળથી જે ગુજરાન કરવાવાળા જોગીયો તે પણ કામને જીતી શકતા નથી.

રામસિંહ—ત્યારે તારૂં કહેવું એમ છે જે પ્રભાવતીનો વિચાર પરણવા બાબત છે.

ચંદ્રકળા—હા સ્વામીનાથ હવે તો તેનું સગપણ તથા પરણેતર ભેગું કરવું જોઈએ.

રામસિંહ—વારૂ હું કાલે કચારીમાં જઇને તે વિષે પ્રધાનજીની સલાહ લઇને આપણા ગોરને મોકલીશ.

વીરમતી—(પ્રવેશ કરીને) બાઈ થાળ તૈયાર છે.

ચંદ્રકળા—ચાલો પ્રાણનાથ થાળ તૈયાર છે. (સરવે જાયછે.)

અંક ૪થો સમાપ્ત.

અંક ૫ મો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—રાજસભા.

રામસિંહ-રાજા. **ગુલાબસિંગ**-પ્રધાન

મોતીરામ-રાજગોર.

રામસિંહ—પ્રધાનજી આપણે એકદમ જલદી કરી મોતીરામને મોકલી આપ્યા પરંતુ માલમ નહીં કે આપણે પ્રભાવતીનું *નાળીએર ક્યાં આપશે.

ગુલાબસિંગ—મહારાજ તે વિષે આપ ફિકર નહીં કરો. મોતીરામને

* સગપણ કરવું તેને રાજવંશી નાળીઅર કહી બોલેછે.

મેં ઠર-ઠેકાણું મોટા રાજનું બતાવ્યું છે તો જ્યાંસુધી ત્યાં બનશે ત્યાંસુધી પ્રભાવતીનું નાળિએર બીજે આપશે નહીં.

રામસિંહ—વારૂ કયું ઠેકાણું.

ગુલાબસિંગ—માહારાજ તે તો ભોપાળના મહારાજા પ્રતાપસિંહ આજ-કાલ એવી કલંક રહિત ગાદી બીજી કોઈ નથી.

રામસિંહ—બેશક પ્રધાનજી તમારૂં કહેવું ખરૂં છે. તે એકીલો છતાં આજ-કાલ *તુર્ક લોકોને ઘણો તોબા પોકરાવે છે. ખરેખર ક્ષત્રિ નિતીથી ક્ષત્રિના અંકુર ઉપર તેનું પુરેપુરૂં લક્ષ છે. નહીં તો રાજ આબાદ રહેવું ઘણું મુશ્કેલ છે.

ગુલાબસિંગ—તે જેવો શૂરવીર છે, તેવીજ આપના રાજ્યની તેજ વૃદ્ધિછે. તો આપના સાથે જો તેનો સંબંધ થશે તો આપની મદદ લઈ આ ભર્તભુમિ ઉપરથી તુર્ક એવું નામ પણ નાબુદ કરી નાંખશે. માટે ઈશ્વર મેહેરથીજ તેને પણ સુમત સુજે ને નાળિએર કબુલ કરે.

રામસિંહ—હા તે વાત તમારી બરોબર છે, પરંતુ મોતીરામ આવે તો માલમ પડે. (તેવામાં નેપથ્યમાં ચોપદાર–ગોરમાહારાજકી સલામપે નિગાહ રખો મેહેરબાન તે સાંભળવાથી) પ્રધાનજી સાયત આપણા રાજગોર આવેછે.

(તેવામાં મોતીરામ ગોર આવી પત્ર આપેછે.)

ગુલાબસિંગ—(પત્ર વાંચ્યા બાદ.) મહારાજ જાન પણ સાથેજ લાવેછે.

રામસિંહ—વારૂ નાળિએર ક્યાં આપ્યું તે તો કહો.

ગુલાબસિંહ—મહારાજ આપની મનોવૃતિ હતી ત્યાંજ.

રામસિંહ—(મોતીરામને) મહારાજ તમારા કામથી મારૂં દિલ ઘણુંજ પ્રસન્ન થયું છે. (પ્રધાન પ્રત્યે)મહારાજને દક્ષણાની ચીઠી લખી આપો ને પ્રભાવતીના સગપણની ખુશાલી માટે તોપોના બાહાર કરાવો.

ગુલાબસિંગ—મહારાજ જેવી આજ્ઞા. (સરવે જાયછે.)

---

* તુર્ક કેતાં મુસલમાનની એક જાત.

પ્રવેશ ૨ જો.

સ્થળ—પ્રભાવતીનો મહેલ.

પ્રભાવતી—(સ્વગત) આજે ખુશાલીની તોપોના બાહાર થાયછે તેનું શું કારણ હશે? (તેવામાં દાસીપ્રવેશ કરેછે તેને) સુલેખા આજે આ તોપોના બાહાર થાય છે તે વિષે તને કાંઈ માલમ છે?

સુલેખા—બાઈ ભોપાલના મહારાજા પ્રતાપસિંગ વેરે આપનું સગપણ કર્યું ને લગન પણ સાથેજ આવેછે તેની ખુશાલીમાં આ તોપોના બાહાર થાય છે.

પ્રભાવતી—અરે દાસી તું શું બોલેછે! લગન શું ને સગપણ શું!! હું મારા સ્વામી વિના બીજાને કદિ વરવાની નથી. અગર મારા પ્રાણનાથ મને નહીં મળશે તો હું મારી જીંદગી માતુશ્રી અંબાજીની ભક્તિમાં પુરી કરીશ. પરંતુ અવર પુરૂષને તો જીવ જતાં સુધી નહીં વરીશ. (સાંભળ)

જફાવો સીતમકો—એ રાગ.

અરે હુંતો નહીં વરૂં પુરૂષજ અન્ય,
સત્ય માને તુંતોરે મારૂં વચન.
કદિ સત કટકા શરીરના રે થાય,
તો પણ શું થયું મુજ ટેક ન જાય.
કદિ બ્રહ્મંડળ તજે નિજધામ,
પણ હું એની નહીં કરૂં એરે કામ.
અહો એની ઝેર ખાઈને હું તો મરૂં,
પણ અન્ય પુરૂષને નહીંરે વરૂં.

સુલેખા—

રાગ ઉપરનો.

અરે સુણ શુદ્ર એની વાત માહારી,
ફિકર તુંતો કર નહીં મનમાં જરી.
તમે શીદ ચિંતા ધરોછોરે ચંત,
આવી મળશે એની તમારોરે કંથ.

વિચારો જરા શું કરોછો વિલાપ,
અંબે માતુ કાપશે કષ્ટ અમાપ.
સુજ્ઞ થઈ કેમ છોડો તમે હામ,
સુખે બેઠા જપો માતુ અંબે નામ. (જાયછે.)

પ્રવેશ ૩ જો

સ્થળ-જાનીવાસો.

પાત્ર જનો.

પ્રતાપસિંહ-ભોપાલનો રાજા.
ઉતમચંદ-ન્યાયાધિસ.
સુરસેન-તેનો પ્રધાન.
વીદુશક-મશકરો.
સીપાઇઓ-વગેરે.

પ્રતાપસિંહ—પ્રધાનજી આપણે અહીંઆ એકદમ આવ્યા છીએ, પરંતુ આપણા રાજકાજનો બંદોબસ્ત કેવી રીતે કીધોછે, કેમકે મને તે વિષે ઘણી ફીકર રહેછે.

સુરસેન—મહારાજ તે વિષે કાંઈપણ ફિકર કરશી નહીં. હું સારી રીતે બંદોબસ્ત કરતો આવ્યોછું.

ઉતમચંદ—(વચમાં)મહારાજ વિવાહના કામમાં અત્રે એવી રીતે વાતો કાઢવી ન જોઈએ.

વીદુશક—(પ્રવેશ કરીને) ઉતમચંદભાઈ પણ ઠીક કહેછે વળી રાજકાજની વાતો ચાલે તો તેમનું પોગળ ખુલું થાય કેમકે ઉતમચંદભાઈ પણ કોઈ જગો ખાલી છોડતા નથી.

ઉતમચંદ—એવકુફ મારૂં શું પોગળ ખુલું થાય તેવું છે.

વીદુશક—જુઓ મહારાજ સાંભળો ઉતમચંદભાઈ કહેછે કે મારૂં પોગળ શું ખુલે તેવુંછે, કેમકે તેમણે જે હરામ નિતિ કીધી હશે તે પાકા બંદોબસ્તથીજ.

ઉતમચંદ—અરે વીદુશક અમે કાંઈ લુચા લફંગા કે લાંચખોર માણસ નથી.

વીદુશક—ઝાઝું ડહાપણ છોડો નહીંતર તમને વાગશે જોડો સમજ્યા ભાઈ બાંધી મુઠી હોય ત્યાં સુધીજ લાખની માલમ પડેછે.

ઉતમચંદ—(ગુસ્સે થઈને) અરે ગમાર જાસ્તી બકવાદ નહીં કર નહીંતો હમણા તમાસો દેખાડુંછું.

વીદુશક—એમછે ત્યારેતો સાંભળો,-

રાગ કેરબો.

ન્યાયાધિસનો ન્યાય જોયો મેં નીહાળીરે,
મેં નીહાળીરે જોયો મેં નીહાળીરે.
ન્યાયાધિસનો ન્યાય પુરોછે કાંઈએ નથી બાકી,
હલકા ગુન્હાને ફાંસી દેવા રહેછે આપે તાકી. ન્યાયાધિસ. ૧
ઝડપમાં જો કોઈ આવે તો તેને કેદમાં નાખે,
કોઈ આવીને લાંચજ દેતો રાજી થઈને રાખે. ન્યાયાધિસ. ૨
ન્યાયાધિસ તો બળીઆ ભારે કઠણ એમની છાતી,
મોઢે મીઠું બોલી જાણે પેટમાં રાખે કાતી. ન્યાયાધિસ. ૩
ન્યાયધિસ તો ન્યાયવંત છે પુરેપુરા પાજી,
દુષ્ટ કરમ કરેછે એવા મનમાં થઈને રાજી. ન્યાયાધિસ. ૪

ઉતમચંદ—વિદુશક ચુપ રહે મેં ક્યારે લાંચ ખાધી છે કે તું લવરી કરેછે.

વીદુશક—(રાજાને) મહારાજ સાંભળો લાંચ ખાધી હોય તે વળી કાંઈ એમજ માનીદે. પરંતુ આપને તપાસ કરવો હોય તો પ્રધાનજીને પુછો કે ન્યાયાધિસ જન્મીને કેટલીવાર સાચું બોલ્યા છે.

ઉતમચંદ—(ગુસ્સે થઈને મારવા ઉઠેછે.) વિદુશક તારી ચાલાકી છોડ નહીંતર માર્યો જઈશ.

વીદુશક—ભાગો ભાઈ સાચું કહ્યું કોઈને ગમે ભાઈસાહેબને સાચું કીધું તો મરચાં લાગ્યાં હશે, ખેર મને શું (એમ કહી ભાગીને દુર ઉભા ઉભા) ભાઈ મારી એક મતલબ તમને શીખામણ દેવાની છે તે સાંભળો જુઓ લાંબા પગલાં ભરશો તો નિશ્ચે તમે મરશો તમે મરશો તે ખેર પણ મારી ભાભી રાંડશે તેનું ક્યાં

વાળીશ વેર. માટે સાવચેત રહીનેજ પગલાં ભરજો (એમ કહી નાશી જાયછે.)

પ્રવેશ ૪થો.

સ્થળ-ગુલાબ માલણનું ઘર.

તખ્તસિંહ—ગુલાબ હવે શું ઉપાય યોજવો આજે જાન પણ આવી છે. તો જો તેની સાથે તેનો સ્નેહ ગુંથાયો તો મારૂં જીવવું પણ આ દુનીઆમાં મીથ્યા છે, તો તું કોઈ રીતથી મને તેનો મેળાપ કરાવી દે.

ગુલાબ—(વિચારીને) ભાઈ એક ઉપાય છે કે આપ ફુલનો હાર ગુંથી આપો તે લઈને હું ત્યાં હાર આપવા જઈશ તો તે જરૂર પુછશે કે આ હાર કોણે બનાવ્યો ત્યારે હું આપનું નામ આપીશ તો અવસ્ય તેથી કાંઈ પણ ઉપાય સુજશે.

તખ્તસિંહ—શાબાસ ગુલાબ શાબાસ તેં ઘણી સારી યુક્તિ શોધી કાઢી. (એમ કહી એક ફુલનો સુંદર હાર ગુંથી આપેછે તે લઈને ગુલાબ જાયછે.)

પ્રવેશ ૫મો.

સ્થળ-પ્રભાવતીનો મહેલ.

ગુલાબ—(પ્રવેશ કરીને) બાઈ આ હાર અંબાજીની પુજા વાસ્તે સ્વીકારી લીઓ.

પ્રભાવતી—(હાર જોઈને) ગુલાબ આજે તો તું ઘણો સરસ હાર લાવી છે પરંતુ આ હાર બનાવ્યો કોણે.

ગુલાબ—બાઈ સાહેબ ગુસ્સો ન કરો તો કહું.

પ્રભાવતી—બેશક કહે તેમાં શું છે.

ગુલાબ—બાઈ આ હાર આપના પ્રાણનાથે બનાવ્યો છે.

પ્રભાવતી—અરે મારો પ્રાણનાથ કોણ !!

ગુલાબ—બાઈ જેને આપ અંબાજીના દેવળમાં વરી ચુક્યાંછો તે.

પ્રભાવતી—શું તે તારે ઘેર છે?

ગુલાબ—હા બાઈ સાહેબ મારે ઘેર છે.

પ્રભાવતી—(એક હાર આપીને) ગુલાબ મારા પતિને મારી પાસે લાવ હું તને વળી વિશેષ ખુશી કરીશ ને જીવતાં સુધી તારો ઉપકાર નહીં ભુલું.

ગુલાબ—સારૂં બાઈ સાહેબ, પણ આજે જાનનાં માણસો આવ્યાં છે, તો જરા રાતનો વખત થશે એટલે લાવીશ. (જાય છે.)

પ્રવેશ ૬ ઠો.

સ્થળ—ગુલાબ માલણનું ઘર.

તખ્તસિંહ—(ગુલાબને આવતી જોઈને) કેમ ગુલાબ શું કીધું મને શુભ સમાચાર જલદી આપ.

ગુલાબ—બાઈ આપની કૃપાથી સરવે કામ સિદ્ધ કરીને આવી છું.

તખ્તસિંહ—શાબાસ ગુલાબ શાબાસ હું તારો ઉપકાર કદિ ભુલવાનો નથી. (એમ કહીને એક અમુલ્ય વીંટી આપે છે.)

ગુલાબ—(જરા વાર રહીને) બાઈ ચાલો હવે વખત થવા આવ્યો છે માટે આપણે જઈએ.

તખ્તસિંહ—(ચાલતાં ચાલતાં રસ્તામાં ગાયન કરે છે.)

ગજલ.

મૃગનયની નામ તારૂં સુણી થયો ઉદાસ,
ચંદ્રવદનિ ચિત હર્યું મોહબાણ પાસ. મૃગનયની.
બેજાર બની તુજ વિના ફરૂં છું હું ઉદાસ, મૃગનયની.

મૃગનયનિથી મારૂં દીલ એકદમ મળવાને આતુર થઈ રહ્યું છે, તેથી મને બીજું કાંઈ સુજતું નથી. પરમેશ્વર કરે ને તેનો મેલાપ થાય. (ગુલાબ માલણ દુરથી મોહોલ બતાવીને જાય છે.)

પ્રવેશ ૭મો.

સ્થળ-પ્રભાવતીનો રંગમેહેલ.

પ્રભાવતી—જેને દાસી વખત થઈ ગયોછે, અવશ્ય પ્રાણનાથ આવતા હશે.

સુલેખા—(જોયા બાદ) બાઈ આપના પ્રાણપતિ પધારેછે.

(તેવામાં તખ્તસિંહ પ્રવેશ કરેછે.)

પ્રભાવતી—(આસને બેસાર્યા બાદ)

ગજલ.

ઉમંગ મારે મન છે મળતાં પ્રાણનાથ,
હર્ષ હર્ષ હર્ષ ઘણો મળતાં સ્વામીનાથ.
ભલે પધાર્યા પ્રાણનાથ આજ મારે ઘેર,
કંચન સુર્ય ઉગ્યું આજ આપે કરી મેહેર.
આપળા આવિ જોગણી થતી હતી દુઃખી.
દર્શ આપી સ્વામી આજ કરી મને સુખી.

તખ્તસિંહ—

રાગ સીંહાનો કનરો.

ચંદ્રવદનિ તું મુજનેરે પ્યારી દેખી આનંદ મુજ મન ભારી.
મૃગનયની તુજ લલિતા દેખતાં આનંદ મુજને અપારી, ચંદ્રવદની. ૧
શશિવદની તુજ સ્વરૂપને દેખી કામ વિકારે થયો અધિકારી, ચંદ્રવદની. ૨
પ્રેમપિયારી નવનવિલાસી તુજ સમ બીજી નહીં કો દુલારી, ચંદ્રવદની. ૩

પ્રભાવતી—

હીન્ડી.

સ્વામીનાથ સ્નેહવંત છો પ્યારા,
હર્ષ આપનાથી હર્ષ મુજ અપારા;
સ્વામી સુખે રહો સેવા કરે દારા. સ્વામીનાથ. ૧
માત અંબે મહેરથી મલ્યા છો આંહી,
ભલે આવ્યા હિત તારૂણીનું ચાહી;
રંક દાસ સંગ છોડી જશો ન કાંહી. સ્વામીનાથ. ૨

મનના મનોરથ પુરો હવે મારા,
શીરછત્ર સ્વામી છો જીવન આધારા. સ્વામીનાથ. ૩

છલા હમારા યાદ રખનાં—એ રાગ.

પ્રાણનાથ તમે પ્રાણથી પ્યારા પ્રાણથી પ્યારા જીવન ગારા. પ્રાણ. ૧
કામાગ્નીથી અંધ બની હું કામ પીડેછે મુજને અપારા. પ્રાણ. ૨
સ્પર્શ કરો સ્વામી મારી સાથે અતી ઉમંગ ધરીને આવારા. પ્રાણ. ૩
વાલા વિચારો વાર કરો ન કરગરી અર્જ કરેછે આ દારા. પ્રાણ. ૪

ગીતી.

પ્રાણનાથ મમ પ્યારા તુમ વિણ નહીં બીજું કાંઈ પ્યારૂં,
ઉમંગ અતી મન મારે દર્શ પામ્યાથી મુજ દુઃખ નિવાર્યું.

તખ્તસિંહ—

ચંદ્રકાન્તી સમ કાન્તા મુખ મનોહર શોભીતું તારૂં,
વાણી શ્રવણે સુણતા સ્વર્ગ સુખ હું ગણું નહીં ન્યારૂં.

પ્રભાવતી—

દક્ષણી લાવણી.

ઉદય ભાગ્ય આજ દર્શ પામી તમારા રે,
કરો આરામ મુજ ધામ પુરો સ્વામ મુજ હામ
દુઃખ કરો સૌ ન્યારા રે, ઉદય ભાગ્ય ૧
અરજ માહારી ઉર ધરી પ્યારા રે,
પ્યારા આપ દિલનો તાપ કાપો અમાપ મુજ સંતાપ
કહેછે આપની દારા રે, ઉદય ભાગ્ય. ૨
વિરહ વેદના કાપો પ્યારારે,
પુષ્પ સંગીન ભ્રમરલીન જલથી મીન છે આધિન
તેની માફક હું દારા રે, ઉદય ભાગ્ય. ૩

તખ્તસિંહ—

ગીતી.

મનહરતી મમ ભામા પ્રેમ તારો તો સાચો મન જાણી,

સ્વર્ગ સુખ હું સમજુ પ્રેમદા સાંભળ સાચી મમ વાણી.

પ્રભાવતી—

સ્વામી હું પણ સમજું શીરછત્ર તુમ પ્રીતી તો દેખી,
આથી અધિક નવ હોયે સ્વર્ગ સુખ તો લીધું મેં લેખી.

તખ્તસિંહ—પ્રાણપ્રિયા તારા ઉપર મને ઘણી પ્રિતી વધેછે કેમકે, મારા વાસ્તે તેં કેટલું દુઃખ સહન કીધું છે.

પ્રભાવતી—પ્રાણનાથ મેં શું દુઃખ સહન કર્યું છે, ધન્ય છે આપને જે આટલું દુઃખ સહન કરી આ રંક દાસીની ખબર લીધી.

તખ્તસિંહ—મધુમુખી તારા આવા પ્રેમરૂપી વાક્યો સુણી મારૂં મન અત્યંત ખુશી થયું છે.

પ્રભાવતી—આર્ય પુત્ર હવે આપની મરજી મુજબ વર્તવા આ દાસી હાજર છે.

તખ્તસિંહ—વાહ પ્યારી તારી બુદ્ધિને ને તારા પતિવ્રતપણાને ધન્ય છે. પતિવ્રતા સ્ત્રીમાં શું કહેવાનું હોય, કહ્યુ છે કે,–

ગીતી.

પતિવ્રતાનું હિત, સાંભળીશું હુંતો બહુ હામે.
પીયુને દુઃખી દેખી, પ્યારી નવ રહે કદિજ આરામે.
પતીવ્રત મૃગનયની, જે નરને હોય ગુણવંતી કામા.
સ્વર્ગ સુખતો લેખી, ધન્ય તે નરને તેવી તો રામા.

પ્રભાવતી—પ્રાણાધાર તમારૂં કહેવું યોગ્ય છે પરંતુ જે સ્ત્રી પતિવ્રત પાળે છે તે આ માફક વર્તેછે. સાંભળો,

દક્ષણી લાવણી.

સ્વામી મારા સુણો પતિવ્રતાની રીતીરે,
પ્રાણનાથ કેરી સાથ વર્તે નાથ રીતી સાથ
ઉરમાં ધારી પ્રિતીરે. સ્વામી ૧
પતિવ્રતાની પ્રિત છે એ સાચીરે,
પતિવ્રત નાર નકરે બ્જાર શીયળ સાર રાખે અપાર
એ સતી તણી છે રીતીરે. સ્વામી મારા. ૨

પતિ વિયોગી જો હોય તે નારીરે,
બાળે અંગ કષ્ટ સંગ ધરે ઉમંગ પતિજ સંગ
સ્વામી સંગ રહે સાચરે. સ્વામી મારા. ૩

તખ્તસિંહ—પ્યારી તારૂં કહેવું ખરૂંછે પણ હવે અહીંથી આપણે કુચ કરીએ તારી શું મરજી છે.

પ્રભાવતી—પ્રાણનાથ આ અબળા તો આપની જેવી મરજી હોય તે મુજબ વર્તવા આધિન છે. (બંને તઈઆર થાયછે ત્યારે.)

સુલેખા—

ગજલ.

અહો પ્યારી બાઈ આપ ચાલ્યાં સાસરે,
આ રંક દાસીને નહીં વિસારસો ખરે.
સેવા કરજો તુમ સ્વામીની સાચા સ્નેહથી,
સ્વામી સાથ વર્તો આપ પુરણ હેતથી.
(તખ્તસિંહને) પરમાર પુત્ર નમન કરૂંછું આપને આ વાર,
રહેમી રક્ષણહાર છો ધન્ય ક્ષત્રિ કુમાર. (જાયછે.)

પ્રવેશ ૮મો.

સ્થળ—જનીવાસો.

હુસેનઅલી—(પ્રવેશ કરીને) મહારાજ એક અઘટિત બાત બનગઈ હે મગર કહેનેકું મેરી જીબાન ચલતી નહીં હે

પ્રતાપસિંહ—બોલ શું વાત છે.

હુસેનઅલી—મહારાજ આપ જીસકી સાથ સાદી કરનેકું આયે હો ઉસકું કોઈ હરન કરકે લેગયા એસી બાત રામસિંહકે દરબારમેં ચલ રહી હે.

પ્રતાપસિંહ—(એકદમ ક્રોધના આવેશમાં તરવાર કાઢીને) આ તું શું વાત કરેછે! જેને હું પરણવા આવ્યોછું તેનું હરણ!! શુ ક્ષત્રિમાંથી ક્ષરાતનનું લોહી ચાલ્યું ગયું, શું નક્ષત્રિ દુનિયા થઈ ગઈ, અરે હું મારી પ્યારીના હરણ કરવા વાળાનું શીર આ સમશેર-

ક્ષ. શું મારી પત્નિને બીજો હરી જાય તેનો પરમેશ્વર .હીં કરશે; ખરેખર આ મારી સમશેરનો રસ ચાખવાજ આ કામ કર્યું છે. (સેનાપતિ તરફ જોઇને.) તમે કાંઈ બંદોબસ્ત યો નહીં નહીંતો આમ થાત નહીં.

-(પ્રવેશ કરીને) મહારાજ હું નહોતો કહેતો કે તમારા બધા અમલદાર લાંચખોર છે માટે આ કામ તેઓની સહાયતા વિના કદિ બનેજ નહીં. કહેવત છે કે "ઘર ખુટે ઘર જાય".

(સરવે સભાજનો શોકાતુર થઈ નીચું મુખ રાખી બેસેછે.)

.પસિંહ—વિદુશક તારી સેતાની છોડ નહીં તો માર્યો જઈશ ચુપ રહે.

.દુશક—શો મને શું હું તો આ હોડે કાંટા દકણું પણ હોય શેરને માથે સવાશેર મળે તેનું કાંઈ નહીં.

પ્રતાપસિંહ—વિદુશક તેનેતો મારી તરવાર પુરો કરશે, (સેનાપતી તરફ જોઈ) સેનાધિપતી આમ શું બેસી રહ્યાછો લશ્કરનો બંદોબસ્ત કરો ને ચાલો આપણે એકદમ તે પાપીને પુરી સજાએ પહોંચાડીએ. (સરવે જાયછે.)

પ્રવેશ ૯મો.

સ્થળ—અરણ્યમાં બગીચો.

તખ્તસિંહ—પ્યારી આપણે થાકી ગયા છીએ તેથી આ જગોએ જરા આરામ કરીએ કેમકે અહીંઆ બગીચાની હવા પણ સારી ચાલી રહીછે.

પ્રભાવતી—પ્રાણનાથ આપની જેવી મરજી (તેવામાં એક કળાવતી નામની કુટણી પાંચ સાત આદમીઓ સાથે પ્રવેશ કરેછે.)

કળાવતી—(પોતાના આદમીઓને) આપણે પણ આ જગ્યાએ આરામ લઈએ. (પ્રભાવતીને જોયા બાદ સ્વગત) આ નાજુક ત્રિયા અધિક રૂપની ભરી કેવી સુંદર છે. હવે હું તો વૃદ્ધ થવા આવીછું માટે ગમે તેમ છળ કપટ કરીને આને લઈજાઉં તો સારૂં, કેમકે મારી વય મોટી થવાથી મારા સંબંધીઓ નારાજ થઈ ચાલ્યા જતા હશે.

તખ્તસિંહ—(કળાવતીને પુછેછે) અરે બાઈ તમે કોણછો ને ક્યાં જાઓછો.

કળાવતી—(સ્વગત) કોઈ મોટા માણસનું નામ આપું તો ઠીક (પ્રકાશ) હું ઈંદોરના રાજાની સ્ત્રી છું અમો દુવારકા ગયા હતા તો આ સ્થળે આપને દેખી અમો પણ વિશ્રામ કરવા બેઠા.

તખ્તસિંહ—(સ્વગત) મારી ફઈને ઇંદોરના રાજા વેરે પરણાવ્યાછે વખતે તેતો નહીં હશે. (પ્રકાશ) બાઇ મારી ફઈબા નામે કેશરબા કરીને છે તે ઇંદોરના રાજા વેરે પરણાવ્યાં છે.

કળાવતી—(જોગેજોગ મળ્યા જોઇને) ભા તે તો હુંજ પણ તને તો મેં કદી જોયો નથી. પરમેશ્વરે શું જોગ મેળવ્યો છે, તારૂં નામ શું ભા?

તખ્તસિંહ—ફઈબા મારૂં નામ તખ્તસિંહ છે ને મેં પણ તમને કદી જોયાં નહોતાં.

કળાવતી—(સ્વગત) જોગવાઈ તો ઠીક મળી છે પણ જોઈએ શું થાયછે. (પ્રકાશ) સાચું ભા મને પણ યાદ આવ્યું તારૂં નામ તખ્તસિંહ બરાબર છે. (પ્રભાવતી તરફ હાથ કરીને) પરંતુ આ સાથે કોણ છે?

તખ્તસિંહ—ફઈબા એ મારી સ્ત્રી છે.

કળાવતી—શું તમારી સ્ત્રી! ત્યારે તમે એકલાં કેમ?

તખ્તસિંહ—ફઈબા, આ રામસિંહ રાજાની કુંવરી છે જે મને સ્વઈચ્છાએ વરી ચુકી હતી, પણ તેના બાપને ખબર નહીં હોવાથી તેનું લગ્ન બીજા સાથે કર્યું ને જાન પણ આવી ચુકી તેથી અમે છુપી રીતે નાશી જઇયેછીએ. પરમેશ્વર કરે ને પાછળથી કાંઈ તોફાન ન જાગે.

(પ્રતાપસિંહના છુપા બાતમીદાર સરવે વાત સાંભળી લશ્કર લેવા ચાલ્યા જાયછે.)

(પ્રભાવતી પ્રત્યે)પ્યારી આ મારી ફઈબા છે તો તેમની પાસે તું બેસ. (બંને પાસે બેસેછે તેવામાં લશ્કર આવતું જોઈને)

પ્રભાવતી—સ્વામીનાથ આ શું જુઓ તો ખરા દુશ્મનનું દળ તો નજીક આવી પહોંચ્યું માટે આપણે હવે શુ કરવું હરહર વિશ્વંભરા (એમ બોલતી રૂદન કરેછે.)

તખ્તસિંહ—પ્યારી તું શા વાસ્તે દિલગીર થાય છે શું એક સિંહના

પંજામાંથી હજારો *અજા છુટી જશે. નહીં નહીં તેમ બનશેજ નહીં પ્યારી તું જરા પણ અપસોસ નહીં કર હું હમણાજ દુશ્મનોનો સંહાર કરી જલદીથી આવ્યો આવુંછું પ્યારી તું ફઈબા પાસે રહે ને જેમ કહે તેમ વર્તજે.

(એમ કહી એકદમચાલ્યો જાયછે.)

કળાવતી—(સ્વગત) જોગતો સારો મળ્યોછે હવે મારા મનની ઉમેદ પાર પડશે ખરી. (પ્રભાવતીને) ચાલો આપણે અહીંથી ચાલ્યા જઈએ કેમકે અહીં દુશ્મનનો ડર રહેછે.

પ્રભાવતી—ફઈબા તમારૂં કહેવું ખરૂંછે પરંતુ હું તો મારા સ્વામીથી કદિ વીખુટી થવાની નથી ભલે જીવ જાય તો પણ શું થયું.

કળાવતી—તેમાં શું તે તો ક્ષત્રિ પુત્રછે માટે તેની કંઈપણ ફિકર કરવી નહીં.

પ્રભાવતી—ફઈબા ફિકર કેમ ન કરૂં મને મારા સ્વામીનાથથી બીજી કઈ ચીજ વધારે છે માટે અહીંથી જવા વિષે તમારે કંઇ કહેવું નહીં.

કળાવતી—પ્રભાવતી તને કાંઇ અકલ નથી જો દુશ્મન આવી આપણને પકડી જશે તો મારા ભત્રિજાને વધારે દુઃખ સહન કરવું પડશે માટે વિચાર કર તો સારૂં. પછે તારી મરજી જ્યારે મારો ભત્રિજો તને મારી સુપ્રત કરી ગયો તેથી કરીને કહેવું પડેછે.

પ્રભાવતી—(સ્વગત) અરે હું નહીં જઈશ ને ભવિષ્યથી તેમ બને તો મારા પ્રાણપતિને પણ એવું લાગશે કે મારી ફઈનું કહેવું માન્ય કર્યું નહીં માટે આ વખત જવાનો છે. (પ્રકાશ) ફઈબા ચાલો સારે જેવી આપની મરજી. (જાયછે.)

પ્રવેશ ૧૦મો.

સ્થળ-સંગ્રામ ભુમિ.

પ્રતાપસિંહ—અરે દુષ્ટ તું મારી પ્યારીનું હરણ કરી એકલો લડવા

---

* બકરી.

આવ્યો છે. તો તું મોતનેજ ઈચ્છેછે માટે જીવવું ચાહતો હોય તો મારા પાસે માફી માગી મારી પ્યારીને મારે હવાલે કર તારી સુકોમળ ન્હાની ઉમર જોઈ મને દયા આવેછે તેથીજ હું કહુંછું.

તખ્તસિંહ—અરે અહંકારી તું તારા ગર્વનાં વચન છોડ. ચાય તેવું સાર્દુલનું બચું નાનું તોપણ જોરાવર હાથીનો પ્રાણ જલદીથી લઈ શકેછે.

રામસિંહ—અરે ગમાર હજુ તને અકલ છે કે નહીં તું તારો જીવ વહાલો ગણુતો હોય તો મારી પુત્રી મને સોંપીને હેમખેમ ઘેર પહોંચ નહીં તો આ હજારો યોધા તારો જીવ હતો નહોતો કરી નાંખશે.

તખ્તસિંહ—હું તારા હજારો યોધાને હજારો અજા સમજુંછું તો તો તારા હજારો અજા એક છુટતી વયના સીંહના પંજામાંથી જીવતા જશેશું? માટે તારા લશ્કરનું ભલું ઈચ્છતો હોય તો સસરો થઈ જમાઈ કહી બોલાવ. (તે સાંભળતાં ખુબ લડાઈ જામેછે રામસિંહનાં કેટલાંક માણસો મરી જાયછે ને કેટલાંક નાસી જાયછે આખરે પ્રતાપસિંહને પકડેછે.)

પ્રતાપસિંહ—તમો મને છોડી દીઓ હું માફી માગુંછું

તખ્તસિંહ—બસ તારા મનની ઉમેદ પુરી થઈ. તું નહીં જાણુતો હતો કે આ ઉજેણીના તખ્તસિંહ છે. નામ સાંભળતાં

પ્રતાપસિંહ
રામસિંહ } (બંને હાથ જોડીને) શું ઉજેણીના મહારાજા તખ્તસિંહ! અમે આપને ઓળખ્યા નહીં. આ હથિયાર છોડી દઈએ છીએ, અને અમારો અપરાધ ક્ષમા કરશો.

તખ્તસિંહ—નહીં નહીં તેમાં હું કાંઈ નારાજ નથી આવો વખત કયારે મલત જે ઉજેણીની કલંક રહીત ગાદી સિંહરૂપ છે.

રામસિંહ—(પ્રતાપસિંહને) આપને હવે હું મારી બીજી કુંવરી પરણાવવા ધારૂંછું તે કબુલ કરશો.

પ્રતાપસિંહ—જેવી આપની મરજી.

રામસિંહ—(તખ્તસિંહને) મારી પ્યારી સુતા પ્રભાવતી કયાં છે ચાલો

આપણે તેને પણ શહેરમાં તેડી જઇએ (જાયછે પરંતુ પ્રભાવતી નહીં મળવાથી)

તખ્તસિંહ—અરે પ્યારી તું ક્યાંછે જલદી આવ મને તારા વિના આ જગો ભયંકર લાગેછે અરે ફૂઇબા ક્યાં ગયાં હું ફૂઇબાને ઓળખ્યા પારખ્યા વિના સોંપી ગઓ હરહર વિશ્વંભરા હવે મુને મારી પ્યારી ક્યાં મળશે. (સહુ કોઇ સોધવાને નીકળી જાયછે).

અંક ૫મો સમાપ્ત.

અંક ૬ઠો.

પ્રવેશ ૧લો.

સ્થળ-ચંપાવતી નગરીમાં કળાવતી ગુણકાનું મકાન.

પ્રભાવતી—(સ્વગત) અરે આતો કોઇ ઠગારી મને ઠગીને લાવી હોય તેવું લાગેછે કેમકે અહીં ઘણા પુરૂષો આવે જાયછે.

(તેવામાં કળાવતી પ્રવેશ કરેછે.)

કળાવતી—પ્યારી પ્રભાવતી લે આ મોતીનો હાર આ જરીયન સાડી આ જરીયન બાજુ વિગેરે સણગાર ધારણ કર.

પ્રભાવતી—ફઇબા જ્યાં સુધી મને મારો સ્વામી નહીં મળશે ત્યાંસુધી હું ઈશ્વર ભક્તિમાં મારા દિવસ ગુજારીશ અત્રે મને સણગાર સજી કોને ખુશી કરવાછે. સાંભળો,

રાગ મેવાડો.

સુણો ફઇબા માહરાં સણગાર શું કરૂં,
સણગાર શું કરૂં હુંતો સણગાર શું કરૂં. સુણો. ૧
મોતી હાર જોઇને હૈયું બળે આ વાર,
જરીયન સાડી તો જલાવે અંગ મારૂં અપાર. સુણો. ૨
કંથ રણભુમિ વિષે છે શું કરૂં સણગાર,
ઝાંઝર બેડી સમ મુનેતો લાગેછે આ વાર. સુણો. ૩

કંચન ચુડી હાથમાં ટહકતા દેખું હું,
પ્રાણનાથ વિના એ સણગાર શું કરૂં. સુણો. ૪

કળાવતી—તારૂં કહેવું ખરૂંછે પરંતુ તારૂં જોબન વ્રથા ચાલ્યું જાયછે તે સારૂ કહુંછું કેમકે મારો જીવ તને જોઈને બહુજ બળેછે.

પ્રભાવતી—વડીલ થઈને તમારે આવા અઘટિત વચનનો પ્રહાર ન કરવો જોઈએ.

કળાવતી—(જરા ગુસ્સાથી) અરે તું નાદાન છે તને હજુ કાંઈ માલમ નથી.

પ્રભાવતી—(કરોધથી) તમે શુ બકોછો, મને શું માલમ નથી.

કળાવતી—(જરા નરમાશથી) તું ક્રોધ શાવાસ્તે કરેછે હજુ તારી ઉમર નાની છે કોઈ દિવસ બાહાર નીકળી નથી તેથી તને સંસાર સુખની ક્યાંથી માલમ હોય તે સ્વાદ તો મારા જેવીજ જાણે. તેં સંસારનો સ્વાદ નવાનવા શોખીનોથી અનુભવ્યો નથી તેથીજ કરીને તું તખ્તસિંહ તખ્તસિંહ ઝંખ્યા કરેછે પરંતુ જ્યારે નવા નવા શોખીનોથી સમાગમ કરીશ ત્યારેજ તને સંસાર સુખની માલમ પડશે માટે મારા કહ્યા મુજબ કસોટી કાઢી જુઓ કેમકે હું કળાવતી ગુણકાજું ને મેં કસોટી કાઢી છે તેથીજ તને કહુંછું.

પ્રભાવતી—(સ્વગત) અહો ઈશ્વર આ ચંડાલણી મને તેની માફક સમજી આવા ક્રૂર વચન કહેછે માટે તેને જરા કહુંતો ખરી (પ્રકાશ) અરે દુષ્ટણી દુષ્ટ કર્મની કરવાવાળી વ્યભીચારણી, લંપટ તારી જીભ કેમ કપાઈ જતી નથી, તારૂં અંગ કેમ બળી જતું નથી. અરે કૃતઘ્નિ તું આવા દુષ્ટ વચનથી મારૂં શીયળ ભંગ કરવા માગેછે ભલે જીવ જાય તો શું થયું મારા ટુકડે ટુકડા કેમ નથી કરતી મારી ચામડી જીવતા કેમ નથી ઉતરતી, મરવું તો છેજ તું ગમે તે કર પણ હું મારૂં વ્રત કદિ ભંગ કરીશ નહીં અરે મને આવી રીતે ઠગી લાવતાં તને રસ્તામાં સરપ કેમ નહીં ડસ્યો, અરે દુષ્ટણી તું તારૂં કાળું કર ને અહીંથી દુર જા તારૂં કાળરૂપી મુખ મને નહીં બતાવ.

કળાવતી—જ્યારે તને હું સંપ સનેહથી વાત કરૂંછું ત્યારે તું બકેછે તો જોજે હું તારા કેવા હવાલ કરૂંછું. માટે જો મારા કહેવા

મુજબ વરતીશ તો સુખી થઈશ.

પ્રભાવતી—નહીંતો તું શું કરીશ હું તારા જેવી વ્યભીચારણી નથી. સાંભળ,–

ક્ષત્રી કલંક.

નિચ જાતની તું છે નાર, ફઈબા થઇ મુને રંગીરે.
મારા પતિથી પુરો કરી પ્યાર, ફઈબા.
ધિકધિક તારી જનેતા જે માય, ફઈબા.
નિચ વ્યભીચારણી વેસ્યાય, ફઈબા.
અરે નિચ દુખમની તું તન, ફઈબા.
મને ફસાવી લાવી તું ભુવન, ફઈબા.

કળાવતી—

કાળી ઘટા—એ રાગ.

ભોગવ સંસાર સુખ સારૂં, તેમાં શું જાશે તારૂં.
ખાલી સતી થઈ તું મરશે, દુઃખ કોણુ હૈએ ધરશે.
હજુ સ્નેહથી કરૂં વાત, થશે તુજ ઘાત.
વિચાર કર તો સારૂં, તેમાં શું જાશે તારૂં.

પ્રભાવતી—
કમજાત તું બકતી રહેને, કહ્યું માન જરા મને દેને.
હું લઈશ તારો પ્રાણુ, સાચું જાણુ.
સતીને છેડ માં વારૂં, હજુ માને તો સારૂં.

કળાવતી—
મન મારૂં દયા ધરેછે, કમોતે તું શીદ મરેછે.
કરીશ તુજને બંદીવાન, નહીં રે સાન.
પછે પસ્તાઈશ તું વાર, કહ્યું તું માનને મારૂં.

પ્રભાવતી—
પટ પટ તું થકી શું થાય, મારી ઈશ્વર કરશે સહાય.
હુંછું ક્ષત્રિ કેરી બાળ, જરા નિહાળ.
આખર નહીં થાશે સારૂં, હજી માને તો સારૂં.

અરે દુષ્ટણી તને ધિક્કાર, તારા જીવતરને ધિક્કાર, તારી જાતને ને તારાં માત તાતને પણ ધિક્કાર છે. શું તું મને તારા

જેવી સમજેછે? નહીં નહીં શુદ્ધ કંચન છે તે કદી પીતળ તુલ્ય થશેજ નહીં.

કળાવતી—

માન દાસી તું માન દાસી તું—એ રાગ.

સોચ કરતો સહી સોચ કરતો સહી તખ્તસિંહમાં શું મોહી રહી.
સંસારનું સુખ કેવું છે વિચાર કર તું મનમાં,
નવા નવા શોખીનો સાથે મોજ કર ભુવનમાં. સોચ.
સમજુ થઈને સંસાર સુખ તું શીદ ગુમાવે ઘેલી,
શોખીન પુરૂષો માટે તુજને ઈશ્વરે સરજેલી. સોચ.

પ્રભાવતી—

રંડા તું તો શુંય બકેછે વચન બાણ પ્રહારી,
સમજી ને તું વાત છોડ ને હું છું ક્ષત્રિ નારી.
કહ્યું માન ખરે કહ્યું માન ખરે વણ મોતે તું શીદ મરે.

(ગુણકા જાયછે.)

પ્રભાવતી—(સ્વગત) અહો દિનદયાળ મેં તારો આવો શું અપરાધ કર્યો હતો કે, જેથી મારા ઉપર આવો દુઃખરૂપી વરસાદ વરસાવેછે.

બનજારો.

હાંરે ઈશ સહાય કરો આવારી, અરજ સુણી ખબર લો મારી.
હાંરે વિભુ તમે છો જગતના કર્તા, રંક જનોની દાદ સાંભળતા;
મુજ દુઃખ હરો આ વારી, અરજ સુણી ખબર લો મારી.
હાંરે નીચ વેશ્યા મને આવારી, કરે ૫સાવવા તૈયારી;
રક્ષા કરો ને રંક આધારી, અરજ સુણી.
ઈશ ઉપાય મારો શું ચાલે, કડું વચન મુજ મન બાળે;
ડુબી શોક સમુદ્ર આ વારી, અરજ સુણી.
તમે રક્ષા પાંડવની કીધી, અરજ દ્રૈપતીની મન લીધી;
તેમ કષ્ટ કાપો ને મોરારી, અરજ સુણી.
હવે હરી મુજને બચાવો, આમ કષ્ટથી નહીં રીબાવો;
ઈશ પાપ શું પ્રગટયાં અપારી, અરજ સુણી.

રીતાની અરજ ઉર લીધી, બળતી આગ શિતળતા કીધી;
તેમ કષ્ટ હરો ત્રિપુરારી, અરજ સુણી.

(તેવામાં ઇનાયતખાં સિપાઈ પ્રવેશ કરેછે.)

ઇનાયતખાં—કળાવતી, રાજાસાહેબ તેરેકુ નાચ કરનેકે લીએ બુલાતેહૈ.

કળાવતી—ચલીએ જનાબ દાસી આનેકુ ત્યાર હયે. (જાયછે.)

પ્રભાવતી—(સ્વગત) અહો ઈશ્વર તારો ખેલ કેવો છે ? રાયને રંક અને રંકને રાય કરેછે. અરે જ્યારે શીર પર દુઃખનો વરસાદ પડેછે, ત્યારે કાંઈ બાકી રહેતી નથી. હશે જેમ કીસમતમાં હશે તેમ બનશે. પરંતુ હવે હીમત રાખી અહીંથી છુટવાનો ઉપાય કરૂં કેમકે કળાવતી પણ બહાર ગઇ તેથી વખત પણ સારો મળ્યોછે.

(પુરૂષનો સ્વાંગ ધરીને જાતી રહુછે.)

પ્રવેશ રજો.

સ્થળ-ચંપાવતી નગરની રાજસભા.

ચંપકસેન—પ્રધાનજી, આપણી સભામાં આજકાલ ક્ષત્રિ લોકો શું કારણથી ઓછા આવેછે. ?

કેસરીસીંઅ પ્રધાન—મહારાજ, આપણા શહેરમાં કોઈ મોટો સોદાગર આવેલો છે. તેથી સરવે લોકો ત્યાં જતા માલમ પડેછે.

ચંપકસેન—વારૂ પ્રધાનજી તે સોદાગરને આપણી સભામાં બોલાવો.

કેસરીસીંગ—(સિપાઈ પ્રત્યે) બુલબુલખાં અપને શહેરમેં જો નવા સોદાગર આયા હે ઉસકું જલદીસે ઈધર બોલાઓ.

(સિપાઇ બોલાવી લાવેછે.)

(પ્રભાવતી પુરૂષને વેશે આવી પ્રણામ કરેછે.)

ચંપકસેન—(આસને બેસાડયા બાદ) આપનું નામ શું ?

પ્રભાવતી—(વિચાર કરીને)મહારાજ હું જાતે ક્ષત્રિછું મારૂં નામ ચકળસિંહ છે. કામ સોદાગરીનું કરૂંછું.

ચંપકસેન—ત્યારે સોદાગરીમાં પેદાશ તો સારી હશે?

પ્રભાવતી—આપનાં પુન્ય પ્રતાપથી બે પૈસા સારી રીતે પેદા કરૂંછું.

અપકસેન—(સ્વગત) આ કોઈ રાજવંશી છે તેમાં કાંઈ શક નહીં. કેમકે તેની વાતની ચતુરાઈ બોલવાની ઢબ રાજવંશી સિવાય આવી હોય નહીં, માટે આમાં કાંઈ છુપો ભેદ છે તેમજ ક્ષત્રિ જાતીમાં પણ ઘણો લાયક પુરૂષ માલમ પડેછે. તો મારી કુંવરી આનેજ પરણાવું (પ્રકાશ) અકળસિંહ, મારૂં એક વચન માન્ય કરશો?

પ્રભાવતી—મહારાજ શું હુકમ છે, આપનું વચન કદી મિથ્યા કરૂં નહીં.

અપકસેન—આપનાથી મારી કુંવરી જયદેવીનાં લગ્ન કરવા ચાહુંછું તે કબુલ કરશો.

કેસરીસીંગ પ્રધાન—(સ્વગત) મારે પણ રાજાથી બીજો કયો મોટો સગો જોવો છે (પ્રકાશ) અકળસિંહ, મારી દીકરી વિજયાદેવીનાં લગન પણ આપ કબુલ રાખશો.

પ્રભાવતી—(સ્વગત)અરે હું અબળા જાતી હવે શું કરૂ આ તો નિમાજ પડતાં મસીદ કોટે વળગે તેની માફક થયું. (વિચાર કરીને પ્રકાસ) મહારાજ મને એક વરસનું વ્રત છે તેથી કરી વરસ પુરૂં થતાં આપની વાત મંજુર કરીશ.

કેસરીસીંગ—તે વાતની ફિકર નહીં પરંતુ લગ્ન હાલ કરો.

પ્રભાવતી—(સ્વગત) વરસ પછી બને તે ખરૂં (પ્રકાશ) મહારાજ જેવી આપની ઈચ્છા. (એટલી વાત થયા બાદ પરણાવી દેછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ-જયદેવીનો મેહેલ.

જયદેવી—પ્યારી બેન આપણને સ્વામી ઘણા સુંદર મળ્યા. તેમની પરિક્ષા મેં તો માયરામાંજ કરી લીધી છે.

(ક્ષત્રિ લોકોમાં ખાંડાનો રિવાજ છે. પરંતુ આ લોકો હાથેવાળે પરણ્યા હતા)

વિજયાદેવી—હા બેન તારૂં કહેવું સાચું છે હું પણ મારા મોહોલમાંથી જોઈ રહી હતી, તે વખતે પ્રાણનાથ વરઘોડે ચઢ્યા હતા તે

વખતે મુખનું તેજ તો જાણે ચંદ્રમાનો પ્રકાશ. બેન આપણી ઉમેદ તો માતુ શ્રી ઉમૈયાજીએ સફળ કીધી.

જયદેવી—બેન હવે કયે દિવસ વરસ પુરૂં થાય, કે સ્વામીનાથ મોહોલે પધારે.

વિજયાદેવી—બેન વરસને જાતાં સું વાર છે, આજકાલ કરતાં તો નવ મહીના થઈ ગયા હવે ત્રણ મહીનાને જતાં કંઈ વાર લાગસે નહીં.

જયદેવી—તમારૂં કહેવું ખરૂં છે પરંતુ સ્વામીનાથ બે ઘડી બેસવા પણ આવતા નથી.

વિજયાદેવી—બેન આપણા સ્વામી ટેકવાળા છે. તો ટેકવંત પુરૂષ પોતાની ટેક ખરી રીતે પાળેછે માટે વરસ પુરૂં થયા બાદ આવશે.

જયદેવી—બેન આપણે પુર્વે પુન્ય કાધેલાં જેથી આપણને મનગમતા સ્વામી મળ્યા.

વિજયાદેવી—હા બેહેન તમારૂં કહેવું યોગ્ય છે આપણે માતુ શ્રી ઉમૈયાજીની પુજા કરતાં હતાં તેથી માતુ શ્રી ઉમૈયાજીએ એ સ્વામી મેળવી આપ્યા.

જયદેવી—બેન આજે સોમવાર છે. માટે ચાલો શ્રી ઉમૈયાજીની પુજા કરવા જઈએ.

વિજયાદેવી—ચાલો બેન. (જાયછે.)

પ્રવેશ ૪થો.

સ્થળ-ચંપાવતી નગરીનું પાદર.

તખ્તસિંહ—(સ્વગત) મને ફરતાં ફરતાં ત્રણ વરસ થઈ ગયાં પરંતુ હજુ સુધી મારી પ્રાણપ્રિયાનો કાંઈ પતો મળ્યો નહીં, (ઉદાસથી) અરે ઈશ મારી પ્રાણપ્રિયા કયારે મળશે. (તેવામાં એક દેવળ જોવાથી દેવળમાં જઈને) વાહ વાહ ! અંબે માતુની મુર્તી કેવી શોભી

રહી છે અરે માતુ અંબે મારી ચંદ્રમુખ ત્રિયાનો ક્યારે મેલાપ થશે?

(તેવામાં પ્રભાવતી પુરૂષને વેશે આવેલી છે તે છુપી રીતે સાંભળેછે.)

તખ્તસિંહ— રાગ કલ્યાણ.

ઓ માતુ અંબિકા! નમન તુને કરૂં,
પ્યારીના વિયોગથી ઝુરી હું તો મરૂં.
પૂર્વે પાપ કીધાંજ ઘણાં મેં કહેતાં નાવે પાર.
ઓચીંતાં તે આવી મુજને નડીઆં આણીવાર ઓ માતુ.
પઇઆ થઇને મને પ્રશાવ્યો અરે ઈશ આ વાર,
પ્રાણપ્રિયાનું હરણ તેણે તો કીધું છે નીરધાર. ઓ માતુ.
અંબે માતુ અકળ દેવી છે જગમાં તું વિખ્યાત,
મેહેર કરી મુજ પ્રાણપ્રિયાને મેળવને જગમાત. ઓ માતુ.
પ્રાણપ્રિયાનો પ્રેમ સંભારી હૈડું જાય ભરાઈ,
ચંદ્રવદનીએ ચિત્ત હર્યું છે મારૂં અંબે માઈ. ઓ માતુ.
ભામનીએ મુજ મન ભમાવ્યું પ્રેમ કરીજ અપાર,
પ્રાણ પિયારી પડી વિખુટી સુંય કરૂં આ વાર. ઓ માતુ.

અહો મારી પ્રાણપ્રિયા, મનહરણ ચંદ્રકાંત્તા, મૃગનયની મારી નયનાવિલાસી પ્યારી કયાં ગઈ. અરે હુંજ ભુલ્યો જે કોઈ પુરૂષ થઇને આવી તેને મેં સોંપી તેથીજ એ કામ બન્યું છે. અરે હવે તો રખડી રઝળી મરવાનો વખત આવ્યો આ શરીર કઇ જગોએ પડશે તેની પણ કંઈ માલમ નથી માટે આ ઉત્તમ જગોએજ મરૂં તો બહુ સારૂં (તરવાર મ્યાનથી બાહાર કાઢીને) અહો માતુ અંબે આ કમળ પુજા તને અર્પણ કરૂંછું.

(તેમ કરીને તરવાર પોતાના ધડ ઉપર ઉગામેછે તેવામાં અકળસિંહ પછવાડેથી આવીતરવાર પકડી લેછે)

અકળસિંહ—અરે તમે શા દુ:ખે મરોછો?

તખ્તસિંહ—તમને શું મતલબ છે, તમે દુર રહો, મને મારો પ્રાણ વહાલો નથી તો તમે વળી અહીંયાં કયાંથી આવ્યા.

અકળસિંહ—અરે તમે મને દુ:ખની વાત કરો. ફોકટ મરશો તેમાં શું વળશે!

તખ્તસિંહ—તમને હું શું વાત કરૂં મારૂં દુઃખ કોઇથી ભાંગે તેવું નથી.

અકળસિંહ—વારૂ આપનું નામ શું ?

તખ્તસિંહ—(વિચાર કરને) મારૂં નામ રૂપસીંગ છે.

અકળસિંહ—સાચું કહોછો કસમથી તમારૂં નામ તેજ છે.

તખ્તસિંહ—મારા નામથી તમારે સું કામ છે.

અકળસિંહ—હું તમને મિત્ર સમજી પુછુછું તો પછી બીનભાવ નહીં રાખવો જોઈએ માટે આપ આપનું સાચુ નામ કહો.

તખ્તસિંહ—(વિચાર કરીને) મારૂં નામ તખ્તસિંહ છે ઉજ્જેણીનો રાજા તે હું પોતે છું, મારી સ્ત્રી મારી મુર્ખાઈથી મારાથી વીખુટી થઇ ગઈ છે માટે મારે આ કામ કરવું પડેછે. પણ જો જો મારા નામની કોઈને માલમ ન પડે.

અકળસિંહ—એવી વાત સું કરોછો હું કાંઈ બેવકુફ નથી કે આપનો છુપો ભેદ ખોલીશ, હું પણ તમને રૂપસીંગ નામથીજ બોલાવીશ. પરંતુ આપની ત્રિયાનું સ્વરૂપ કેવું છે તે મને જતાવો તો હું જલદીથી તેનો પતો મેળવી આપીશ.

તખ્તસિંહ—અરે દોસ્ત હું મારી પત્નિનાં રૂપનું શું ધ્યાન કરૂં ચંદ્રકાન્તી સમ સોભીતું મુખ; કેશ દેખી શેસનાગ છળકી પાતાળમાં પેસે ચાલ નીર્ખી હંસ લાજી મરે જંઘા જોઈને કદળી પણ ટુટી પડે. દાંત જોતાં દાડમની કળી, જેનો કંઠ સુણીને કોયલ પણ કાળી થઈ પરંતુ વધારે ઓળખાણ આપવાની જરૂર નથી.

અકળસિંહ—તેનું સું કારણ ?

તખ્તસિંહ—દોસ્ત તે વાત કરતાં મને લીહાજ આવેછે.

અકળસિંહ—કશી વાતની શરમ રાખો તો તમને મારા કસમ છે દોસ્તથી કાંઈ જુદાઈ રાખવી નહીં ખપે.

તખ્તસિંહ—સાંભળો આપની ચાલ આપની ચતુરાઈ આપનો કંઠ, ને આપની આકૃતિ રંગે રૂપે સરવે બિનાથી તમોનેજ મળતી છે તો વધારે બોલવાની મને જરૂર નથી.

અકળસિંહ—(સ્વગત) ઇશ્વર મેહેરથી હવે મને મારા પ્રાણનાથ

મળ્યા. (તેવામાં કોઈ માણસો આવતાં જોઈને તેની પાસે જઈને) અરે ભાઈ તમે કોણછો? ને આમ ઉદાશી આવેશમાં ક્યાં જાઓછો?

સુબુદ્ધિ—ભાઈ અમે તો અમારા મહારાજા તખ્તસિંહને શોધવા નીકળ્યા છીએ ચાર વરસ થઈ ગયાં પણ હજુ પતો લાગતો નથી પરંતુ આપ શા માટે પુછોછો ને આપનું નામ શું?

અકળસિંહ—મારૂં નામ અકળસિંહ ચાલો મારી સાથે તમને તમારા મહારાજા બતાવું.

(સાથે લઈ જાયછે.)

તખ્તસિંહ—(સુબુદ્ધિ પ્રધાનને આવતા જોઈને) અરે પ્રધાન તમે અહીં ક્યાંથી!

સુબુદ્ધિ—મહારાજ (નમન કરીને) આપની સોધને માટે નીકળેલા પરંતુ આ અકળસિંહે આપનો મેળાપ કરાવ્યો.

તખ્તસિંહ—વારૂ પ્રધાનજી, આપણા રાજની આજકાલ કેવી હાલત છે?

સુબુદ્ધિ—મહારાજ આપના ગયા બાદ થોડી મુદત પછી હું પણ આપની શોધમાં નિકળ્યોછું તેથી કરી રાજહકીકતની મને કંઈ ખબર નથી.

વિદુશક—ભાઈ એ સરવે વાત છોડો ચાલો મને ભુખ લાગીછે. તો પેહેલાં પેટ પુજા કરીએ પછે બીજી વાત કરીશું.

(સરવે જાયછે.)

પ્રવેશ પમો.

સ્થળ—ચંપાવતી નગરની રાજસભા.

ચંપકસેન—પ્રધાનજી, આજની સભા સુર્ય કિરણસમ શોભી રહી છે ને મારી મનોવૃતિમાં પણ ખુશાલી ઉત્પન્ન થતી હોય એમ લાગેછે તો ધારૂંછું કે કંઈ પણ શુભ સમાચાર મળવા જોઈએ.

કેશરીસીંગ—સત્ય છે માહારાજ, આપના પુન્ય પ્રતાપમાં સદાય આનંદ વૃતીજ છે.

વિદુશક—(વચમાં) મહારાજ આપનું કહેવું ખરૂં છે. આનંદવૃતિ તો

અવશ્ય થશે પરંતુ એક જીવ પણ જરૂર જશે મને પણ એમ ભાસેછે તેથીજ તમારી આગળ ભભકું છું.

ચંપકસેન—અકળસિંહ આજે આપણી સભા પાવન (પવિત્ર) કરવા આ કોણ આવેલા છે?

અકળસિંહ—(વિચાર કરીને) મહારાજ હું તો ઓળખતો નથી પરંતુ કળાવતી ગુણુકા તેમને ઓળખે છે. માટે આપ તેને બોલાવો.

તખ્તસિંહ—(મનમાં) આ શું બોલેછે ગુણકા મને કેવી રીતે પિછાણુતી હશે? રખેને મારી બેઈજત તો નહીં કરે. (ખેર જોઈએ શું થાયછે.)

ચંપકસેન—પ્રધાનજી, કળાવતી વારાંગનાને બોલાવો.

કેસરીસીંગ—બહુ સારૂં મહારાજ (સિપાઈ કળાવતી વારાંગનાને લાવેછે.)

કળાવતી—(નમન કરયા બાદ) ગાયન કરેછે.

સાખી.

પીયા મારા કેફ છોડતું આણી વારે અલો આણી વારે,
છોડ તું આણી વારે જીવતા જહાનમમાં ડુબાવી તે મારે. પીયા ૧.

સજન છોડો કેફને તેમાં નથી કાંઈ સાર,
વિશ્વાસ કોઈ કરે નહીં હલકા થવું છે નિરધાર. પીયા. ૨.

ભાંગ પીનારને જાણીએ ભંગીનીજ સમાન,
લડથડીઆં ખાતો ફરે દિલનું નવ રહે ભાન. પીયા ૩.

અફીણુ ખાવાથી આબરૂ રહેતી નથીજ લગાર,
આટા વિણુ બાળક રૂએ હાય વોય કરે ઘર નાર. પીયા ૪.

હુકો હરઘડીએ પીએ વળી તમાકુ ખાય,
ખઈ રોગ ઉત્પન્ન થઈ જમપૂરી તે તો જાય. પીયા ૫.

દારૂ ગાંજા વ્યસને કલેજું બળેજ અપાર,
ગંદી જગે ગડબડી પડે બુરા હાલ થાએ તેણી વાર. પીયા. ૬.

મદિરા તાડી તો થકી કહો ફાયદો શું થાય,
ઇજત ઘટે પીધા થકી વળી ગાંઠનો પૈસોરે જાય. પીયા ૭.

સાર વ્યસનમાં વળી રહયો નથીજ લગાર,
છોડો સજનો કેફને દઈ તેરે તો ધિક્કાર. પીયા ૮.

ચંપકસેન—(તખ્તસિંહ તરફ આંગળી કરીને) કળાવતી તું એમને ઓળખેછે.

કળાવતી—નહીં હજુર હું નથી પિછાણુતી.

ચંપકસેન—અકળસિંહ તે તો તેમને નથી ઓળખતી.

અકળસિંહ—ત્યારે મહારાજ આપની મરજી હોય તો હું કહું.

ચંપકસેન—કહો ત્યારે તે કોણ છે?

અકળસિંહ—સાંભળો હજુર.

લાવણી.

મુંજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી—એ રાગ.

સુણો ચંપાવતીના નાથ ચંપકસેન ભુપ,
છે ઉજેણીના તખ્તસિંહ એ નૃપ.
છે એમના એ પ્રધાન સુબુધિ શાણા,
આવ્યા એ આપને ધામ સુણો મહારાણા.

ચંપકસેન—(એકદમ ઉઠી પ્રણામ કરેછે) અહો ધન્ય ઘડી ધન્ય ભાગ્ય જે અમારા ઉપર કૃપા કરી આપ પધાર્યા આપને મેં નહીં ઓળખવાથી સન્માન પણ કીધું નથી તે માફ કરશોજી.

તખ્તસિંહ—(સ્વગત) અરે આ તો મારી વાત લઈને ફજેતી કરવા ધારેછે. (પ્રકાશ) નહીં નહીં હું આપની પાસે ઘણુંજ સન્માન પામ્યોછું (બન્ને બાજુમાં બેસેછે)

ચંપકસેન—અકળસિંહ તેમનું અહી આવવું શા કામના પ્રસંગે થયુ?

અકળસિંહ—સાંભળો મહારાજ.

રાગ ઉપરનો.

ઉજેણી ભુપ ઈચ્છાય પરણવિ નારી,
હોય પતિવ્રતા આચાર ઘણો જે ભારી.
એવી દિલમાં રાખી ટેક વિદેશમાં ફરતા;
કંચનપુર આવ્યા એહ કન્યા નીરખતા.
રામસિંહ રાજાને ઘેર પુત્રિ તો એક,
પ્રભાવતી નામે છેય શુંય વિવેક.

પણ સતી ધર્મની ટેક ધ્યાન તો ધરતી,
એક મુખે અંગે નામ સદા ઉચરતી.

મન વિચાર કરી એ નૃપ અંગે દેવળમાં,
જઈ સુતા એ તો આપ નિદ્રા ઘેરણમાં.

પછી રામસિંહની તન પુજા તો કરવા,
આવી દેવળની માંય વૃત આચરવા.

દેખી સુતા ઉજ્જેણી ભુપ દેવળની માંહી,
જોઈ અંગમાં વ્યાપ્યું ઝેર રોમરોમ ત્યાંહી.

તેણે કર્યો મન વિચાર મારૂં લઈ ઝટકે,
પણ સાહસ કૃત્યનાં બોધ થકી મન અટકે.

ચંપકસેન—(પોતાના પ્રધાન પ્રત્યે) પ્રધાનજી આખું વાત તખ્તસિંહ ઉપર તે પુરેપુરો જુલમ ગુજરી ગયો અહો ઈશ્વર તારી ગતી ન્યારી છે. (તખ્તસિંહને) કેમ મહારાજ આ વાત બરોબર છે?

તખ્તસિંહ—(શરમાઈને) હાજી તે વાત બરોબર છે. (સ્વગત) અરે આને આટલી બધી ખબર ક્યાંથી? (પ્રકાશ) અકળાસિંહ આપને આટલી માહીતગારી ક્યાંથી?

અકળસિંહ—મહારાજા ધિરાજ ભુત ને વર્તમાન એ બે વિદ્યા મેં સંપાદન કીધીછે બાકી ભવિષ્ય વિદ્યા હું નથી જાણતો.

ચંપકસેન--અકળસિંહ પછે શું વાત થઈ તે કહો.

અકળસિંહ--સાંભળો કૃપાળુ.

રાગ ઉપરનો.

પણ નિરખ્યું જ્યારે મુખ હર્ષ તો પામી,
એણે મન વિચાર્યું આપ કરૂં એ સ્વામી

વળી સુતા દેખી નૃપ વિચારી મનમાં,
નિશાની પોતે કરી ગઈ ભુવનમાં.

એહ ઉઠયા નૃપ જે વાર નિશાની જોઈ,
એ મન વિચારે આપ વેરણ નિદ્રા હોઈ.

પછે મુલાકાત નવ થઈ પીઉ પ્યારીને,
એ જંપે પીઉનું નામ હિંમત હારીને.
નિજ પિતુએ કરી વિચાર સંદેશો કાવ્યો,
ભોપાળ થકી તો વરવા રાય બોલાવ્યો.
તે પ્રતાપસિંહ તો જાન આવ્યો લઈ સારી,
સુણી વાત નૃપ એ વ્યાકુળ થયા મન ભારી.
એ સંકટ સહી અપાર તખ્તસિંહ ત્યાંહી,
આવ્યા ત્રિયા લઈ સાથ જંગલની માંહી.

ચંપકસેન—(તખ્તસિંહ પ્રત્યે) આપ મોટી હિંમત ધરીને તે કન્યાને વર્યા ધન્ય છે માળવપતિ આપના માત પિતાને (અકળસિંહને) કેમ પછી શું વાત બની?

અકળસિંહ—મહારાજધિરાજ ત્યાં એક ગુણકા આવી તે પ્રભાવતીનું હરણ કરીને લઈ ગઈ.

ચંપકસેન—અકળસિંહ તે વાત તમારી જુઠી છે આવા ક્ષત્રિવિરની પાસે કોની હિંમત ચાલે કે હરણ કરી ને લઈ જાય.

અકળસિંહ—મહારાજ તખ્તસિંહ ઉપર જંગલમાં જે વખતે સૈન ચઢી આવ્યું, ત્યારે તે કપટ રૂપથી થઈ આવેલી કુટ્ટીને ભરૂંસે પોતાની પ્રિયાને છોડી રણભુમી વિષે ગયા પછી તો સ્ત્રી જાતીને ભોળવવી તેમાં શું તો તે કપટી ખઈ તે નેક અબળાને સાચું જુઠું સમજાવી પોતાને ઘેર લઈ ગઈ.

ચંપકસેન—અરે વિશ્વંભરા આ તો ઘણો માઠો બનાવ બન્યો! તે બિચારી કેવી હાલતમાં દુઃખી થતી હશે પરંતુ તે હરણ કરવાવાળી ગુણકા કોણ?

કળાવતી—(સ્વગત) અરે આતો મારૂં ચરિત્ર ખુલું થશે હે ઈશ્વર તું કરે તે ખરી. (ઉદાસ થઇને બેસેછે.)

અકળસિંહ—મહારાજ મારૂં એક વચન રાખો તો કહું?

ચંપકસેન—તેં વાત ખરી પરંતુ તમારૂં વચન મારા સમજવામાં છે

માટે તે વચન હું કદી રાખીશ નહીં. (તખતસિંહને) કેમ માલવપતિ?

તખ્તસિંહ—બેશક આપનું કહેવું ખરૂં છે. પરંતુ તે ગુણકાને મારવાથી મને મારી સ્ત્રી મળશે નહીં અગર જીવતી હશે તો એમજ મળશે માટે આપ અકળસિંહનું વચન રાખો.

ચંપકસેન—ધન્ય છે માળવપતિ તમારા જેવા દયાળુ મેં કયાં જોયા નથી. ધન્ય છે તમારી અપકાર પર ઉપકારની દ્રષ્ટિને (અકળસિંહને) તમારૂં વચન રાખીશ મને જલદીથી તે ગુણકાનું નામ બતાવો.

અકળસિંહ—મહારાજ તે હરણ કરવવાળી આ કળાવતી ગુણકા.

ચંપકસેન—(ક્રોધના આવેશમાં કળાવતી તરફ જોઇને) અરે દુષ્ટ ચંડાળણી તેં તારૂં દુષ્ટ કર્મ કીધું આખર જાતેજ ગઈ અરે હું તને તારા કૃત્યનું ફળ પુરેપુરૂં ચખાડત પરંતુ લાચારછું કે વચનથી બંધાણોછું માટે જા તારૂં કાળું કર ને તે સ્ત્રીને મારી પાસે જલદી લાવ.

કળાવતી—(નિચું મુખ રાખીને સ્વગત) મરવાનો ડર નથી માટે જુઠું ન બોલવું અગર જુઠું બોલીશ તો મારી જઈશ (પ્રકાશ) મહારાજ, હું કસમથી કહું છું કે તે સ્ત્રી મારે ઘેરથી નાસી ગઈ. તે કયાં ગઈ તેની શોધ કરાવી પણ પતો મળ્યો નહી.

પૃથુદશોંદી—

કવિત.

હરામ નિતીના નરો હરામી દીલમાં ચાય,
નિચથી ઉચંત કામ હોના તો મુસકેલ હે.
પાપી જાણે પાપ મારૂં સદાય રહેશે છાનું,
ઇશ્વરના દરબારમાં માલમ તો તે વેલ હે.
ખોદે બીજા સારૂ ખાડ પડે તેમાં નિશ્ચે આપ,
પછાડીથી પસ્તાવો પાપીએ તો કરેલ હે.
કહે દશોંદી આ સમે સુણો તખ્તસિંહ તમે,
પાપિ પાપ માંહી પછે પોતેજ લથડેલ હે.

ચંપકસેન—(સીપાઈને) આ દુષ્ટ રાક્ષસીને મારીને મનાવો એમ કહિ માનશે નહી.

તખ્તસિંહ—મહારાજાધિરાજ તેને મારવી નહીં, મારા કીસમતમાં જે વાત લખેલી હતી તે બની તેમાં તેનો શું દોશ છે.

પૃથુદસોંદી—ધન્ય છે માલવપતિ.

કવિત.

પરાક્રમમાંહિ પુર ઉજેણીના ક્ષત્રી સૂર,
દયાવંત દિલમાંહી ઇશ્વરે તો ધડ્યા હે.
નેક નિતી તો જીનુંકી ચંપકસેને તો દેખી,
પરદુઃખ ભંજન નામ અસલથી પડયા હે.
ઉજનના તખ્તપતિ વિખ્યાત છે વિશ્વ વિસે,
પર દુઃખ કાપવાને શૂરા થઈને લડયા હે.
દસોંદી કહેછે સુણો તખ્તસિંહ માહારાજા,
અવગુણ ઢાંકી ઉપકારમાં તો ખડા હે.

અકળસિંહ—(ચંપકસેનને) મહારાજ આપની મરજી હોય તો તેઓને હું અહીં લાવું.

ચંપકસેન—શાબાસ છે અકળસિંહ તમારી ક્ષત્રિવટને તમે પણ તે અબળાને પુરી સહાયતા કીધી માલમ પડેછે; જાઓ જલદીથી તે અબળાને મારી પાસે લાવો. (ગુણકા તરફ ઈસારત કરીને) ને આ રાંડને મારા દેશ પાર કરો. (હુકમ મુજબ સિપાઈઓ તને દેશ પાર કરેછે.)

અકળસિંહ—મહારાજ મેં આપનો મોટો ગુન્હો કીધો છે તે માફ હોય તો લાવું.

તખ્તસિંહ—(સ્વગત) અરે સાયત આ મારી ત્રિયા તો પુરૂષને વેશે નહીં હોય? ખેર જેમ હશે તેમ હમણા જણાઈ આવશે.

ચંપકસેન—અકળસિંહ તમારો ગમે તેવો ગુન્હો હોય તે પણ માફ છે.

અકળસિંહ—મહારાજ આપની પુત્રિ તથા પ્રધાનની પુત્રિને આ

સ્થળે બોલાવો. (બંને કુંવરીઓને દાસીઓ સહીત બોલાવી લાવેછે ને સહુ વિચારમાં પડેછે.) (દાસી પ્રત્યે) બાનીઓ તમે આ પડદો તખ્તસિંહ તરફ ઝાલીને ઉભી રહો.

(દાસીઓ તે મુજબ પડદો ઝાલી ઉભી રહેછે.)

તખ્તસિંહ—(સ્વગત) અહો ઈશ્વર તારી ગતિ ન્યારી છે.

અકળસિંહ—

ગીતી.

સુણો નૃપ મહારાજા પિતા તુલ્ય હું તમને જાણું,
આ બેઉ પુત્રિ તમારી બેનો મારી હું તેને પરમાણું.

ચંપકસેન—(ગુસ્સાથી) અકળસિંહ તમે શું બોલ્યા? મારી પુત્રીઓને પરણ્યા પછી છેહ દેવોછે શું?

અકળસિંહ—મહારાજ મારી અરજ સાંભળ્યા પછી ગુસ્સો કરો તો ઠીક, પણ આગળથી. (એટલું બોલી પુરૂષનો લીબાસ કાઢીને ગાયછે.)

લાવણી.

મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી એ—રાગ.

તમે સુણો ચંપકસેન ભૂપ વિતક વાત મારી,
હું હવે સોદાગર નથી પુત્રિ તમારી.
હું સંકટ સહી અપાર ગુણકા ભુવનમાં,
સંકટથી મુક્ત થવા વિચાર્યું મનમાં.
લઈ સોદાગરનો સ્વાંગ આપ પાસ આવી,
મને જાણી ક્ષત્રિ શૂર બેને પરણાવી.
મને મળ્યા પ્રાણાધાર ફરતા જંગલમાં,
વળી મળ્યા તેગનો પ્રધાન તેજ ભુવનમાં.
હું લાવી ધરી હુલ્લાસ આપ પાસ,
પિતુ આપ કૃપાથી સફળ થઈ મુજ આશ.
આ બેય પુત્રિઓ આપ તણી જે પ્યારી,
હવે કરો ઉચિત કામ ચિત વિચારી.

ચંપકસેન—પ્રધાનજી ધન્ય છે પ્રભાવતીને કે જેણે દુઃખ સહન કરી

પોતાના પતિની શોધ કરી તો હવે આપનો શું વિચાર છે.

કેશરીસિંગ—મહારાજ જેવી આપની ઈછા.

ચંપકસેન—પ્રધાનજી મારો વિચાર તો એવો છે કે પ્રભાવતી, વિજ્યાદેવી તથા જયદેવી આપણી ત્રણે પુત્રિઓ તખ્તસિંહને પરણાવીએ.

કેશરીસિંગ—મહારાજ આપના આ ઉતમ વિચારથી હું ઘણો ખુશીછું

ચંપકસેન—(તખ્તસિંહ) માલવપતિ આ મારી ત્રણ દિકરીઓ સાથે આપ લગ્ન કરો હું, આપની વેરે પરણાવવા ચાહુંછું.

તખ્તસિંહ—જેવી આપની ઇચ્છિા.

ચંપકસેન—પ્રધાનજી લગ્ન જોવરાવી જલદીથી વિવાહનો બંદોબસ્ત કરો (તખ્તસિંહને) માલવપતિ હું ત્રણસો ગામ કન્યાદાનમાં આપને અર્પણ કરૂછું.

તખ્તસિંહ—તથાસ્તુ. (સરવે જાયછે.)

અંક ૭મો.

પ્રવેશ ૧લો.

સ્થળ—નાટચ ભુમી.

સુત્રધાર—(પ્રવેશ કરીને)

રાગ કલ્યાણ.

તખ્તસિંહ નૃપ ધન્ય માલવ ભુપતિ,
જશ તુમારો જુગમાં જામો અખંડ નૃપતિ.
ક્ષત્રિ શૂરતો તારૂં સાચું મોટી ધાલી હામ,
પ્રભાવતીને પ્રિતે પરણ્યા જીતી રણસંગ્રામ. તખ્તસિંહ. ૧
અનેક સંકટ સહ્યાંછે આપે કહેતાં નાવે પાર,
ક્ષત્રિવટમાં તુજ સમ શૂરો બીજો નહીં થાનાર. તખ્તસિંહ. ૨
ધન્ય ધન્ય પ્રભાવતી તુજને નિસકલંકી નાર,
દુઃખ પડતાં શીયળ ન છોડયું ધન્ય સતી અવતાર. તખ્તસિંહ ૩

સોદાગરનું રૂપ ધરીને રીઝાવ્યો રાજન,
પ્રાણધારનો પતો લીધો વાહ રામસિંહ તન. તખ્તસિંહ. ૪
આર્યભુમિ હું નમન કરૂંછું ધન્ય માળવો દેશ,
સ્વરૂપ તેં સતીઓ પકવી વળી તેવાજ નરેશ. તખ્તસિંહ. ૫

વિદુશક—(પ્રવેશ કરીને) વાહવાહ સુત્રધાર આજ આ સતી ચરિત્ર જોઈ હું ઘણો ખુશી થયોછું. પણ તને હું બક્ષીસ શું આપું (એમ કહીને અંગપર જુવેછે.) જુઓ આ મારી પાંચ વેંતની લાંબી જીભ તેતો કાંઇ કોઈને અપાતી નથી ને આ મારો બહુરૂપી પોષાક તે પણ આવા નવા નવા ખેલ દેખાડેછે તેથી કરીને તે પણ અપાય નહીં, બાકી હું બાર વર્ષે બે અગીઆરસ કરૂંછું તેમાંથી એક પખનું પુન્ય તને દઉંછું; કેમકે તું હમેશ આવા કામમાં રહેછે, તેથી વધારે દર્શતો તારાથી સાચવી શકાશે નહીં.

સુત્રધાર—ભાઈ મારે તારૂં કાંઇ નથી જોઈતું, આપવાવાળો તો એક ઈશ્વર છે, પણ તેં આ નાટક જોઇ કાંઈ અકલ લીધી કે રંગરાગમાં મચી રહ્યો.

વિદુશક—બાપ અમારા કામનું હતું તે અમે સમજી લીધું.

સુત્રધાર—કહે તો ખરો શું સમજ્યો ને શું લીધું?

વિદુશક—ભાઈ ક્ષત્રિનું શુરાતન કેવુંછે તે હું સારી રીતે સમજ્યો. તથા સ્ત્રીએ પોતાનું શિયળ કેવી રીતે સાચવવું તે પણ સમજ્યો. તથા વગર પિછાણવાળા માણસનો એકદમ વિશ્વાસ કરવો નહીં તે પણ સમજ્યો, તથા પોતાનું વચન કદિ મિથ્યા કરવું નહી તે પણ સમજ્યો. તથા અપકારને બદલે ઉપકાર કરવો તે પણ સમજ્યો. તથા નોકરો કેવા જોઇએ તે પણ સમજ્યો, તથા રાજ્ય ચલાવવા રાજાએ કેવા કેવા વિચાર સોચવા તે પણ સમજ્યો, હવે શું રહ્યુ? પરંતુ મારો અભલો ને નબલો તથા તારો રૂખમેંઓ તથા મારી પ્રાણપ્રિયા આ તખ્તસિંહ તથા પ્રભાવતી જેવાં થાય તો કેવું સારૂં?

સુત્રધાર—અરે એવો અનિતીનો આશિરવાદ હોય નહીં આપણે તો સારી ભર્તભુમિનું ભલું ઈચ્છવું જોઇએ સાંભળ.

રાગ કલ્યાણ.

(સર્વે પાત્રો મળીને ગાયછે.)

આર્ય ભુમિનાં આર્ય બંધુઓ,
સદાય સુખમાં રહો મુજ પ્યારા હિન્દુઓ.
આર્ય બંધુનું હિત ચાહીને ભજવ્યો અમે આ ખેલ,
ભુલચુક મુજ માફી કરશો વિગત બીન રગેલ. આસ્ય. ૧
પ્રભાવતી સતીની માફક સરવ નારીઓ થાઓ,
કૂર કર્મ ને કલેશ બુદ્ધિ ભર્તભુમિથી જાઓ. આસ્ય. ૨
તખ્તસિંહની માફક સરવ આર્ય બંધુઓ થાઓ,
નિરમળ મનની ગાનની સાથે સ્નેહ જોડાણું થાઓ. આસ્ય. ૩.
રૈયતનાં રક્ષણ ને માટે નૃપ થાઓ શૂરવીર,
ભર્તભુમિની પ્રજા પાકો સત્યવક્તા સુધીર. આસ્ય. ૪.
સંસારી તો મહાસુખ પામો પતિ પ્યારી સાથ,
સંત સન્યાસી સદા આનંદે રહો ભક્તિ સંગાથ. આસ્ય. ૫.
આ ખેલતણો તો બોધ સંભારી મનમાં ધરશો ટેક,
હિંન્દની હાલત તમે સુધારો રાખીને વિવેક. આસ્ય. ૬.
આજ અમારો ખેલ જોવાને આવ્યા સભાજન.
ઉપકાર તમારો માનું હરખ ધરીને મંન આસ્ય. ૭.
અન્ય ખેલમાં સભાજનો વળી દેશો દર્સનદાન,
સદગૃહસ્થો સ્વધામ પધારો કરો હવે આરામ. આસ્ય. ૮.

સપ્ત અંક સમાપ્ત.

તખ્તસિંહ પ્રભાવતી નાટક સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર સદ્ ગ્રહસ્થોનાં મુબારક નામો.

નકલ.	નામ.
	કવેટા (બલુચીસ્તાન)
૧૦	મહેતા ભગવાનલાલ પ્રેમચંદ ખોડુવાલા.
૩	શેઠ કેખ્શરૂ ડોશાભાઈ મારકર આબકારી કંટ્રાકટર.
૧	મી. પેસ્તનજી દાદાભાઈ ગોલવાલા.
૧	મી. આરદેસર દાદાભાઈ ગોલવાલા.
૧	મહેતા નથુ વાઘજી થાનગઢવાલા.
૧	મહેતા જસરાજ દેવચંદ ટંકારાવાલા.
૧	મહેતા નરશી રવજી.
૧	મી. હારૂન દેવીચંદની કું. કનટ્રાકટર.
૨	ઠકર ભવાન મુલજી કનટ્રાકટર.
૧	ઠકર મોતીલાલ વિ. લાલજી મોરબીવાલા.
૧	શેઠ મહમદઅલી અલીભાઈ મરચંટ કનટ્રાકટર.
૧	વોરા અબદુલઅલી ગુલામઅલી.
૧	અકબરઅલી જીવણજી પાલનપુરવાલા.
૧	વોરા ગુલામઅલી મુલાખાનજી.
૧	મેમણ જકરીઆ અબદુલ રહેમાન કરાચીવાલા.
૧	વોરા હસનઅલી નુરભાઈ રાજકોટવાલા.
૧	મહમદબચલ વલદ ગુલામઅલી ખેરપુરવાલા.
૧	મેમણ અબદુલા હાજીમહમદ કનટ્રાકટર.
૧	અબદુલા હાજી અલારખા.
૨	મેમણ સીધીક અભા ઈશાક.
૧	વોરા ગુલામહુસેન જાફરજી ચાંબારવાલા.
૧	શેઠ કીસનચંદ પરમાનંદ કંદહારી.
૧	મેમણ જુસબ નુરમામદ.
૧	વોરા ગુલામહુસેન નુરભાઈ.
૧	વોરા અબદુલઅલી મુલાં માસુજી.
૧	વોરા હીપતુલાભાઈ મુલા ઈશાજી.
૧	વોરા મહમદઅલી નજરઅલી.
૧	વોરા મહમદઅલી જાફરજી માંડવા

૧ વોરા રજબઅલી મુલાં મહમદઅલી.
૧ વોરા અમીજી જીવણજી મરચંટ.
૧ વોરા મહમદઅલી જાફરજી છેડાવાળા.
૧ જાદવજી ખીમજી મરચંટ.
૧ મહેતાજી પ્રેમજી રૂપા. } સાયલાવાળા.
૧ મહેતાજી પીતાંબર રૂપા. }
૧ મીસ્ત્રી દેવશી મેઘજી.
૧ મોચી સુંદરજી લાધા.
૧ મીસ્ત્રી ઘેલા હરદાસ.
૧ મહેતાજી સોમચંદ ગોવિંદજી ખોડુવાલા.
૧ લારન મહમદ મોલેદીનાણી.

કરાચીબંદર.

૧ ખોજા ભીમજી પેથાભાઇ તથા લાલજી જમાલભાઈ.
૧ જાડેજા શ્રી અખુભા ગોવિંદજી સાતુદડવાળા.
૧ પરી જલદેવ ત્રીકાસા.
૧ શાહ લલુભાઇ કસ્તુરદાસ શરાફ.
૧ પરી ત્રીભોવનદાસ ચકલદાસ શરાફ.

ખોડુ (કાઠિઆવાડ.)

૫ શાહ કલ્યાણજી ખેતસી.
૨ શાહ છગનલાલ પ્રેમચંદ.
૧ સંઘવી છગનલાલ વસ્તા.

જુનાગઢ.

૨ પારેખ ગોવિંદજી નાનજી બુકશેલર.
૧ દીવાન સાહેબની ઓફીસ.
૧ શેઠ હરખચંદ જેચંદ.

દાણુ ારાહુ.

૧ વોરા નથુ વેલજી.

થાણા.

૧ આસીસ્ટંટ માસ્તર સોમેશ્વર હરખરામ.

રાધનપુર.

૧ ગાંધી મોહનલાલ ઊજમચંદ.

ઝીંઝુવાડા (ગુજરાત.)

૧૪ વોરા જેઠીદાસ લખમીચંદની મારફત.
૧ વોરા ઠાકા સુંદરજી.
૧ વોરા પરસોતમ કાનજી.
૧ વોરા ઝુંઝા તેજપાલ.
૧ વોરા અમરશી હડુ.
૧ વોરા નાગર જુઠા.
૧ વોરા પોપટ મુલચંદ.
૧ દોશી દલા લવજી.

૧ કપાશી દેવચંદ ભવાન.

૧ શાહ નથુ ટોકર.

૧ રાયટર કેશવલાલ.

૧ સોની લીલાધર જેઠા.

૧ શાહ દેવકરણ નથુ.

૧ ઠાકોરશ્રી લખુજી.

૧ ઠાકોરશ્રી પરથારભાઈ.

વઢવાણ-સીટી.

૧ સંઘવી કેશવલાલ છગનલાલ.

સાયલા.

૧ પરી જશરાજ અમીચંદ.

૧ પરી વ્રજલાલ માધવજી.

ધ્રાંગધ્રા.

૧ રા. રા. દેવશંકર ફુલશંકર.

ઇડર.

૧૦ મહારાજાધિરાજ કેશરસિંહજી બહાદુર.

ધરમપુર.

૨ મહારાણાશ્રી બલદેવજી નારાયણદેવજી,

૨ શ્રીમંત મહારાણાશ્રી મોહનદેવજી.

જાંબુઘોડા.

૧ જાની છોટાલાલ ભગવાનજી સ્ટેટ અને રાજગોર.

ખંભાત.

૧ રા. બા. દિવાન કેશવલાલ હીરાલાલ,

ભડકવા.

૧ કુમારશ્રી હરીસિંહજી ગજસિંહજી.

કોચીન (મલબાર કોસ્ટ.)

૧ શાહ કલ્યાણજી રામજી મરચંટ.

રોહીશાલા.

૧ શાહ છગન ગોબર.

૧ કોઠારી મોહન ઘેલા.

કોલંબો (સીલોન) લંકા.

૨ મી. હુસેનભાઈ ઇસમાઇલજી મરચંટ.

અમદાવાદ.

૧ મગનલાલ અમૃતલાલ.

ગાળા (મચ્છુકાંઠા.)

૧ શાહ ફુલચંદ વીરજી.

૧ શાહ કુંવરજી વીરજી.

૧ શાહ ખીમચંદ વીરજી.

૩ ટોળીઆ દેવકરણ પાનાચંદ.

૧ ટોળીઆ વખતચંદ પાનાચંદ,

૧ મહેતાજી હરજીવન ઠાકરશી.

જરવાલા.

૧ ગોહેલશ્રી ખોડાભાઈ તખ્તસિંહજી તાલુકદાર.

૧ કુમારશ્રી રાયસિંહજી દાદભા.

ચુડા.

૧ શાહ તારાચંદ મુલચંદ.

૧ શાહ રામજી માણેકચંદ.

૧ કોઠારી સુખલાલ રતનશી.

૧ ચાવડા રણછોડ લઘુભાઈ.

૧ માલુ નાનજી.

આગ્રા-કોર્ટ.

૧ શ્રીમંત પરમહંસ સ્વામી સહેજાનંદ સરસ્વતી.

ચડાસણા.

૧૦ શાહ ગુલાબચંદ નાગજી સીયાણીવાળા.

કોઠારીઆ.

૧ કુમારશ્રી હરીસિંહજી જેઠીજી,

અમરેલી.

૧ ગીરધર ભગવાન સાધુ.

૧ રણછોડ બળવંત ભગોડ,

૧ માધવરાવ સખારામ સંત.

૧ ત્રીભોવનદાસ વિ. કાનજી.

૧ દેવચંદ પીતાંબર પોલીસ હવાલદાર.

ભરાડા.

૧ રાણાશ્રી મોહોબતસિંહજી મદારસિંહજી.

૧ મહેતાજી મહાશંકર લાલજી આસીસ્ટંટ માસ્તર.

ડાંઠા.

૭ આણંદજી ગલાભાઈની મારફત.

૧ જમનાબાઈ થાણા કારકુન આણંદજી ગલાભાઈની પત્ની.

૧ રા. રા. જદુરામ ગગજી કારભારી.

૧ દલાલ રામપ્રસાદ માતાદીન.

૧ ખાનજહાન મીયાં નથુ મીયાં થાણા નાયક.

૧ જોશી લઘુ માવજી.

૧ રા. રા. હરજીવન ગવરીશંકર પો. પટેલ.

૧ રા. રા. કલ્યાણજી મોતીચંદ કબજેદાર.

મુલી.

૧ રા. રા. નથુભાઈ સવજી વકીલ.

૧ પરમાર હમલસિંહજી અમાભાઈ.

૧ પરમાર કશીઆભાઈ અસુભાઈ.

૧ રા. રા. મણીલાલ સવજી.

મોટા અંકેવાલીઆ.

૧ રા. રા. નાથાલાલ જેઠાભાઇ સ. ગુ. નિશાળના મહેતાજી.

રાજચરાડી.

૫ પારેખ પાનાચંદ હીરાચંદ થાનગઢવાલા.

સોયઠા (વાયા રાણપુર.)

૧ કોઠારી ફુલચંદ ખીમજી.

૧ સુતાર ભગવાન પીતાંબર.

૧ કોઠારી સુખલાલ સુંદરજી.

બરવાલા.

૧ દોશી વનમાલી માધવજી.

વડોદરા.

૧ બલવંત રામરાય.

સીવપુર.

૨ લક્ષ્મીશંકર ગીરજાશંકર.

૧ ભવાનીરામ મનસુખરામ.

ધોરાજી.

૧ શેઠ ધારસી મુળજી.

ભાવનગર.

૧ શંભુપ્રસાદ ભોલાનાથ.

૧ ઠક્કર માધવજી લવજી.

૧ ઠક્કર મોતી હકા.

મુંબઇબંદર.

૧ શેઠ રતનશી બહેરામજી ભાવનગરીઆ.

૨ શાહ નરોતમદાસ નગીનદાસ.

૨ મેતા મોતીચંદ વલભદાસ.

૨ વોહોરા ત્રંબકલાલ છોટાભાઈ.

૧ પારેખ ભુખણદાસ મોતીલાલ.

૧ ઠક્કર વશરામ લધા.

૧ ઠક્કર અલીભાઈ સંઘજી.

૨ દરજી મોતી કુબેર

૧ દરજી બેચર મુલજી.

૧ દરજી નારાણ રાજા.

સોના જેવી અમુલ્ય તક!!

સસતી કીમતે અમુલ્ય બોધદાયક ગ્રંથ

મોતીચંદ કસ્તુરાવતી સ્ત્રી ચરીત્ર.

ત્રી નાટક અંકી.

(જેની અંદર આવા વિષયનો સમાવેશ કીધેલો છે.)

આ નામનો ગ્રંથ નાટકની રાગરાગણીમાં ગદ્ય અને પદ્યમાં આરામ તરફથી થોડી મુદતમાં બાહાર પડશે, જે ઊંચા કાગલ અને સુંદર ટાઈપથી રંગીન પુંઠાનું સોળપેજી એકસો પૃષ્ટનું સુંદર પુસ્તક થશે.

સ્ત્રી પુરૂષમાં કુસંપ, કુબુધી પેદા થવાના મુખ્ય કારણોનું પુસ્તક તો તેવા કલેસરૂપી નીચ કૃતથી દુર રહેવાને આ પુસ્તક પુરેપુરો ઉત્તમ બોધ આપનાર છે, તેમાં નીચેના વિષયનો સમાવેશ કરવામાં આવ્યોછે.

૧ હલકી બુધીના નોકરથી થતી ખરાબી, ૨ સીયળ ભંગ વિલાપ, ૩ સ્ત્રી ચરીત્ર લીલા, ૪ પરત્રિયા પુરી પ્યારી તો મૃત્યુ નીશ્ચે ધારી, ૫ પાપનો ઘડો ભરાયા પછી કેમ ફુટે, ૬ પાછળથી વિચાર તે પસ્તાવાનો બાહાર, ૭ સ્ત્રી સાથે કેમ વર્તવું, ૮ સ્ત્રી ચરીત્ર કેવું હોય, ૯ પર પુરૂષની યારી તો એક રોજ ખુવારી, ૧૦ પુરૂષના વાહાલ આગળ સ્ત્રીની ચાલ, ૧૧ સ્ત્રી પુરૂષને સુબોધ શીખામણ, ૧૨ દીલમાં રાખે સાચતો નાવે ઉની આંચ, વીગેરે બાબતોનો હાસ્ય રસ તેમ કરૂણા રસથી આબેહુબ ચીતાર બતાવવામાં આવ્યો છે.

આ ગ્રંથ એક વખત વાંચવા લેશો તો તેને સંપુરણ કરયા વિના મુકી દેવાની મરજી નહીં થાય તેવીજ કાવ્ય રચના રચેલ છે, માટે પ્રીય વાંચકો આ પુસ્તક ખરીદો, બાઈઓ તથા ભાઈઓને વાંચી વંચાવી બોધ આપો કે જેથી ઉધરતી પ્રજા સતનીતી ઉપર સ્નેહ ધરાવી નીચ કામથી દુર રહી પોતાની જીંન્દગી સુખમાં ગુજારે માટે મારો પણ તેવોજ વિચાર હોવાથી આ પુસ્તક બાહાર પાડવા ઉમેદ ધારીછે.

વધારે વિગત માટે કર્તાને પત્ર લખી પુછાવવું.

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર સાહેબોના મુબારક નામો આ ગ્રંથની પછાડી અમર (દાખલ) કરવામાં આવશે, ને કીમત ચોપડી ૧ના આના ૭ લેવામાં આવશે તેમાં પોસ્ટ ખરચ માફ ને પાછલથી કીમત આના ૧૨ પડશે, તેમ જે ગ્રાહકના પૈસા અગાઉથી નહીં આવશે તેને વેલ્યુપેબલથી મોકલવામાં આવશે તો વેલ્યુપેબલ તથા પોસ્ટ ખરચ મગાવનારને ભરવું પડશે તેમજ દશ કોપી સાથે ખરીદનારને એક કાપી વધારે મલશે.

સુજ્ઞ જનો-વિચાર કરો કે આટલી જુજ કીમતમાં કદિપણુ આવું બોધદાયક પુસ્તક બહાર પડ્યુંછે? માટે વીચાર કરી જલદી નામો નોંધાવી આ પુસ્તકની એક કાપી તો જરૂર ખરીદો, કીમત પુસ્તક જોતાં બીલકુલ નજીવી રાખવામાં આવીછે. માટે નામ નોંધાવાને વાર કરો નહીં, કેમકે બીલકુલ થોડી મુદતમાંજ છપાઈ બહાર પડશે.

આ પુસ્તક નવાનવા રાગોથી રચવામાં આવેલુંછે, તેમજ આ પુસ્તક હજુ સૂધી કોઈની તરફથી બાહાર પડયું નથી. તદન નવીન પુસ્તક નવલ ને સુબોધ કહાણીનો ભંડાર છે. માટે ખરીદો, ખરીદો, ખરીદો, થોડા ખરચમાં અમુલ્ય લાભ ! !

સુજ્ઞજનો સુખનો વધારો કરી કલેશને કાપવા માગતાહો તો નીચેના સરનામે પત્ર લખી મંગાવો.

જીલ્લા-બલુચીસ્તાન
મુ. કવેટા-QUETTA

મહેતાજી રણછોડ ગોર્વીંદજી,
તખ્તસિંહ પ્રભાવતીના કર્તા.

જાહેર ખબર.

આ પુસ્તક (તખ્તસિંહ પ્રભાવતી નાટક) જે સાહેબોને જોઈતું હોય તેઓએ રોકડી કીમતે અગર વેલ્યુપેબલથી નીચે લખેલે ઠેકાણેથી મંગાવી લેવું.

ક્વેટા—(જિલ્લા બલુચિસ્તાન.)

મેહેતાજી રણછોડ ગોવિંદજી શાહ,

ઠે. મોગલ મારકીટ પાસે.

મુરી—શાહ પુરૂષોત્તમ ડાહ્યાભાઈ પાસે.

જુનાગઢ—ગોવિંદજી નાનજી બુકસેલર.

કરાચી—આર્યન્ પ્રિન્ટિંગ પ્રેસમાંથી.

લખીતંગ. [redacted] કર્તા.